**સુવિચાર**

વ્યક્તિએ છેલ્લા શ્વાસ સુધી પ્રયત્ન કરવો જોઈએ, કાં તો લક્ષ્ય પ્રાપ્ત થશે અથવા અનુભવ બંને સારો છે

# સમય મિરર

SAMAY MIRROR (MORNING DAILY)

samaymirror@gmail.com

RETAIL SELLING PRICE Rs. 3 ■ ANNUAL SUBSCRIPTION Rs. 900 ■ LANGUAGE : GUJARATI

RNI NO:-GUJGUJ/2022/84575

Year-3, Issue-218 ■ DATE : 18-6-2025 ■ WEDNESDAY ■ Page-10 ■ જેઠ વદ ૭, વિક્રમ સંવત-2081

■ OWNER : ZALA PRADIPSINH GHANSHYAMSINH ■ EDITOR, PRINTER & PUBLISHER : HINESH PRAVINBHAI PANCHOLI ■ MANAGING EDITOR : ZALA PRADIPSINH GHANSHYAMSINH

■ PLACE OF PUBLICATION : 201, JALARAM ASSOCIATE, 20- NEW JAGNATH, DR. YAGNIK ROAD, RAJKOT-360001 (GUJARAT) ■ PRINTED AT SANJ MEDIA SANJ SAMACHAR CORPORATE HOUSE KASTURBA ROAD, NEAR SHARDA BAUG, RAJKOT-360001




# અમદાવાદથી લંડન જતી ફ્લાઈટ રદ થતાં મુસાફરો ઠેબે ચડી ગયા

**સમય મિરર | અમદાવાદ**

અમદાવાદમાં ૧૨મી જૂને લંડન જતું એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થયું હતું, જેમાં ૨૭૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યો છે. મંગળવારે ૧૭મી જૂનેઅમદાવાદથી લંડન જતી એર ઈન્ડિયાની વધુ એક ફ્લાઇટમાં ટેકનિકલ ખામી સર્જાતા તેને રદ કરી છે. આ ફ્લાઈટ બપોરે ૧:૧૦ વાગ્યે અમદાવાદથી લંડન જવા માટે ટેક-ઓફ થવાની હતી. આ ફ્લાઇટ રદ થવાને કારણે મુસાફરો એરપોર્ટ પર અટવાયા હતાં.

મળતી માહિતી અનુસાર, એર ઈન્ડિયાની ફ્લાઇટ નંબર AI ૧૫૯ મંગળવારે બપોરે ૧:૧૦ વાગ્યે અમદાવાદથી લંડન માટે ટેક-ઓફ થવાની હતી. પરંતુ ટેક-ઓફના માત્ર થોડાક કલાકો પહેલાં આ ફ્લાઇટમાં ટેકનિકલ ખામી જણાતા તેને રદ કરવી પડી હતી. આ ફ્લાઇટ રદ થવાને કારણે મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડ્યો છે.

અમદાવાદ પ્લેન ક્રેશ બાદ ફ્લાઈટમાં મુસાફરી કરતાં લોકોમાં ભયનો માહોલ છે ત્યારે એર ઈન્ડિયાના વિમાનોમાં એક બાદ એક ખામી સર્જાવવાની ઘટના પ્રકાશમાં આવી રહી છે. એવામાં મુંબઈથી અમદાવાદ આવી રહેલી ફ્લાઈટ AI૨૪૯૩ રદ કરવી પડી હતી.

ફ્લાઇટ ટેક-ઓફના માત્ર થોડાક કલાકો પહેલાં જ આ ટેક્નિકલ ખામી ધ્યાનમાં આવી હતી. સદનસીબે, સમયસર આ ખામી પકડાઈ જતાં મોટી દુર્ઘટના ટળી છે અને બધા યાત્રીઓના જીવ બચી ગયા, જોકે આ ફ્લાઇટ રદ થવાને કારણે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે. લંડન જવા નીકળેલા અનેક યાત્રીઓ એરપોર્ટ પર જ અટવાઈ પડ્યા હતા.

આર્ની ખ્રિસ્ચિયને જણાવ્યું કે, અમે ૧૪ તારીખ માટે ફ્લાઈટ બુક કરી હતી તો ૧૩ તારીખે મેઈલ આવ્યો હતો કે, તમારી ફ્લાઈટ કેન્સલ થઈ છે. અમે એર ઈન્ડિયામાં કોલ કર્યો તો ૧૫-૨૦ મિનિટ તો અમારે જવાબ માટે રાહ જોવી પડી. કોઈ કોલ ઉપાડે નહી કે જવાબ ન આપે. પછી ફોન ઉપાડ્યો ત્યારે એવું કહેવામાં આવ્યું કે, તમારે ફ્લાઈટ ૧૭ જૂન માટે રિશેડ્યુલ કરવી પડશે. આજે સવારે ૧૦ વાગ્યે ઈ-મેઈલ આવ્યો કે, તમારી ફ્લાઈટ કેન્સલ થઈ છે. અત્યારે અમને ૧૯ જૂનની ફ્લાઈટ આપવામાં આવે છે પણ શું એરલાઈન્સ અમને ગેરંટી આપશે કે, ૧૯ જૂનની ફ્લાઈટમાં અમે બેસી શકીશું. અમારે લંડનમાં અમારી જોબ ચાલુ થઈ ગઈ છે. અમારે ત્યાં રોજ ઈ-મેઈલ કરીને મેનેજરને જવાબ આપવા પડે છે. આના કારણે અમારુ ભવિષ્ય અમારી નોકરી દાવ પર લાગી છે. પ્લેન ક્રેશ દુર્ઘટના બાદ અમદાવાદથી લંડન જતી એર ઈન્ડિયાની આ સતત બીજી ફ્લાઈટ છે, જેને રદ કરવી પડી છે. અગાઉ પણ એક ફ્લાઈટમાં ખામી સર્જાતાં એને રદ કરવામાં આવી હતી.




## ફ્લાઈટ નંબર 171નો ઉપયોગ નહિ કરે એર ઈન્ડિયા

એર ઈન્ડિયા એક્સપ્રેસે નિર્ણય લીધો છે કે હવે તેઓ ફ્લાઈટ નંબર ૧૭૧નો ઉપયોગ નહિ કરે અને હવે ફ્લાઈટનો નંબર ૧૫૯ અપાયો છે. આ નિર્ણય તાજેતરમાં અમદાવાદ પ્લેન ક્રેશની દુર્ઘટના બાદ લેવામાં આવ્યો છે, જેમાં ૨૪૧ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યા છે.ગત રાત્રે પણ મુંબઈના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર બીજી દુર્ઘટના થતાં રહી ગઈગત રાત્રે પણ મુંબઈ એરપોર્ટ પર જ એર ઇન્ડિયાની લગભગ ૪ ફ્લાઇટમાં ટેક્નિકલ ખામી બહાર આવી હતી. અનેક પેસેન્જરોએ હોબાળો મચાવી એર ઈન્ડિયાના સ્ટાફ સામે પોતાનો ગુસ્સો ઠાલવ્યો. હજી અમદાવાદ-લંડનની ફ્લાઈટ ક્રેશ થઇને અનેક લોકો મોતને ભેટ્યા એ સમાચાર હજી ભુલાયા નથી ત્યારે ગત રાત્રે મુંબઈના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર બીજી દુર્ઘટના થતાં રહી ગઈ.

## દિલ્હી-વડોદરાની ફ્લાઈટ વારંવાર રીશિડ્યુલ કરતા હોબાળો

તાજેતરમાં જ અમદાવાદથી લંડનની એર ઇન્ડિયાની પ્લેન ક્રેશ દુર્ઘટનાએ આખા દેશને હચમચાવી દીધો છે, ત્યારે મુસાફરો સહિત અનેક લોકોમાં એર ઇન્ડિયા સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ૧૬ જૂનના રોજ દિલ્હીથી વડોદરા આવતી એર ઇન્ડિયાની ફ્લાઈટમાં આવનાર મુસાફરોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. કારણ કે, તેઓના નિર્ધારિત સમય કરતા ફ્લાઈટ બે કલાક લેટ થતાં દિલ્હીમાં મુસાફરોએ હોબાળો મચાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ગત રોજ આ ફ્લાઈટ દિલ્હીથી ટેકઓફ થયા બાદ કોઈ કારણોસર પરત દિલ્હી લેન્ડિંગ કરાઈ હતી જેથી મુસાફરો મોડી રાત સુધી હેરાન પરેશાન થયા હતા. દિલ્હીથી વડોદરા આવી રહેલી એર ઇન્ડિયાની ફ્લાઈટ AI૮૧૯ સમયસર ન હોવાથી મુસાફરોએ દિલ્હી એરપોર્ટ પર હોબાળો મચાવ્યો હતો. મુસાફરોને બોર્ડિંગ પૂર્વે ટેમ્પરેચર અને પાયલોટ ન હોવાનું કહી ફ્લાઈટ વારંવાર રિશિડ્યુલ કરવામાં આવી હતી. ત્યારે મુસાફરો એકત્રિત થઈ દિલ્હી એરપોર્ટ પર હોબાળો મચાવ્યો હતો.

## 24 કલાકમાં 4 ફ્લાઈટ કેન્સલ

અમદાવાદમાં એર ઈન્ડિયાનુ વિમાન ક્રેશ થયુ તે બાદ ફ્લાઇટને લઈને સમાચારો વધારે સામે આવી રહ્યા છે. મોટા ભાગની ફ્લાઇટ કેન્સલ થઇ રહી છે તો કેટલીક ફ્લાઇટને તો અધવચ્ચેથી જ પરત લાવવી પડી રહી છે. અમદાવાદ પ્લેન ક્રેશનું ચોક્કસ કારણ તો સામે આવ્યું નથી પરંતુ આ ઘટના બાદ લાગે છે કે ફ્લાઈટ સંચાલકો હવે બરાબર ફ્લાઇટના ટેક્નિકલ પાસાને ચેક કરી રહ્યા છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં જ એક જ દિવસમાં ૪ ફ્લાઇટમાં ખામી હોવાનું સામે આવ્યું જ્યારે એર ઇન્ડિયાની વધુ એક ફ્લાઇટ કેન્સલ કરી હોવાનું સામે આવ્યું છે. હાલ દિલ્હીથી પેરિસ જતી એર ઇન્ડિયાની ફ્લાઇટ કેન્સલ કરવામાં આવી છે. એર ઇન્ડિયાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ૧૭ જૂનના રોજ દિલ્હીથી પેરિસ જતી ફ્લાઇટ AI૧૪૩ રદ કરવામાં આવી છે.

# એર ઈન્ડિયાની સાનફ્રાન્સિસ્કોથી આવતી ફ્લાઈટમાં અધ્ધવચ્ચે ધુમાડો

## ટેકનિકલ ખામીથી કલકત્તા ધરાર ઉતરણ કરવું પડ્યું : પ્રવાસીઓએ દેકારો મચાવ્યો

**સમય મિરર | કોલકત્તા**

એર ઇન્ડિયાની વધુ એક ફ્લાઇટમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી. સાનફ્રાન્સિસ્કોથી મુંબઈ આવતી ફ્લાઈટમાં ખામી સર્જાતા મુસાફરોને કોલકાતા એરપોર્ટ પર ઉતારી દેવામાં આવ્યા. આ ઘટના મંગળવારે સવારે બની હતી જ્યારે વિમાન સમયસર ૧૨:૪૫ વાગ્યે કોલકાતા પહોંચ્યું હતું.

મળતી માહિતી મુજબ, AI૧૮૦ વિમાનના ડાબા એન્જિનમાં ટેકનિકલ ખામીને કારણે ફ્લાઈટનું ઇમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યુ હતું. ફ્લાઈટે ઉડાન ભર્યાના લગભગ ૯૦ મિનિટ પછી પાઈલટને ટેકનિકલ સમસ્યા ધ્યાનમાં આવતા કોલકાતા એરપોર્ટ પર ઇમરજન્સી લેન્ડિંગ કર્યું.

સાનફ્રાન્સિસ્કોથી મુંબઈ જતી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં સવારે લગભગ ૫:૨૦ વાગ્યે ટેકનિકલ ખામી સર્જાઈ હતી. જેના કારણે ફ્લાઈટ રદ કરવામાં આવી. મુસાફરોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું ફ્લાઈટ કેપ્ટન દ્વારા જણાવવામાં આવ્યું હતું. આ ટેકનિકલ ખામી વિમાનના ડાબા એન્જિનમાં થઈ હતી. ગ્રાઉન્ડ સ્ટાફ દ્વારા વિમાનની તપાસણી કરવામાં આવી. જેમાં એન્જિમાં ખામી હોવાનું સામે આવ્યું.



એરઇન્ડિયાની વધુ એક ફ્લાઈટમાં ખામી સર્જાતા વિમાન એરપોર્ટ પર જ પાર્ક કરવામાં આવ્યું હતું. ફ્લાઈટ રદ થતા મુસાફરો રઝળી પડ્યા. જો કે ટેકનિકલ ખામીના કારણે ફ્લાઈટ ટેક ઓફ ના કરતા મોટી દુર્ઘટના ટળી. જણાવી દઈએ કે હાલમાં અમદાવાદમાં એર ઈન્ડિયાનું પ્લેન ક્રેશ ઘટનામાં મોટી જાનહાનિ થઈ હતી. જેના બાદ સોમવારે, હોંગકોંગથી નવી દિલ્હી જઈ રહેલી એર ઈન્ડિયાની બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર ફ્લાઈટને ટેકનિકલ ખામી હોવાની શંકાના કારણે હોંગકોંગ પરત ફર્યું હતું. ફ્લાઈટ ૨૨,૦૦૦ ફૂટની ઊંચાઈ સુધી ઉડાન ભરી હતી, પરંતુ સાવચેતી રૂપે, પાયલોટે બપોરે ૧:૧૫ વાગ્યે (સ્થાનિક સમય) પ્લેનને હોંગકોંગમાં સુરક્ષિત રીતે લેન્ડ કરાવ્યું. પ્લેનમાં શું ટેકનિકલ ખામી હતી? તે હજુ સ્પષ્ટ નથી.

# મુંબઈની બે બ્રાન્ડેડ સ્કૂલોને બોમ્બથી ઉડાડી દેવાની ધમકી

## અગાઉ અમેરિકી વાણિજ્ય દૂતાવાસમાં પણ આવી મળી હતી ધમકી

**સમય મિરર | નવી દિલ્હી**

મહારાષ્ટ્રના મુંબઈમાં બે પ્રખ્યાત સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા હડકંપ મચ્યો છે. સ્કૂલ પ્રશાસનને સોમવારે ધમકી ભર્યો ઈમેઇલ મળ્યો હતો. જે બાદ પોલીસને તેની સૂચના આપતા પોલીસ સ્થળ પર પહોંચી હતી. પૂછપરછ અને તપાસ કરતા કોઇ શંકાસ્પદ વસ્તુ કે વિસ્ફોટક સામગ્રી મળી આવી નહીં.

મુંબઇના દેવનાર સ્થિતિ કનાકિયા ઈન્ટરનેશનલ સ્કૂલ અને કાંદિવલીથી સમતાનગર સ્થિત રાયન ઈન્ટરનેશનલ સ્કૂલને ધમકી ભર્યો ઈમેઇલ મળ્યો હતો. પોલીસે મામલો ગંભીર જણાતા દેવનાર અને સમતાનગર પોલીસ સ્ટેશનમાં અજાણી વ્યક્તિ વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. પોલીસે હવે ઈમેઇલ મોકલનારની તપાસમાં વ્યસ્ત બની છે.

મુંબઇ પોલીસે અફવા પર ધ્યાન ન આપવા સ્થાનિક લોકોને અપીલ કરી છે. જો કોઇ શંકાસ્પદ જણાય તો પોલીસને સંપર્ક કરવા માટે કહ્યુ છે. સ્કૂલ પ્રશા,ને શિક્ષકો અને બાળકોને સતર્ક રહેવાની સલાહ આપી છે. ત્યારે શાળાને આ પ્રકારની ધમકી મળતા પેરેન્ટસ પણ ચિંતિત છે.

આ પ્રકારની ધમકી પહેલા પણ મળી હતી. બીકેસી સ્થિતિ અમેરિકી વાણિજ્ય દૂતાવાસને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકીમળી હતી. હવે સ્કૂલોને મળેલા આ નવા ઈમેલથી પ્રશાસનની ચિંતા વધી છે. બાળકોને સુરક્ષાને લઈને માતા પિતાએ સ્કૂલોનો સંપર્ક કર્યો અને આશ્વાસન માંગવામાં આવ્યું કે સુરક્ષાની દ્રષ્ટિએ કોઇ પણ પ્રકારની ઢિલાશ ન દાખવે. આ ઉપરાંત મીરા ભાયંદર વિસ્તારમાં પણ બે ઈન્ટરનેશનલ સ્કૂલોને ધમકી ભર્યા ઈમેઇલ મળ્યા છે. જો કે કંઇ સંદિગ્ધ વસ્તુઓ મળી આવી નથી.

**તમામ આરોપીની ધરપકડ : સહાધ્યાચીક સાથે બીચ પર જતા ભોગ બની**

# ઓડિશાના ગોપાલપુર બીચ પર વિદ્યાર્થીની પર 10 શખ્સનો ગેંગરેપ

**સમય મિરર | ભુવનેશ્વર**

ઓડિશાના ગંજામ જિલ્લામાં ગોપાલપુર બીચ નજીક એક યુવતી પર સામૂહિક દુષ્કર્મના આરોપમાં ૧૦ જણાની ધરપકડ કરવામાં આવી છે. આ ઘટના એવા સમયે બની હોવાનું કહેવાય છે જ્યારે યુવતી તેના પુરુષ મિત્ર સાથે બીચની મુલાકાતે ગઈ હતી. ઓડિશા પોલીસના જણાવ્યા અનુસાર તમામ આરોપીઓ હિંજિલીકટ વિસ્તારના છે. આરોપીઓએ રવિવારે રાત્રે લગભગ ૮:૩૦ વાગ્યે ગોપાલપુર બીચ પર યુવતી અને તેના પુરુષ મિત્રને એકાંત સ્થળે બેઠેલા જોઈને કથિત રીતે યુવતી પર સામૂહિક દુષ્કર્મ કર્યું. આ ઘટના અંગે X હેન્ડલ પર પોસ્ટ કરતાં નાયબ મુખ્યમંત્રી પ્રવતી પરિડાએ લખ્યું, ગોપાલપુર બીચ પર એક યુવતી પર થયેલા સામૂહિક દુષ્કર્મની ઘટનાથી હું ખૂબ જ દુખી છું. અત્યાર સુધી ૧૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે. મેં આ ઘટના અંગે SP સાથે વાત કરી છે અને સંપૂર્ણ તપાસ તેમજ ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે જરૂરી પગલાં લેવાનો આદેશ આપ્યો છે.

અહેવાલ અનુસાર આરોપીઓએ યુવતીના પુરુષ મિત્રને બાંધી દીધો, તેની સાથે મારપીટ કરી અને તેઓ બંને તેમનું કહેલું નહીં માને તો બંનેના ફોટા પાડીને તેમને વાયરલ કરવાની ધમકી આપી હતી. આરોપીઓએ કથિત રીતે યુવતીને



એક બાજુ લઈ જઈને તેના પર દુષ્કર્મ કર્યું અને પછી ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા. પોલીસે જણાવ્યું કે આરોપીઓએ યુવતીના મિત્રને દૂર ખેંચીને બાંધી દીધો હતો જ્યારે અન્ય લોકોએ વારાફરતી યુવતી પર દુષ્કર્મ કર્યું. પોલીસના જણાવ્યા અનુસાર દુષ્કર્મનો ભોગ બનેલી યુવતી નજીકના જિલ્લાની કોલેજની વિદ્યાર્થિની છે અને તે બેરહામપુરમાં ખાનગી મેસમાં રહેતી હતી. તે તેના સહાધ્યાયી પુરુષ મિત્ર સાથે બીચ પર ગઈ હતી. ગંજામ જિલ્લાનો ગોપાલપુર બીચ વિસ્તાર દૂર-દૂરથી આવતા પ્રવાસીઓમાં લોકપ્રિય છે અને તે રાજ્યના પ્રખ્યાત બીચ રિસોર્ટ શહેરોમાંનું એક છે. પીડિતાનું તબીબી પરીક્ષણ કરવામાં આવ્યું છે, અને ગુનો કેવી રીતે બન્યો તે જાણવા માટે તપાસ ચાલુ છે.

# ઈરાન યુદ્ધથી ભારતમાં તેલ, સાબુ મોંઘા થશે !

## FMCG કંપનીઓએ યુદ્ધનું કારણ આપી ભાવ વધારવા હીલચાલ શરૂ કરી

**સમય મિરર | નવી દિલ્હી**

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધથી ભારત સહિત વિશ્વના ઘણા દેશોની ચિંતા વધી ગઈ છે. આ યુદ્ધને કારણે રોજિંદા વસ્તુઓના ભાવ વધી શકે છે. આમાં સાબુ, તેલ, બિસ્કિટ વગેરેનો સમાવેશ થાય છે. FMCG કંપનીઓને લાગે છે કે યુદ્ધને કારણે કાચો માલ મોંઘો થઈ શકે છે. જો કાચો માલ મોંઘો થશે, તો માલ બનાવવા માટે વધુ પૈસા ખર્ચ થશે. આનાથી કંપનીઓને નુકસાન થઈ શકે છે. તેમને તેમના માલના ભાવ પણ વધારવા પડી શકે છે. જો આવું થાય, તો સામાન્ય લોકોને રોજિંદા વસ્તુઓ માટે વધુ ચૂકવણી કરવી પડશે.

ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સના કૃષ્ણા ખટવાણીએ જણાવ્યું હતું કે મધ્ય પૂર્વમાં વધતા તણાવને કારણે ક્રૂડ ઓઈલના ભાવ વધી શકે છે. ગોદરેજ કંપની સિન્થોલ સાબુ અને ગુડનાઈટ મચ્છર ભગાડનારનું ઉત્પાદન કરે છે. તેમણે વધુમાં કહ્યું કે આનાથી લોકો માટે વસ્તુઓ ખરીદવામાં મુશ્કેલી પડી શકે છે.

મધ્ય પૂર્વમાં આ યુદ્ધ એવા સમયે શરૂ થયું છે જયારે ગ્રાહક માલ કંપનીઓને લાગતું હતું કે હવે માંગ વધશે. છેલ્લા પાંચ ક્વાર્ટરથી માંગ ઓછી હતી. પરંતુ, ભારતીય રિઝર્વ બેંકે વ્યાજ દરમાં ઘટાડો કર્યો. સરકારે બજેટમાં કર મુક્તિ આપી. ચોમાસુ પણ વહેલું આવ્યું. આ બધા કારણોસર, કંપનીઓને લાગતું હતું કે હવે વસ્તુઓ સારી થશે.

બિસ્લેરી ઈન્ટરનેશનલના ચીફ એક્ઝિક્યુટિવ એન્જેલો જયોર્જે કહ્યું કે મધ્ય પૂર્વના ઉર્જા માળખામાં વિક્ષેપને કારણે, તેલનો પુરવઠો ઘટી શકે છે. બિસ્લેરી પાણીની બોટલ બનાવતી કંપની છે. તેમણે વધુમાં કહ્યું કે આનાથી ક્રૂડ ઓઈલમાંથી બનેલી પેકેજિંગ વસ્તુઓના ભાવમાં વધારો થઈ શકે છે. આનાથી પ્લાસ્ટિક પર ખૂબ નિર્ભર કંપનીઓ માટે મુશ્કેલીઓ ઊભી થશે.

બે અઠવાડિયા પહેલા, બિસ્લેરીએ દુબઈ રિટેલ ચેઈન સાથે ભાગીદારી કરી હતી. આ સાથે, બિસ્લેરી પશ્ચિમી એશિયા અને આફ્રિકામાં તેના ઉત્પાદનોનું ઉત્પાદન, વેચાણ અને વિતરણ કરશે. તે યુએઈથી શરૂ થશે.

કંપનીઓ ઓછામાં ઓછા છ મહિના માટે અગાઉથી વસ્તુઓ ખરીદે છે. પરંતુ, જો તેલના ભાવમાં કોઈ વિક્ષેપ આવે છે, તો કંપનીઓ જે રાહતની અપેક્ષા રાખી રહી હતી તે સમાપ્ત થઈ શકે છે. ખાસ કરીને શહેરી બજારોમાં, જયાં લાંબા સમયથી મંદી છે.

રીઅલ જયુસ બનાવતી કંપની ડાબરના ચીફ એક્ઝિક્યુટિવ મોહિત મલ્હોત્રાએ જણાવ્યું હતું કે તેઓ પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. તેમણે કહ્યું કે છૂટક ખાદ્ય ફુગાવો સાત મહિનાના નીચલા સ્તરે છે. આ વર્ષે ચોમાસુ પણ સારું રહેવાની અપેક્ષા છે.


**રહસ્યના નવા વમળ સર્જતા અમેરિકી રાષ્ટ્રપ્રમુખ : કહ્યું કે સિઝફાયર માટે જતો નથી પણ સમથિંગ બિગ!**

# G7 સભા પડતી મુકીને અચાનક ટ્રમ્પ કેમ પરત થયા?

**સમય મિરર | ઓટાળા**

કેનેડામાં આયોજિત G7 સમિટને અધવચ્ચે જ અધૂરી મૂકી અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વોશિંગ્ટન પરત ફર્યા છે. ટ્રમ્પે પોતાની આ વાપસી પહેલાં જ કંઈક મોટું થવાનો સંકેત આપ્યો છે. તેમણે પોતાની વાપસીનું કારણ મધ્ય-પૂર્વમાં ચાલુ તણાવ આપ્યું છે. જેથી લોકો અટકળો લગાવી રહ્યા છે કે, હવે અમેરિકા ઈરાન વિરૂદ્ધ યુદ્ધમાં ઉતરવાની તૈયારી કરી રહ્યું છે.

ટ્રમ્પે કેનેડામાંથી પરત વોશિંગ્ટન જતી વખતે નિવેદન આપ્યું હતું કે, પ્રશંસા મેળવાની ઈચ્છા રાખતા ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને ભૂલથી કહ્યું છે કે, હું કેનેડામાં G7 શિખર સંમેલન છોડી પરત વોશિંગ્ટન જઈ રહ્યો છું, જેથી ઈરાન- ઈઝરાયલ વચ્ચે સીઝફાયર પર કામ કરી શકું. પરંતુ તે વાત ખોટી છે. તેમને ખબર નથી કે, હું શા માટે વોશિંગ્ટન પરત



ફરી રહ્યો છું. પરંતુ નિશ્ચિત રૂપે સીઝફાયર માટે તો નહીં. તેનાથી પણ કંઈક મોટુ થવાની શક્યતા છે... જાણી જોઈને અથવા અજાણતા ઈમેન્યુઅલ હંમેશા ખોટા જ નિવેદનો આપે છે.

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે છેલ્લા પાંચ દિવસથી યુદ્ધ ચાલી રહ્યુ છે. એવામાં ટ્રમ્પના આ પ્રકારના નિવેદન સંકેત આપી રહ્યા છે, બંને દેશો વચ્ચે વધુ ભયાનક યુદ્ધ થશે. કારણકે, તેમણે સ્પષ્ટતા કરી છે કે, બંને દેશો સીઝફાયર તો કરી રહ્યા નથી. વધુમાં અમેરિકા પણ ઈચ્છતું નથી કે, બંને દેશો વચ્ચે સીઝફાયર થાય. ટ્રમ્પે ઈરાનને ઝૂકવા માટે અનેક અપીલ અને ધમકીઓ આપી છે. પરંતુ ઈરાન ટસનું મસ થઈ રહ્યું નથી. અત્યારસુધી અમેરિકાએ આ યુદ્ધમાં પોતાની દખલગીરી ન હોવાની સ્પષ્ટતા આપી છે. પરંતુ ટ્રમ્પના વર્તમાન નિવેદન પરથી લાગી રહ્યું છે કે, હવે આ યુદ્ધમાં અમેરિકા તટસ્થ રહેવા માગતુ નથી. તે ઈરાન વિરૂદ્ધ કોઈ મોટું પગલું લઈ શકે છે.

G7 સમિટમાં તમામ દેશો ઈઝરાયલને જાહેરમાં સમર્થન આપી રહ્યા છે. ઈરાન પર તણાવ ઘટાડવા પ્રેશર બનાવી રહ્યા છે. G7ના સભ્યોએ ઈરાનને સલાહ આપી છે કે, ઈરાન પરમાણુ હથિયાર બનાવી શકે નહીં. ઈઝરાયલ પોતાના સ્વરક્ષણ માટે પગલાં લેવા હકદાર છે. આ શિખર સંમેલનમાં ઈઝરાયલને જાહેરમાં સમર્થન મળી રહ્યું છે. એવામાં ઈઝરાયલ ઈરાન પર વધુ જોર સાથે હુમલાઓ કરવા સક્ષમ બન્યું છે.

લીંબડી આજુ-બાજુમાં ખેતીની જગ્યા લેવા માટે

મોટા ખાતેદાર બનવાની સુવર્ણ તક

સંપર્ક : શિવરાજભાઈ

૯૧૦૪ ૩૩૩ ૮૮૮

## ધ વર્લ્ડ એરાઉન્ડ

# ટ્રમ્પના હાથમાંથી બ્રિટન સાથેની વ્યાપાર ડીલના પેપર્સ પડી ગયા



ડોનાલ્ડ ટ્રમ્પ અને બ્રિટન વચ્ચેના વ્યાપાર સોદાની ફાઈલના પેપર્સ જમીન પર પડી ગયા, જેને બ્રિટિશ પીએમએ ઉપાડી લીધા. G7 સમિટ દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પ અને યુકેના પીએમ કીર સ્ટારમર વચ્ચે દ્વિપક્ષીય બેઠક થઈ. ટ્રમ્પ પ્રેસને એક બિઝનેસ ડીલ દસ્તાવેજ બતાવી રહ્યા હતા ત્યારે ફાઈલના કેટલાક પાના નીચે પડી ગયા. ટ્રમ્પે સ્ટાર્મરને કહ્યું- માફ કરશો, અહીં થોડો પવન ફૂંકાઈ રહ્યો છે. સ્ટાર્મરે કહ્યું- આ ખૂબ જ મહત્ત્વપૂર્ણ પેપર્સ છે. આ પછી તેઓ નીચે ઝૂક્યા અને પેપર્સ ઉપાડવાનું શરૂ કર્યું. G7 સમિટમાં હાજરી આપવા આવેલા ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના કોટ પર અમેરિકા અને કેનેડાનો ધ્વજ લગાવી દીધો. ખરેખર, ટ્રમ્પ કેનેડાને ૫૧મું રાજ્ય બનાવવા માંગે છે. જોકે, કેનેડા દર વખતે ઈનકાર કરતું રહ્યું છે G7 બેઠક દરમિયાન ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને ઈટાલીના પીએમ મેલોનીને કંઈક નરમાશથી કહ્યું, જેના પર મેલોનીએ ચોંકાવનારી પ્રતિક્રિયા આપી. તેમની પ્રતિક્રિયા અંગે સોશિયલ મીડિયા પર ઘણી ચર્ચા થઈ રહી છે. કેનેડાના કનાનાસ્કિસમાં G7 સમિટ શરૂ થઈ ગઈ છે. પહેલા સત્રમાં ગોળમેજી બેઠક યોજાઈ હતી. કેનેડિયન પીએમએ કહ્યું - અમેરિકા, જર્મની, ફ્રાન્સ, જાપાન, યુનાઈટેડ કિંગડમ અને ઈટાલીના નેતાઓ સાથે બેઠા છે. દુનિયા આપણી તરફ જોઈ રહી છે. આગામી બે દિવસ સુધી આપણે સમિટમાં ખુલ્લી ચર્ચા કરીશું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૬ જૂન ૨૦૨૫ના રોજ સવારે કેનેડાના આલ્બર્ટા પ્રાંતના કેલગરી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પહોંચ્યા. અહીં તેમનું સ્વાગત કરવામાં આવ્યું. પીએમ G7 આઉટરીચ સમિટમાં હાજરી આપશે અને સાથે જ ઘણા વિશ્વ નેતાઓ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. સમિટ શરૂ થવાના ૧૦ દિવસ પહેલા જ ભારતને આમંત્રણ મળ્યું હતું.

# હિમાચલમાં ખીણમાં ૨૦૦ ફૂટ ઉંડે બસ ખાબકી



હિમાચલના મંડીમાં એક દુર્ઘટના બની હોવાનું સામે આવ્યું છે, મંડીમાં એક બસ ખીણમાં પડતા ૨૫ લોકો ઈજાગ્રસ્ત થયા છે. રાહત અને બચાવ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. મળતી માહિતી મુજબ હજી પણ ૩ લોકો ફસાયેલા હોવાનું સામે આવ્યુ છે. જેમાંથી ૨ લોકોના મોત થયા હોવાનું સામે આવ્યુ છે. મળતી માહિતી મુજબ એક ખાનગી બસ ૨૦૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી હતી. આ બસ બલદ્વાડાથી મંડી જઈ રહી હતી. ઘટનાની જાણ થતા જ સ્થાનિકો ઘટના સ્થળે પહોંચ્યા હતા અને બચાવ કામગીરીમાં જોડાઈ ગયા હતા. મુસાફરોને બહાર કાઢીને નજીકની હોસ્પિટલમાં લઈ જવાયા છે. ગંભીર રીતે ઈજાગ્રસ્તોને નેરચૌક મેડિકલ કોલેજ અને સામુહિક સ્વાસ્થ્ય કેન્દ્ર રિવાલસરમાં ભરતી કરાયા છે. મળતી માહિતી મુજબ બસમાં ૨૫થી વધારે મુસાફરો હતો. જાણકારી મુજબ હજુ કેટલાક લોકો ફસાયેલા છે. તેઓને બહાર કાઢવા માટે ક્રેનની મદદ લેવામાં આવી રહી છે. સરકાઘાટ પોલીસ ઘટના સ્થળે પહોંચી છે. રાહત અને બચાવની કામગીરી ચાલી રહી છે. આ દુર્ઘટનાનું કારણ ખરાબ રસ્તા અને ડ્રાઈવરની લાપરવાહી હોવાનું કહેવામાં આવી રહ્યું છે.

# ચૂંટણી ઈફેક્ટ : બિહારમાં બનશે ૬ નવા એરપોર્ટ

કેબિનેટની બેઠકમાં એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. છ નવા શહેરોમાં એરપોર્ટ બનાવવા માટે એક મહત્વના એમઓયુ કરવામાં આવ્યા છે. આ નિર્ણયથી બિહારના ૬ શહેર મધુબની, વીરપુર, મુંગેર, વાલ્મિકીનગર, મુજફ્ફરપુર અને સહરસાને હવાઈ સુવિધા મળશે. આ એમઓયુ ભારતીય વિમાનપતન પ્રાધિકરણ, નવી દિલ્હી અને બિહાર રાજ્ય વચ્ચે થયો છે. જેનાથી શહેરનો વિકાસ ખુબ ઝડપથી થશે. બિહારના છ શહેરમાં નવા એરપોર્ટ બનાવવા માટે સરકારે શરૂઆતના તબક્કામાં ૨૫ કરોડ રૂપિયા પ્રતિ એરપોર્ટ આપવાનો નિર્ણય કર્યો છે. એટલે કે કુલ મળીને ૧૫૦ કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે. હાલના દિવસોમાં બિહારના ઘણા શહેરોમાં એરપોર્ટ બનાવવાની મંજૂરી મળી ગઈ છે. જેનાથી રાજ્યની એર કનેક્ટિવીટીમાં મોટો સુધારો થવાની આશા છે. આ પહેલા બજેટ ૨૦૨૫-૨૬માં રાજગીર, ભાગલપુર, સિવાન અને રક્સોલમાં એરપોર્ટના વિકાસના કાર્યોને મંજૂરી મળી હતી. જેમાં રાજગીરમાં ગ્રીન ફિલ્ડ એરપોર્ટ અને રક્સોલમાં બ્રાઉનફિલ્ડ એરપોર્ટનો સમાવેશ થાય છે. આ સાથે જ બિહટામાં બીજા સિવિલ એન્કલેવને પણ મંજૂરી આપવામાં આવી છે. જે પટના એરપોર્ટની ભીડને ઓછી કરી દેશે. આ પગલુ બિહારના દુરના વિસ્તારોને હવાઈ સુવિધા સાથે જોડવા અને તેના આર્થિક વિકાસને વેગ આપવા માટે છે. એમઓયુ પ્રમાણે ભારતીય વિમાન પતન પ્રાધિકરણ અને બિહાર સરકાર મળીને કામ કરશે. પહેલા આ શહેરમાં જમીનનું સર્વે થશે અને એરપોર્ટ બનવવામાટેની યોજના બનશે. સરકારનું લક્ષ્ય છે કે આવનારા બે વર્ષમાં ઓછામાં ઓછા બે એરપોર્ટ બનવાનું કામ શરૂ થઈ જશે.

# ગોવા શિપયાર્ડનું અચલ નામક જહાજ કરશે સમુદ્રની સુરક્ષા

ગોવા શિપયાર્ડ લિમિટેડએ ભારતીય કોસ્ટ ગાર્ડ માટે બનાવવામાં આવી રહેલા આઠ ફાસ્ટ પેટ્રોલ જહાજોમાંથી એકનું સફળતાપૂર્વક લોન્ચિંગ કર્યું હતું. આ જહાજનું નામ 'અચલ' રાખવામાં આવ્યું છે. આ જહાજ કવિતા હરબોલાએ પરંપરાગત વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે સમુદ્રમાં લોન્ચ કર્યું હતું. આ પ્રસંગે કોસ્ટ ગાર્ડના અધિક મહાનિર્દેશક અનિલ કુમાર હરબોલા સહિત ઘણા વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા. GSL ખાતે ભારતીય કોસ્ટ ગાર્ડ માટે આઠ ઝડપી પેટ્રોલ જહાજો બનાવવામાં આવી રહ્યા છે. આ કરાર ૨૦૨૨ માં કરવામાં આવ્યો હતો. તે ૬૦ ટકાથી વધુ સ્વદેશી સામગ્રી સાથે બનાવવામાં આવી રહ્યું છે. સ્વદેશી સામગ્રીથી રચાયેલ આ જહાજ દરિયાઈ દેખરેખ, સુરક્ષા અને પેટ્રોલિંગમાં મદદ કરશે. તેનું નિર્માણ આત્મનિર્ભરતા તરફ એક મજબૂત પગલું છે. આ જહાજ ભારતમાં જ ડિઝાઇન કરાયું છે અને બનાવવામાં આવ્યું છે. તેના ૬૦% થી વધુ ભાગો દેશમાં બનાવવામાં આવે છે, જેના કારણે તેને આત્મનિર્ભર ભારત તરફ એક મોટું પગલું માનવામાં આવી રહ્યું છે. આ જહાજ ૫૨ મીટર લાંબુ છે અને ૨૭ નોટ (લગભગ ૫૦ કિમી પ્રતિ કલાક) ની ઝડપે મુસાફરી કરી શકે છે. આનાથી કોસ્ટ ગાર્ડને દરિયાઈ દેખરેખ, સુરક્ષા અને પેટ્રોલિંગમાં મદદ મળશે. આ પ્રોજેક્ટથી સ્થાનિક ઉદ્યોગો, MSME કંપનીઓ અને મજૂરોને રોજગાર મળ્યો છે. 'અચલ'નું લોન્ચિંગ ભારતની દરિયાઈ સુરક્ષા અને આત્મનિર્ભરતા તરફ એક મજબૂત પગલું છે.

### ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ દ્વારા સઘન તપાસ

# કરોડોના વિદેશી ફંડ વગર પહેલગામ હુમલો સંભવ નથી

**સમય મિરર । નવી દિલ્હી**

આતંકવાદી ભંડોળ પર નજર રાખતી સંસ્થા ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ સોમવારે કહ્યું કે, પહેલગામ આતંકવાદી હુમલો આતંકવાદીઓના સમર્થન વિના ન થઈ શકે. આમાં આતંકવાદી ભંડ-ોળ આપવામાં આવ્યું છે.

પહેલગામ હુમલાના ૫૫ દિવસ પછી FATFનું આ નિવેદન આવ્યું છે. ગ્લોબલ ટેરર વોચ ડોગે કહ્યું કે આતંકવાદી હુમલાઓ લોકોને મારી નાખે છે, અપંગ બનાવે છે અને સમગ્ર વિશ્વમાં ભય ફેલાવે છે.

FATFનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે ભારતીય અધિકારીઓએ પાકિસ્તાન દ્વારા આતંકવાદને સતત સમર્થન આપવા અને શસ્ત્રો ખરીદવા માટે અનેક ભંડોળનો ઉપયોગ કરવાનો ખુલાસો કર્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આવી પ્રવૃત્તિઓને કારણે પાકિસ્તાનને FATFની 'ગ્રે લિસ્ટ'માં મૂકી શકાય છે. પહેલગામમાં ૨૨ એપ્રિલે આતંકવાદી હુમલો થયો હતો. આમાં એક નેપાળી સહિત ૨૬ પ્રવાસીઓ માર્યા ગયા હતા.

FATFની એશિયા-પેસિફિક ગ્રુપ (APG)ની



બેઠક ૨૫ ઓગસ્ટે થવાની છે. આ પછી, FATFની કાર્યકારી જૂથની બેઠક ૨૦ ઓક્ટોબરે યોજાશે. આ બેઠકો પહેલા, ભારત પાકિસ્તાન વિરુદ્ધ એક ડોઝિયર તૈયાર કરી રહ્યું છે. આમાં, તે જણાવવામાં આવશે કે પાકિસ્તાન આતંકવાદી પ્રવૃત્તિઓ અને મની લોન્ડરિંગ માટે ભંડોળનો ઉપયોગ કરીને FATFના નિયમોનું ઉલ્લંઘન કેવી રીતે કરી રહ્યું છે.

૨૦૧૮માં પાકિસ્તાનને FATF ગ્રે લિસ્ટમાં મૂકવામાં આવ્યું હતું. ત્યાર બાદ તેણે મની લોન્ડ-રિંગ અને ટેરર ફંડિંગને રોકવા માટે એક એક્શન પ્લાન આપ્યો. આ પછી ૨૦૨૨માં FATFએ પાકિસ્તાનને આ ગ્રે લિસ્ટમાંથી દૂર કર્યું.

સૂત્રોએ જણાવ્યું હતું કે, ભારત સરકાર મની લોન્ડરિંગ અને આતંકવાદી ભંડોળ વિરોધી નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ રહેવા બદલ પાકિસ્તાનને 'ગ્રે લિસ્ટ'માં પાછું મૂકવા માટે FATF સમક્ષ મજબૂત કેસ રજૂ કરશે. FATF વર્ષમાં ત્રણ વખત (ફેબ્રુઆરી, જૂન અને ઓક્ટોબર) મળે છે.

ભારત સરકારે ૯ મેના રોજ આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) દ્વારા પાકિસ્તાનને આપવામાં આવેલા ૨.૪ બિલિયન ડોલરના બેલઆઉટ પેકેજનો પણ વિરોધ કર્યો હતો.

આ પછી, IMFએ બેલઆઉટ પેકેજનો આગામી હપ્તો જારી કરવા માટે પાકિસ્તાન સમક્ષ ૧૧ નવી શરતો મૂકી છે. નવી શરતોમાં ફેડરલ બજેટ માટે સંસદીય મંજૂરી, વીજળી બિલ પર વધુ દેવું સેવા સરચાર્જ અને જૂની વપરાયેલી કાર પરનો પ્રતિબંધ દૂર કરવાનો સમાવેશ થાય છે.

# રશિયાનો કીવ પર ડ્રોન-મિસાઈલથી હુમલો : ૧૪ના મોત

## રશિયાના ભીષણ હુમલામાં ૪૪ને ઈજા

**સમય મિરર । કીવ**

વિશ્વમાં જિઓ-પોલિટિકલ તણાવ સતત વધી રહ્યો છે. એકબાજુ ઈઝરાયલ-ઈરાન વચ્ચે ભીષણ યુદ્ધ છેડાયું છે, તો બીજી બાજુ રશિયા અને યુક્રેન વચ્ચે પણ હુમલાઓ ચાલુ છે. મંગળવારે રશિયાએ કિવ પર ડ્રોન અને મિસાઈલ હુમલા કર્યા હતા. જેમાં ૧૪ લોકો માર્યા ગયા છે અને ૪૪થી વધુ ઘાયલ થયા હોવાનું જાણવા મળ્યું છે.

સત્તાવાર ધોરણે કિવના ઈન્ટિરિયર મિનિસ્ટર (ગૃહમંત્રી) ઈહોર ક્લીમેન્કોએ જણાવ્યા પ્રમાણે, રશિયાએ કિવની આસપાસ કુલ ૨૭ સ્થળોએ મંગળવારે ડ્રોન અને મિસાઈલ હુમલા કર્યા હતાં. જેમાં તેણે રહેણાંક વિસ્તારો, શૈક્ષ-ણિક સંસ્થાઓ, અને જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડ્યું છે. આજે અમારા દુશ્મને ફરી એકવાર અમારી પર ડ્રોન અને મિસાઈલ વડે હુમલો કર્યો છે. જે ફેબ્રુઆરી, ૨૦૨૨માં શરૂ થયેલા યુદ્ધથી અત્યારસુધીમાં રશિયા દ્વારા થયેલા મોટા હુમલાઓ પૈકી એક છે.

રશિયાના આ ભયાવહ હુમલા બાદ કીવમાં સાત કલાકથી વધુ સમય માટે હવાઈ હુમલાના એલર્ટ આપવામાં આવ્યા હતાં. શહેરમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. દેશની રાજધાની સિવાય અન્ય પ્રદેશોમાં પણ રશિયા હુમલા કરી રહ્યું છે. જેમાં ઓડેસામાંના દક્ષિણ પ્રદેશમાં થયેલા હુમલામાં ૧૩ લોકો ઘવાયા હતા. જ્યારે અન્ય એક પ્રદેશમાં એક જણને ઈજા થઈ હતી.

યુક્રેન અને રશિયા છેલ્લા ત્રણથી વધુ વર્ષથી યુદ્ધ કરી રહ્યું છે. જેમાં આ વર્ષે બંને વચ્ચે શાંતિ મંત્રણાની વાતોએ જોર પકડ્યું હતું. પરંતુ હજુ સુધી કોઈ અંતિમ નિર્ણય લેવાયો નથી. એવામાં બંને દેશોએ છેલ્લા કેટલાક સપ્તાહથી ફરી એક-બીજા પર હુમલા શરૂ કર્યા છે. રશિયાના ડિફેન્સ મિનિસ્ટ્રીએ ગઈકાલે મંગ-ળવારે જણાવ્યું હતુ કે, અમારા એર ડિફેન્સ યુનિટે યુક્રેન દ્વારા રશિયા પર છોડવામાં આવેલા ૧૪૭ ડ્રોન તોડી પાડ્યા હતા.

### ૧૧૦ વિદ્યાર્થીઓનો કાફલો આર્મેનિયા સરહદે પહોંચ્યો

# ઈરાન યુદ્ધ વચ્ચે ૧૦ હજાર ભારતીય છાત્રોનું રેસ્ક્યુ શરૂ

**સમય મિરર । નવી દિલ્હી**

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે તણાવ ચાલી રહ્યો છે. જેને ધ્યાનમાં રાખીને ભારતીય વિદેશ મંત્રાલયે ભારતીય વિદ્યાર્થીઓને ઈરાનથી સુરક્ષિત રીતે લાવવાની પ્રક્રિયા શરૂ કરી છે. ત્રણ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને હાલ માટે સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. અન્ય વિદ્યાર્થીઓને પણ ખસેડવામાં આવી રહ્યા છે. ઈરાનમાં લગભગ દસ હજાર ભારતીય વિદ્યાર્થીઓ છે જેમાં દોઢ હજાર કાશ્મીરીઓનો પણ સમાવેશ થાય છે. મોટાભાગના વિદ્યાર્થીઓ ત્યાં મેડિકલનો અભ્યાસ કરે છે.

સૂત્રોના જણાવ્યાનુસાર, ઈરાનના એરસ્પેસ બંધ થવાને કારણે વિદ્યાર્થીઓને આર્મેનિયા થઈને બહાર



કાઢવામાં આવી રહ્યા છે. આર્મેનિયાથી, વિદ્યાર્થીઓને જ્યોર્જિયા અને પછી પશ્ચિમ એશિયા થઈને ભારત લાવી શકાય છે. ૧૧૦ વિદ્યાર્થીઓનું પહેલા જથ્થો આર્મેનિયા સરહદ પર પહોંચી ગયો છે.

ભારતીય દૂતાવાસે સોમવારે ૧૬મી જૂને તેહરાનથી વિદ્યાર્થીઓને બહાર કાઢવા માટે બસોની વ્યવસ્થા કરી હતી. તેહરાન યુનિવર્સિટી ઓફ મેડિકલ સાયન્સ, ઈસ્લામિક આઝાદ યુનિવર્સિટી અને ઈરાન યુનિવર્સિટી ઓફ મેડિકલ સાયન્સના તમામ ભારતીય વિદ્યાર્થીઓને સલામત સ્થળોએ મોકલી દેવામાં આવ્યા છે. શાહિદ બેહેશ્તી યુનિવર્સિટી ઓફ મેડિકલ સાયન્સના ભારતીય વિદ્યાર્થીઓને સવારે ૧૦ વાગ્યે (ઈરાનના સમય મુજબ) વેલેન્કજાવિક યુનિવર્સિટીના ગેટ નંબર ૨ પરથી કોમ શહેરમાં ખસેડવામાં આવ્યા હતા.

ઉર્મિયા યુનિવર્સિટી ઓફ મેડિકલ સાયન્સના વિદ્યાર્થીઓને પણ સલામત સ્થળે મોકલવામાં આવી રહ્યા છે. ભારતીય દૂતાવાસે શિરાઝ યુનિવર્સિટી અને ઈસ્ફહાન યુનિવર્સિટી ઓફ મેડિકલ સાયન્સના વહીવટીતંત્ર સાથે વાત કરી છે.

# પાકિસ્તાનમાં જળસંકટ ઘેરું બન્યું સિંધુ નદીનો પ્રવાહ ભારતે ઘટાડ્યો

## વાવણીમાં સિંધ-પંજાબના ખેડૂતો તણાવમાં

**સમય મિરર । નવી દિલ્હી**

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતે પાકિસ્તાન તરફ જતી સિંધુ નદીના પાણીના પ્રવાહમાં ઘટાડો કરી દીધો છે. આનાથી પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં પાકની વાવણી પર અસર પડી રહી છે . પાણીની અછતને કારણે ત્યાંના ખેડૂતો પરેશાન છે. ભારતે સિંધુ જળ સંધિને સ્થગિત કરી દીધી છે. પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં પણ ખેડૂતોને ઉપલબ્ધ સિંધુ પાણી ગયા વર્ષની સરખામણીમાં ઘટી રહ્યું છે. આ ખરીફ પાકની વાવણીનો સમય છે અને જો આ કામ સમયસર કરવામાં ન આવે તો ખેતી સંપૂર્ણપણે બરબાદ થવાની સંભાવના છે.

પાકિસ્તાન સરકારના સિંધુ નદી પ્રણાલી સત્તામંડળ (IRSA) ના અહેવાલ મુજબ, સિંધ પ્રાંતને આ વર્ષે ૧૬ જૂને સિંધુ નદીમાંથી ૧.૩૩ લાખ ક્યુસેક પાણી મળ્યું હતું . ગયા વર્ષે આ જ દિવસે ૧.૬ લાખ ક્યુસેક પાણી મળ્યું હતું. એટલે કે, તે લગભગ ૧૭% ઘટાડો છે. પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં પણ ગયા વખત કરતાં આ વર્ષે થોડું ઓછું પાણી મળ્યું છે. આ વર્ષે તેને ૧.૨૬ લાખ ક્યુસેક પાણી મળ્યું છે, જ્યારે ગયા વર્ષે તેને ૧.૨૯ લાખ ક્યુસેક પાણી મળ્યું હતું. આ ૨.૨૫% ઘટાડો છે.

રિપોર્ટમાં જણાવાયું છે કે પાકિસ્તાનમાં સિંધુ નદી સાથે જોડાયેલી નદીઓ અને જળાશયોમાં પાણી ઓછું બચ્યું છે. ખરીફ પાકની વાવણીનો સમય આવી ગયો છે અને આવી સ્થિતિમાં, ખેડૂતો માટે પાણીની અછત એક સમસ્યા બની ગઈ છે. ચોમાસાના આગમનને ઓછામાં ઓછા બે અઠવાડિયા બાકી છે, તેથી પરિસ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે. સિંધુ જળ સંધિને સ્થગિત કર્યા પછી, ભારતે પાકિસ્તાનને નદીઓના પાણીના સ્તર વિશે માહિતી આપવાનું પણ બંધ કરી દીધું છે. આનાથી પાકિસ્તાન માટે પૂર માટે તૈયારી કરવી મુશ્કેલ બની શકે છે. જો ભારતમાં નદીઓનું પાણીનું સ્તર વધે છે, તો પાકિસ્તાનને પૂરનો સામનો કરવામાં મુશ્કેલી પડી શકે છે.

# બેંગલુરુમાં બેફામ રેપિડોના ડ્રાઈવરે મહિલાને થપ્પડ મારી

## વીડિયો વાઈરલ થતાં પોલીસ કાર્યવાહી શરૂ

**સમય મિરર । બેંગલુરૂ**

બેંગલુરુના જયનગર વિસ્તારમાં રેપિડો બાઈક ચાલક દ્વારા એક મહિલાને માર મારવાનો મામલો સામે આવ્યો છે. આ ઘટના ત્રણ દિવસ જૂની છે એટલે કે શુક્રવારની છે. હવે તેનો વીડિયો વાયરલ થયા બાદ પોલીસે કાર્યવાહી શરૂ કરી દીધી છે.

પોલીસના જણાવ્યા અનુસાર, મહિલાએ ડ્રાઈવરને પુરપાટ ઝડપે બેદરકારીથી બાઈક ચલાવવા બાબતે ફરિયાદ કરી હતી. આ અંગે બંને વચ્ચે ઝઘડો થતા બોલાચાલી થઈ હતી. વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે ડ્રાઈવરે મહિલાને જોરથી થપ્પડ મારી દીધી હતી, જેના કારણે તે જમીન પર પડી ગઈ હતી.

આ ઘટનાનો વીડિયો એક રાહદારીએ રેકોર્ડ કર્યો હતો, જેમાં નજીકમાં ઉભેલા ઘણા લોકો પણ દેખાય છે. શરૂઆતમાં મહિલા ફરિયાદ કરવામાં અચકાતી હતી, પરંતુ બાદમાં પોલીસની સમજાવટથી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવ-ામાં આવી હતી.

આ અંગે બાઈક ટેક્સી એસોસિએશને મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીને પત્ર લખીને પ્રતિબંધ હટાવવાની માંગ કરી છે. નમ્મા બાઈક ટેક્સી એસોસિએશને કર્ણાટક સરકારના ૧૬ જૂન બાઈક ટેક્સી પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવાના નિર્ણય સામે મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીને પત્ર લખ્યો છે.

### આખી દુનિયા શસ્ત્રોના ઢગલા પર બેઠી છે

# પરમાણુ બોમ્બ બનાવવાની હોડમાં ચીન હજુ પણ આગળ

**સમય મિરર । નવી દિલ્હી**

વિશ્વમાં પરમાણુ હથિયારો બનાવવાની હોડ લાગી છે. આ રેસમાં હાલ નવ દેશ સામેલ છે. તમામે જાન્યુઆરી, ૨૦૨૪થી જાન્યુઆરી, ૨૦૨૫ દરમિયાન પોતાને પરમાણુ મોરચે મજબૂત બનાવ્યા છે. SIPRIના રિપોર્ટ અનુસાર, ભારતે છેલ્લા એક વર્ષમાં ૮ પરમાણુ હથિયાર બનાવ્યા છે. ભારત પાસે જાન્યુઆરી, ૨૦૨૫માં ૧૮૦ પરમાણુ હથિયાર હતાં. જે અગાઉના વર્ષે ૧૭૨ હતાં. જ્યારે ભારતના પડોશી દેશ ચીને આ સમયગાળા-માં ૧૦૦ પરમાણુ હથિયાર બનાવ્યા હતાં. આ સાથે તેના પરમાણુ હથિયારનો જથ્થો વધી ૬૦૦ થયો છે.

SIPRI (સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટ)ના રિપોર્ટમાં જણાવાયું છે કે, વિશ્વના આશરે ૯૦ ટકા પરમાણુ હથિયાર માત્ર રશિયા અને અમેરિકા પાસે છે. અન્ય એક રિપોર્ટ ઈન્ટરનેશનલ કેમ્પેઈન ટુ એબોલિશ ન્યૂક્લિઅર વેપન્સ (ICAN)માં જણાવ્યા પ્રમાણે, ગતવર્ષે



ન્યૂક્લિઅર હથિયારો ધરાવતા દેશોએ તેમના પરમાણુ શસ્ત્રાગાર (એટોમિક જથ્થા)માં વધારો કરવા ૧૦૦ અબજ ડોલરથી વધુનુ રોકાણ કર્યું છે. જ્યારે યુકે, ચીન, ફ્રાન્સ, ભારત, ઈઝરાયલ, દક્ષિણ કોરિયા, પાકિસ્તાન, રશિયા અને અમેરિકાએ ૨૦૨૩ની તુલનાએ ૨૦૨૪માં ૧૦ અબજ ડોલરનું રોકાણ વધાર્યું છે.

અમેરિકા અને રશિયા ઉપરાંત બ્રિટન, ફ્રાન્સ, ચીન, ભારત, પાકિસ્તાન, ઉત્તર કોરિયા અને ઈઝરાયલ પરમાણુ હથિયારનો જથ્થો વધારી રહ્યા છે. રિપોર્ટ અનુસાર, વિશ્વમાં કુલ ૧૨,૨૪૧ પરમાણુ હથિયાર છે. જેમાં ૯૬૧૪ સૈન્ય ભંડારમાં છે. આશરે ૩૯૧૨ પરમાણુ હથિયાર મિસાઈલ અને વિમાનો સાથે તૈનાત છે.

અમેરિકા પાસે કુલ ૫૧૭૭ પરમાણુ હથિયાર છે. જેમાં ૧૪૭૭ વોરહેડ છે. સૈન્ય ભંડારમાં ૩૭૦૦માંથી ૧૭૭૦ તૈનાત છે, અને ૧૯૩૦ સંગ્રહિત છે. રશિયા પાસે કુલ ૫૪૫૯ પરમાણુ હથિયાર છે. જેમાં સૈન્ય ભંડારમાં ૪૩૦૯ સામેલ છે. જેમાં ૧૭૧૮ વોરહેડ તૈનાત છે અને ૨૫૯૧ને સંગ્રહ કરે છે. રશિયાએ ૧૧૫૦ વોરહેડ રિટાયર કર્યા છે. જ્યારે બ્રિટને ૧૨૦ વોરહેડ તૈનાત કર્યા છે. ૧૦૫ સ્ટોરેજમાં છે. તેના સેનામાં ૨૨૫ હથિયારોનો ભંડાર છે. બ્રિટન પાસે કુલ ૨૨૫ પરમાણુ હથિયાર છે. ફ્રાન્સની પાસે કુલ ૨૯૦ પરમાણુ હથિયાર છે, જેમાંથી ૨૮૦ તૈનાત છે અને ૧૦ સંગ્રહિત છે. ચીન પાસે આશરે ૬૦૦ પરમાણુ હથિયાર છે, જેમાં ૨૪ વોરહેડ અને ૫૭૬ સંગ્રહિત છે.

# ૩૦ સપ્ટે.થી મહિલા ક્રિકેટ WCનો પ્રારંભ પાંચમીએ પાક. સામે ભારતની ટક્કર

## ૮ ટીમો વચ્ચે ૩૧ મેચ રમાશે : શેડ્યુલ જાહેર

**સમય મિરર । મુંબઈ**

મહિલા ક્રિકેટ વનડે વર્લ્ડ કપ ૨૦૨૫ ભારત અને શ્રીલંકામાં ૩૦ સપ્ટેમ્બરથી ૨ નવેમ્બર દરમિયાન યોજાશે. ૮ ટીમો વચ્ચે ટુર્નામેન્ટમાં કુલ ૩૧ મેચ રમાશે, જેનું સંપૂર્ણ શેડ્યૂલ જાહેર કરવામાં આવ્યું છે.

મહિલા ODI વર્લ્ડ કપ ૨૦૨૫ ની પહેલી મેચ મંગળવાર, ૩૦ સપ્ટેમ્બરના રોજ બેંગલુરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિ-યમ ખાતે રમાશે. આમાં યજમાન ભારત અને શ્રીલંકા એકબીજા સામે ટકરાશે. હાઈબ્રિડ મોડેલમાં યોજાનારી આ ઈવેન્ટમાં, પાકિસ્તાન ક્રિકેટ ટીમ તેની બધી મેચ કોલંબોના આર પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે રમશે.

યજમાન ભારત ઉપરાંત, વર્લ્ડ કપમાં ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ, પાકિસ્તાન, દક્ષિણ આફ્રિકા અને શ્રીલંકાનો સમાવેશ થાય છે. રાઉન્ડ-રોબિન પછી, નોકઆઉટ તબક્કામાં ૨ સેમિફાઈનલ રમાશે.

ભારત અને પાકિસ્તાન વચ્ચેની આ મહિલા વર્લ્ડ કપ મેચ ૫ ઓક્ટોબરે રમાશે. આ મેચ શ્રીલંકાના કોલંબોના આર પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાશે.

| વર્લ્ડ કપમાં ભારતીય ટીમનો કાર્યક્રમ |
|---|
| ૩૦ સપ્ટેમ્બરઃ ભારત વિરુદ્ધ શ્રીલંકા - બેંગલુરુ - બપોરે ૩ વાગ્યે |
| ૫ ઓક્ટોબરઃ ભારત વિરુદ્ધ પાકિસ્તાન - કોલંબો - બપોરે ૩ વાગ્યે |
| ૯ ઓક્ટોબરઃ ભારત વિરુદ્ધ દક્ષિણ આફ્રિકા - વિઝાગ - બપોરે ૩ વાગ્યે |
| ૧૨ ઓક્ટોબરઃ ભારત વિરુદ્ધ ઓસ્ટ્રેલિયા - વિઝાગ - બપોરે ૩ વાગ્યે |
| ૧૯ ઓક્ટોબરઃ ભારત વિરુદ્ધ ઈંગ્લેન્ડ - ઈન્દોર - બપોરે ૩ વાગ્યે |
| ૨૩ ઓક્ટોબરઃ ભારત વિરુદ્ધ ન્યુઝીલેન્ડ - ગુવાહાટી - બપોરે ૩ વાગ્યે |
| ૨૬ ઓક્ટોબરઃ ભારત વિરુદ્ધ બાંગ્લાદેશ - બેંગલુરુ - બપોરે ૩ વાગ્યે |

### ફાઈનલ ક્યાં રમાશે ?

પાકિસ્તાન મહિલા ક્રિકેટ ટીમ વર્લ્ડ કપની સેમિફાઈનલમાં પહોંચે છે, તો ૨૯ ઓક્ટોબરે પ્રથમ સેમિફાઈનલ મેચ કોલંબોમાં રમાશે, અને જો તે જીતીને ફાઈનલમાં પહોંચે છે, તો ટાઈટલ મુકાબલો પણ ત્યાં જ યોજાશે. જો પાકિસ્તાન સેમિફાઈનલમાં પહોંચવામાં નિષ્ફળ જાય છે, તો પ્રથમ સેમિફાઈનલ ગુવાહાટીમાં અને ફાઈનલ બેંગલુરુમાં યોજાશે.

### ઈ-ફાર્મસી પ્લેટફોર્મ પર લગામ મૂકવા તૈયારી

# હવે ઓનલાઈન દવા વેચનારા પર મોદી સરકારની બાજ નજર

**સમય મિરર । નવી દિલ્હી**

માત્ર ૧૦થી૬૦ મિનિટમાં ઓનલાઈન દવા પહોંચાડવાની સુવિધા આપનાર ઈ-ફાર્મસી પ્લેટફોર્મ પર હવે સરકારની સખ્ત નજરે છે. સરકાર તેને તપાસના ક્ષેત્રમાં લઈ જઈ રહી છે અને તેના પર અંકુશ માટે નવો કાનૂન લાવવાની તૈયા-રીમાં છે.

ખરેખર તો સરકારને સતત એ બાબતની ફરિયાદો મળી રહી છે કે ઓનલાઈન પ્લેટફોર્મ માત્ર ડોકટરની ચિઠ્ઠીને એ દવાઓ માટે આંખ આડા કાન નથી કરી રહી, જેના માટે જરૂરી છે, બલકે સુરક્ષા સાથે જોડાયેલા અન્ય નિયમો ન માનવાના પણ આરોપ છે. સ્વાસ્થ્ય મંત્રાલયના એક અધિકારી મુજબ, ઈ-ફાર્મસી પ્લેટફોર્મના બાબતે ફરિયાદો હવે એ સ્તરે પહોંચી ચુકી છે કે હજુ પણ જો કાર્યવાહી ન કરવામાં આવી તો આગળ દર્દીઓની સુરક્ષા સાથે ચેડા થઈ શકે છે. એક અહેવાલ મુજબ ઓનલાઈન દવા મંગાવનારા લોકોમાં સતત વધારો થઈ રહ્યો છે અને તેની સાથે આ સેવામાં તમામ



નવી કંપનીઓ પગલા લઈ રહી છે. હાલ આ વર્ષ ફોન પે અને પીનકોડએ બેંગલુરુ, પુણે, મુંબઈ જેવા શહેરોમાં ૧૦ મિનિટમાં દવા પહોંચાડવાની સેવા શરૂ કરી છે. દવા ઈન્ડિયા પણ પૂણેમાં ૬૦ મીની-ટમાં ડિલીવરી આપી રહી છે. ટાટા ૧ એમજી, ફાર્મસી અને નેટમેડસ જેવી મોટી કંપનીઓ તો અગાઉથી જ આ બજારમાં છે. સરકારને એવી ફરિયાદો મળી છે કે તેમના ડાર્ક સ્ટોર્સમાં સફાઈ વગેરેની કમી છે. તેના પહેલા ફુડ ડિલીવરીના ડાર્ક સ્ટોર્સમાં પણ અનેક ખામીઓ બહાર આવી હતી.

# અરિહંત શરણ સ્વ. વિજયભાઈની પ્રાર્થનાસભામાં સંવેદનારૂપી અશ્રુ છલકાયા

## સૌરાષ્ટ્રભરમાંથી તમામ પક્ષના આગેવાનો, સામાજીક અગ્રણીઓ, ઉદ્યોગપતિઓ, વિવિધ સંપ્રદાયના સંતો, આમ જનતા સહિત હજારોની સંખ્યામાં લોકોએ સ્વ. વિજયભાઈના મોક્ષાર્થે પ્રાર્થના કરી


પત્ની અંજલિબેન, પુત્ર ઋષભ, પુત્રી રાધિકા સહિતનો રૂપાણી પરિવાર


(તસ્વીર : દિવ્યરાજસિંહ સરવૈયા)

અજાત્ર શત્રુ એવા સ્વ.વિજયભાઇ પ્રત્યે આ છે લાગણી, અઢારે વરણના લોકો આવ્યા


પુત્ર ઋષભને સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોએ આપી સાંત્વના


ધર્મપત્ની અંજલિબેન દર્શન કરતી વેળાએ થઇ ગયા સુનમુન


વ્હોરા સમાજના અગ્રણીઓએ ઋષભને આપ્યો સધિયારો


સ્વ.વિજયભાઇના સાથી વજુભાઇ વાળાએ અર્પણ કરી પુષ્પાંજલિ


દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી આમ આદમી પાર્ટીના કેજરીવાલ આવ્યા પ્રાર્થના સભામાં


આપ પાર્ટીના ઇશુદાનભાઇએ ઋષભને આપી હુંફ


ભાજપ-આપ-કોંગ્રેસના નેતાઓએ એકસાથે બેસી સ્વ.વિજયભાઇના મોક્ષાર્થે કરી પ્રાર્થના


કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરિયાએ કર્યા શત શત વંદન


ભજનિક હેમંત ચૌહાણે ભાવાંજલિ અર્પી સ્વ.વિજયભાઇને કર્યા વંદન


વિવિધ જ્ઞાતિ, સમાજ, સંગઠન, સંસ્થાના આગેવાનોએ આપી શ્રદ્ધાંજલિ


સ્વ.વિજયભાઇના બાળ ટબુડિયાએ ભાવવિભોર થઇને આપી શ્રદ્ધાંજલિ


ધારાસભ્ય ઉદયભાઇ કાનગડે તેમના વડીલ સ્વ.વિજયભાઇને અર્પણ કરી પુષ્પાંજલિ

# રાજકોટ પર વર્ષારાણીનું હેત, બે દિવસમાં ૪.૫૦ ઈંચ વરસાદ

## સોમવારે સાંજે ૬ વાગ્યાથી સતત હળવાથી ભારે ઝાપટાં, શિતલહેરથી ખુશનુમા વાતાવરણ

સમય મિરર| રાજકોટ

રાજકોટમાં છેલ્લા ત્રણ દિવસથી મેઘરાજાએ પડાવ નાંખ્યો છે. ક્યારેય છુટછવાયા ઝાપટા રૂપે તો ક્યારેય સાંબેલાધામે મેઘકૃપા વરસી રહી છે. ગઈકાલે સોમવારે સાંજે ૬ વાગ્યાથી આજે મંગળવારે બપોરે ૨ વાગ્યા સુધીમાં ત્રણ ઈંચ વરસાદ પડી ગયો છે. ગઈકાલે રાત આખી રાજકોટ ભીંજાતુ રહ્યુ હતુ. આજે સવારથી પણ આભ ગોરંભાઇ ગયુ હતુ. વાદળોની જમાવટ વચ્ચે મેઘરાજાનું રીમઝીમ હેત ચાલુ રહ્યુ છે. દરમિયાન આજે મંગળવારે પણ સાંજ ઢળતા મેઘરાજા ખીલ્યા હતા. ક્યારેક ધીમી ધારે તો ક્યારેક ધીંગી ધારે ઝાપટાં વરસવાનું ચાલુ રહેતા સોમવારે સાંજથી મંગળવારે આ લખાય છે ત્યારે રાત સુધીમાં સાડા ચાર ઈંચ વરસાદ ખાબકી ગયો છે. સતત વરસાદી મહોલથી શિતલહેર સાથે વાતાવારણ ઠંડુગાર બની જતા લોકોને આકરા ઉકળાટમાં રાહત થઇ હતી. રાજકોટમાં શનિવારે ભયાવહ



વીજતાંડવ સાથે મેઘરાજાએ સતાવાર ધમાકેદાર એન્ટ્રી કર્યા બાદ સતત વર્ષારાણીનું અપાર હેત વરસી રહ્યુ છે. ગઈકાલે સોમવારે સાંજ સુધી આકાશમાં વાદળોની આવનજાવન રહી હતી અને એ પછી સાંજે ૬ વાગ્યા આસપાસ ફરી સુસવાટા નાખતા પવન સાથે વરસાદ તૂટી પડ્યો હતો. સતત હળવાથી ભારે ઝાપટાં વરસવાનું ચાલુ રહ્યુ હતુ. રાત આખી ઝાપટાં ચાલુ રહ્યા હતા. માર્ગો સતત ભીના રહે છે.

દરમિયાન મનપાના ફાયર બ્રિગેડ વિભાગમાંથી મળતા અહેવાલ મુજબ ગઈકાલે સોમવારે સાંજે ૬ વાગ્યાથી આજે મંગળવારે બપોરે ૨ વાગ્યા સુધીમાં ન્યૂ રાજકોટમાં ત્રણ ઈંચ, મધ્ય રાજકોટમાં પોણા ત્રણ ઈંચ જ્યારે સામાકાંઠે એટલે કે ઈસ્ટ ઝોનમાં અઢી ઈંચ વરસાદ નોંધાયો છે. દરમિયાન આજે મંગળવારે સાંજ ઢળતાની સાથે મેઘરાજા ફરી ખુલ્યા હતા.

છેલ્લે મળતા અહેવાલ મુજબ સોમવારે સાંજે ૬ વાગ્યાથી મંગળવારે રાત સુધીમાં કુલ સાડા ચાર ઈંચ વરસાદ ખાબકી ગયો છે.

### રાજકોટમાં ક્યાં કેટલો વરસાદ

| વિસ્તાર | ૨૪ કલાક | મોસમનો કુલ |
|---|---|---|
| ન્યુ રાજકોટ | ૧૧૧ મી.મી.(૪.૪૪ ઈંચ) | ૨૪૩ મી.મી.(૯.૭૨ ઈંચ) |
| મધ્ય રાજકોટ | ૧૦૩ મી.મી.(૪.૧૨ ઈંચ) | ૧૯૪ મી.મી.(૭.૭૬ ઈંચ) |
| સામાકાંઠે | ૧૦૧ મી.મી.(૪ ઈંચ) | ૨૮૨ મી.મી.(૧૧.૨૮ ઈંચ) |

### રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં તા.૨૦ સુધી ભારે વરસાદની આગાહી

હવામાન નિષ્ણાંત અંબાલાલ તેમજ રાજ્યના હવામાન વિભાગ બન્નેની એવી આગાહી છે કે, સૌરાષ્ટ્રના લાંબા દરિયાકાંઠે સર્જાયેલી વરસાદી સિસ્ટમ જોતા ગુજરાતમાં અને ખાસ કરીને રાજકોટ અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠે તા.૨૦ સુધી ભારે કે અતિ ભારે વરસાદની આગાહી છે. હાલ ભાવનગર અને અમરેલીમાં તો મેઘરાજા બઘડાટી બોલાવી જ રહ્યા છે. ભારે વરસાદની આગાહીના પગલે પ્રશાસન સર્તક થઇ ગયુ છે. એનડીઆરએફની ટીમ, બોટ અને હેલિકોપ્ટર સહિત બચાવ કામગીરી માટે વ્યવસ્થા તૈનાત રાખવામા આવી છે.

### રાજકોટ જિલ્લા માટે NDRFની ટીમ આવી પહોંચી




ચોમાસાના વિધિવત પ્રારંભ થતાની સાથે જ એનડીઆરએફની આ ટીમે રાજકોટમાં પડાવ નાખી દીધો છે. અહીં એ ઉલ્લેખનીય છે કે એનડીઆરએફની ટીમ અતિવૃષ્ટિ, વાવાઝોડા પુર પ્રકોપ સહિત વિવિધ પ્રકારની કુદરતી અને માનવ સર્જીર્ત આપદા દરમ્યાન બચાવ કામગીરીમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. આ બટાલીયન અર્ધ લશ્કરી દળની જેમ સંગઠીત છે. રાજકોટ જીલ્લા માટે પ્રતિવર્ષ ચોમાસા દરમ્યાન એનડીઆરએફની ટીમ ફાળવવામાં આવે છે. જે સંભવિત અતિવૃષ્ટિ દરમ્યાન અસરગ્રસ્ત વિસ્તારોમાં દોડી જઈ રાહત બચાવની કામગીરીમાં યોગદાન આપે છે. ચોમાસા દરમ્યાન અતિવૃષ્ટિના સંજોગોમાં રાહત બચાવની સેવા કલેકટર તંત્રના માર્ગદર્શન હેઠળ આપશે.

## તંત્રીલેખ



# કેનેડાના નવા PM માર્ક કાર્નીએ ટ્રુડોની હીન પરંપરા જાળવી!

કેનેડામાં થોડા સમય પહેલા સત્તા પરિવર્તનનો પવન ફુંકાયો અને ટ્રુડોની સરકાર ઘરભેગી થઈ તેના સ્થાને માર્ક કાર્નીએ સરકાર બનાવી માર્ક કાર્નીની સરકાર બન્યા બાદ પણ કેનેડામાં ખાલીસ્તાનીઓનુંવર્ચસ્વ વધ્યું હોય તેવુ દેખાયુ છે. G-7 સમિટમાં ભાગ લેવા ગયેલા ભારતના PM મોદીનો ખાલીસ્તાનીઓએ વિરોધ નોંધાવ્યો. ખાલીસ્તાનીઓએ વડાપ્રધાન મોદીને ખતમ કરી દેવાની ધમકી આપી.

કેનેડામાં ચૂંટણી પૂર્વે માર્ક કાર્નીએ ભારત સાથેના સબંધો સુધારવાની મોટી-મોટી વાતો કરી પરંતુ ખાલિસ્તાનીઓની હરકત બાદ સ્પષ્ટ પણે દેખાયુ કે માર્ક કાર્ની પણ ટ્રુડોના રસ્તે જ આગળ ચાલી રહ્યા છે. કેનેડામાં કોઈની પણ સરકાર બને પણ ખાલિસ્તાનીઓ પર અંકુશ લાવી નથી. શકતી હવે કેનેડા ભારતનું મિત્ર તો ક્યારેય બની શકે નહીં તેવો આડકતરો સંદેશ વિશ્વ સામે ગયો છે.

કેનેડામાં જસ્ટિન ટ્રુડોના સ્થાને માર્ક કાર્ની વડા પ્રધાન બનતાં સત્તા પરિવર્તન ભલે થયું પણ ભારત વિરોધી ખાલિસ્તાનવાદીઓને રોકવામાં નવી સરકારને પણ કોઈ રસ નથી તેનો પરચો ફરી એક વાર ભારતને મળી ગયો. સોમવારથી કેનેડાના કનાનાસ્કિસમાં વિશ્વના સૌથી ધનિક દેશોના બનેલા ગ્રુપ ઓફ સેવન એટલે કે G-7નું બે દિવસીય સમિટ પૂર્ણ થઈ છે.

ભારત G-7નું સભ્ય નથી પણ વિશ્વની સૌથી મોટી આર્થિક મહાસત્તાઓમાંથી એક હોવાથી ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પણ G-7 સમિટમાં હાજરી આપવા નિમંત્રણ મળ્યું છે. મોદી સોમવારે કેનેડા પહોંચ્યા એ પહેલાં ખાલિસ્તાનવાદી સંગઠનના સમર્થકોએ એક જબરદસ્ત રોડ શો કરીને મોદી વિરોધી દેખાવો કર્યા અને ભારત વિરોધી ઝેર ઓક્યું તેના પરથી સ્પષ્ટ થઈ ગયું કે, કેનેડામાં સરકાર કોઈની પણ હોય, ખાલિસ્તાનવાદીઓને રોકવામાં કોઈને રસ નથી અને કેનેડા ફરી ભારતનું મિત્ર બની શકે તેમ નથી.

કેનેડાના કેલગરી પ્રાંતમાં ગુરુદ્વારા દશમેશથી શરૂ થયેલા ૨૦૦ કરતાં વધારે કાર-ટ્રક સાથેના રોડ શોમાં ખાલિસ્તાનવાદીઓએ નરેન્દ્ર મોદીની કેનેડાની મુલાકાત અને G-7 સમિટમાં મોદીને નિમંત્રણનો વિરોધ કરીને મોદી અને ભારત વિરોધી સૂત્રોચ્ચાર કર્યા. મોદીને કેનેડાના દુશ્મન ગણાવીને ખાલિસ્તાનવાદીઓએ ધમકી પણ આપી કે, મોદીને ખતમ કરી દેવાશે. આ રોડ શોના આયોજન ખાલિસ્તાનના સમર્થક મનજિંદર સિંહે ફિશિયારી મારી કે, અમે મોદીના રાજકારણને ખતમ કરવા માટે અહીં ભેગા થયા છીએ અને અમે કેનેડાને સુરક્ષિત બનાવવા માગીએ છીએ.

ખાલિસ્તાનવાદીઓએ ભારતીય હિન્દુઓને ગાળાગાળી કરીને એવું કહ્યું કે, મોદી કેનેડામાં રહેશે ત્યાં સુધી તેઓ વિરોધ ચાલુ રાખશે. રોડ શો દરમિયાન ખાલિસ્તાન ઝિંદાબાદના નારા પણ લગાવવામાં આવ્યા અને મોદીનું પૂતળું રસ્તા પર લઈ જઈ હાથકડી પણ પહેરાવવામાં આવી. મોદી સરકાર કેનેડામાં ખાલિસ્તાનની માગણી કરી રહેલા લોકોની હત્યાઓ કરાવી રહી હોવાના આક્ષેપો પણ કરાયા.

ખાલિસ્તાનવાદીઓના આ ઉધામા એ વાતનો પુરાવો છે કે, માર્ક કાર્ની કેનેડાના વડા પ્રધાન બન્યા પછી પણ ખાલિસ્તાનવાદીઓ ફાટીને ધુમાડે ગયેલા જ છે અને કાર્નીની સરકારને તેમને રોકવામાં કોઈ રસ નથી. જસ્ટિન ટ્રુડોના સમયમાં ભારત-કેનેડા સંબંધોમાં ખટાશ આવી ગઈ હતી અને તેનું કારણ ટ્રુડોનું ખાલિસ્તાનવાદીઓ તરફ નરમ વલણ હતું. જાન્યુઆરી ૨૦૨૫માં જસ્ટિન ટ્રુડોના રાજીનામા બાદ ૧૪ માર્ચે માર્ક કાર્ની કેનેડાના નવા વડા પ્રધાન બન્યા અને પછી ચૂંટણી યોજીને તેમણે ફરી સત્તા હાંસલ કરી છે.

કાર્નીએ વડા પ્રધાનપદે બેઠા પછી ભારત સાથેના સંબધો સુધારવાની મોટી મોટી વાતો કરેલી પણ મોદી વિરોધી રોડ શો એ વાતનો પુરાવો છે કે, કાર્ની ખાલી વાતો કરે છે, બાકી તેમને ભારત સાથેના સંબંધો સુધારવામાં કોઈ રસ નથી. રસ હોય તો આ રીતે પોતાની ધરતીનો ઉપયોગ ભારતના વડા પ્રધાન સામે ઝેર ઓકવા માટે કરવા દે ખરા ?

G-7 દુનિયાના સૌથી ધનિક દેશોનું બનેલું સંગઠન છે તેથી આ સંગઠનના સમિટમાં શું બને છે તેના પર આખી દુનિયાની નજર મંડાયેલી હોય છે. એ જ વખતે ખાલિસ્તાનવાદીઓ મોદીવિરોધી રોડ શો કરે તેથી રોડ શોને આખી દુનિયામાં પબ્લિસિટી મળે એ કહેવાની જરૂર નથી. આ વાત કાર્ની સરકારમાં બેઠેલા લોકોને ના સમજાય એટલા નાદાન એ નથી જ ને છતાં કાર્ની સરકાર તેમને રોકે નહીં તેનો સીધો મતલબ એ થયો કે, ખાલિસ્તાનવાદીઓને કેનેડા સરકારનું પીઠબળ છે અને તેમની પ્રવૃત્તિઓ સામે આંખ આડા કાન કરાય છે.

કેનેડાની સરકાર ખાલિસ્તાનવાદીઓને કેમ છાવરે છે એ ઓપન સિક્રેટ છે. કેનેડાની સંસદના નીચલા ગૃહ એટલે કે હાઉસ ઓફ કોમન્સની ૨૦૨૫ની ચૂંટણીમાં શીખ મતદારોએ કાર્નીની લિબરલ પાર્ટીને ખોબેખોબે મત આપ્યા છે. કેનેડાની ૩.૭૦ કરોડની વસતીમાં ૧૬ લાખ એટલે કે લગભગ ચાર ટકા ભારતીય મૂળનાં લોકો છે અને તેમાંથી અડધા એટલે કે ૭.૭૦ લાખ શીખ છે.

કેનેડામાં અત્યારે ૨૨ પંજાબી મૂળના સાંસદ છે જ અને બીજી ૧૫ બેઠકો એવી છે કે જ્યાં કોણ જીતશે એ શીખ મતદારો નક્કી કરે છે. કેનેડાની સંસદની ૩૫ એટલે કે ૧૦ ટકા બેઠકો પર શીખોનો પ્રભાવ હોવાથી કોઈ પણ રાજકીય પક્ષ શીખ સમુદાયને નારાજ કરવા માગતો નથી. ટ્રુડોની પાર્ટી તો તેમના પિતાના સમયથી શીખોની પ્રિય હતી તેથી ટ્રુડો ભારતને નારાજ કરીને પણ શીખોને રાજી રાખવા મથ્યા કરતા હતા. કાર્નીએ પણ એ જ પરંપરા જાળવી છે તેથી કેનેડાની ધરતી પર વિદેશી મહેમાન સામે રોડ શો થાય તેના કારણે કેનેડાની આબરૂનો ધજાગરો થઈ જાય તેની તેમને પરવા નથી.

મોદીવિરોધી રોડ શો પછી ભારત સરકાર અને ભારતીયો બંનેએ કેનેડા વિશે વિચારવું જોઈએ. કેનેડામાં રહેતા બધા શીખો ખાલિસ્તાનવાદી નથી કે ભારત વિરોધી પણ નથી પણ ન્યુસન્સ ફેલાવવા માટે બહુમતીની જરૂર નથી હોતી. સો માણસોમાંથી ૧૦ માણસો જ ગુંડાગીરી કરીને બાકીનાં ૯૦ લોકોને પોતાના ઈશારે વર્તવા માટે ફરજ પાડી શકે છે, તેમને દબાવી શકે છે. ખાલિસ્તાનવાદીઓ આ ગુંડા છે તેથી શીખો સામે કોઈ ખાર રાખવાની જરૂર નથી પણ એ પણ સમજી લેવાની જરૂર છે કે, કેનેડામાં બીજા ભારતીયો માટે સાનુકૂળ માહોલ નથી. ખાલિસ્તાનવાદીઓ જાણી જોઈને હિંદુ વિરોધી માહોલ પેદા કરી રહ્યા છે તેથી હિંદુઓ માટે સલામતી પણ નથી. ભવિષ્યમાં સ્થિતિ વણસવાની છે કેમ કે શીખો બહુમતીમાં છે એ જોતાં કેનેડા સેટલ થવાનું નક્કી કરતાં પહેલાં સો વાર વિચારજો.

# બજારો ક્રમશઃ ઊંચે જતા ગૃહિણીની વધતી મુંઝવણ

## રાષ્ટ્રસંઘના અર્થશાસ્ત્રીઓએ કહ્યું છે કે દુનિયાના તમામ દેશોની સરેરાશ સ્થિતિ છેલ્લા એક દાયકામાં સૌથી તકલીફ અનુભવવા તરફ છે



મોંઘવારીને કારણે ગઈ સિઝનમાં કેરીનો ઉપાડ ઓછો થયો. એની જાણ વેપારીઓને થઈ. કારણ કે દરેક મોસમના વિવિધ ફળફળાદિ માટેનું બજેટ ગૃહિણીએ રોજબરોજના શાકભાજીમાં જ વાપરી નાંખવું પડે છે. કોઈ વાર લીંબુ તો કોઈ વાર ટમેટા ઊંચી છલાંગ લગાવે છે. અને પછીથી એના સરેરાશ બોટમ લાઈનના ભાવ પણ અગાઉ કરતાં ઊંચા રહે છે. આ રીતે બજાર ક્રમશઃ ઊંચકાઈ રહી છે. આ નવા નવા ભારથી ગૃહિણી મુંઝાયેલી છે. આવક ઓછી છે કે મોંઘવારી વધુ છે એ પ્રશ્ન એના અંતઃકરણને સતાવી રહ્યો છે. આ દુઃખમાં એ એકલી છે.

ફુગાવો નાથવામાં સરકાર અને કામયાબી વચ્ચેની ખાઈ વધુ ને વધુ ગહન થતી જાય છે. રિઝર્વ બેન્કના કેન્દ્રને આજ્ઞાંકિત ગવર્નર પણ ફુગાવો નાથવામાં નિર્મલા સીતારામન સાથોસાથ એકસરખા ગોથા ખાઈ રહ્યા છે. દેશના અર્થતંત્રને એક નૂતન વળાંક આપવા કાજે વડાપ્રધાને વિવિધ સોળ મંત્રાલયોના પારસ્પરિક જોડાણથી દેશની આર્થિક નવરચના માટે ગતિશક્તિ યોજનાની શરૂઆત કરી છે. આમ તો આ યોજના અન્ય સંખ્યાબંધ યોજનાઓનું ડેવલપમેન્ટ લિંકિંગ છે.

અર્થશાસ્ત્રમાં જે કેટલીક ઈનોવેટિવ પ્રણાલિકાઓ છે એનો ભારતમાં ખરેખર જો અમલ થશે તો એનો ફાયદો આખા એશિયાના ઈકોનોમિક પરિદૃશ્યને થશે. પરંતુ અમલવારી આપણે ત્યાં બહુ પડકારરૂપ હોય છે. મિસ્ટર મોદી ગતિશક્તિ માટે કેટલી ગતિ અને કેટલી શક્તિ દાખવી શકે છે એ જોવાનું રહે છે. વિવિધ આંતરરાષ્ટ્રીય એજન્સીઓએ ભારતના વિકાસદરનો અંદાજ સતત ઘટાડતા રહેવાનો ક્રમ ચાલુ રાખ્યો છે. અગાઉ ભારતીય રિઝર્વ બેન્કે પણ વિકાસદરનો અંદાજ ઘટાડ્યો હતો. જો કે વાસ્તવિકતા એ પણ છે કે કોરોનાનો બીજો રાઉન્ડ હળવો થયા પછી પ્રારંભિક તેજીને કારણે ઉત્પાદકોમાં નવી પૂછપરછ નીકળી હતી અને હવે તો મહત કારખાનાઓ અથવા તો મોટા ઉત્પાદકોના યુનિટો ચાલુ થઈ ગયા છે.

ભારત એક વિરાટ મિડલ ક્લાસ માર્કેટ છે. તો પણ છેલ્લા કેટલાક સમયથી નાના પગારદારોની ગૃહિણીનું બજેટ ખોરવાઈ ગયું છે. જો કે દુનિયાભરના ઉત્પાદકોને ભારતનું આકર્ષણ તો રહેવાનું જ છે. આટલી વિરાટ જનસંખ્યાને કારણે રૂપિયો ફરતો રહેવાનો છે. એટલે વિશ્વબેન્ક જે મંદીનું બ્યુગલ બજાવે છે તેની તો સૌથી ઓછી અસર ભારતમાં થશે. સંયુક્ત રાષ્ટ્રસંઘ છેલ્લા ઘણા સમયથી વૈશ્વિક મંદીની નોબત વગાડે છે. રાષ્ટ્રસંઘના અર્થશાસ્ત્રીઓએ કહ્યું છે કે દુનિયાના તમામ દેશોની સરેરાશ સ્થિતિ છેલ્લા એક દાયકામાં સૌથી તકલીફ અનુભવવા તરફ છે. એટલે કે દુનિયાનો સાર્વત્રિક વિકાસ દર પણ ઘણો નીચો જશે. ઉપરાંત વિવિધ દેશો વચ્ચેના વૈમનસ્ય ને કારણે પણ નવી આર્થિક પ્રગતિ હાંસલ કરવામાં અનેક અંતરાય ઊભા થશે. ભારતમાં રવિપાકની મોસમ જામી છે અને વરસે એક જ પાક લેવા ટેવાયેલા લાખો ખેડૂતોએ આ વરસે બીજા પાકમાં પણ ઝંપલાવ્યું છે. એનું કારણ કે પાછલા સારા વરસાદને કારણે જળના તળ ઉંચા આવી ગયા છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘે ભારતના વૃદ્ધિદરનો અંદાજ ઈ. સ. ૨૦૧૮ -૧૯ માં ૬.૮ ટકા એટલે કે સાત ટકા જેટલો રાખ્યો હતો. ત્યારના એટલા ઊંચા વિકાસ દરનું એક કારણ એ પણ છે કે નોટબંધી પછી નાગરિકોના પૈસા બજારમાં થોડા સમય માટે ફરતા થયા હતા. ઉપરાંત કરન્સીમાં જ બચત રાખવાને બદલે નવા નવા રોકાણોમાં શ્રીમંતો વળ્યા હતા, જેની પ્રાસંગિક સકારાત્મક અસર વિકાસદર ઉપર થઈ હતી. અર્થશાસ્ત્રીઓ માને છે કે ત્યારે પણ દેશના ઔદ્યોગિક ઉત્પાદનો, સેવાઓ અને કૃષિક્ષેત્ર દ્વારા હાંસલ કરવાપાત્ર વિકાસ દર તો પાછળ જ રહ્યો હતો. નવા રોકાણોનો એ તબક્કો પૂરો થતાંવેંત જ આખરે વિકાસ દર નીચે આવી ગયો હતો.

**પ્રસંગ રંગ**
**- દિલીપ ભટ્ટ**

ભારત સરકારના આપણા આંકડાશાસ્ત્ર વિભાગે તો ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ માટે વિકાસદરનો અંદાજ માત્ર માઈનસમાં ઠરાવ્યો છે, જે વાસ્તવિકતાની બહુ નજીક છે. દુનિયાની ટોચની વિવિધ નાણાંકીય અને અર્થશાસ્ત્રીય સર્વેક્ષણ સંસ્થાઓએ આગામી એક વરસ સુધી વૈશ્વિક આર્થિક ચિત્ર ૨.૫ ટકાના વિકાસથી બહુ ઊંચો કૂદકો મારી શકે એમ નથી એવી દહેશત વ્યક્ત કરી છે. યુક્રેન યુદ્ધનો પણ વૈશ્વિક પ્રભાવ છે. રોજગારીના નવા વિકલ્પો શોધવા માટે શહેરીજનોમાં એક વ્યાકુળ દોડ ચાલુ થઈ છે અને ભારત પણ તેમાંથી બાકાત નથી. દેશના અર્થતંત્ર સાથેનો શેરબજારનો સંબંધ હવે પહેલા જેવો સંવેદનશીલ નથી. મંદીના આંચકા પચાવીનેય બજાર રહસ્યમય રીતે પોતાનો ચળકાટ જાળવે છે અને એટલે જ એ ચાલ મહદ અંશે ભેદી છે.

સીવીએમ યુનિવર્સિટી સંચાલિત સી.ઝેડ. પટેલ કોલેજ ઓફ બિઝનેસ એન્ડ મેનેજમેન્ટના એમબીએ પ્રોગ્રામના વિદ્યાર્થીઓ રાજદીપ પરમાર, વિવેક કંસારા, શ્રેયસ સોલંકી, શિવ શાહ અને રવિ રાઠોડની ટીમ દ્વારા મોંઘવારી પર એક વિશ્લેષણાત્મક અભ્યાસ કરતા ફુગાવાની સીધી અસર નાના શહેરોમાં રહેતા મધ્યમ વર્ગ પર સીધી અસર જોવા મળી રહી છે.

૫૦ હજારથી ઓછી આવક ધરાવતા ૭૦ ટકા પરીવારોને ઘર ખર્ચ સહિત મોજ,શોખ અને અન્યના ખર્ચમાં કાપ મુકવાનો વખત આવ્યો છે. બેંક સેવિંગ અને ફિક્સ ડિપોઝિટમાં પણ અસર જોવા મળી રહી છે. મોંઘવારીના દબાણમાં લોકોએ વિવેકાધીન ખર્ચ ઘટાડી સસ્તા વિકલ્પ અને જથ્થાબંધ ખરીદી તરફ વળ્યા છે. મોટા ભાગના પરીવારો નોકરી, વેપાર ધંધા સાથે પુરક આવક તરફ વળ્યા છે.

આણંદ અને નડિયાદમાં ૧૨૮૫ નાગરીકો સાથે મોંઘવારી અને ફુગાવા બાબતે ચર્ચા કરતા મોંઘવારીની સીધી અસર જીવનશૈલી પર પડી છે. ૬૮ ટકા નાગરિકોએ સ્વીકાર્યું કે મોંઘવારીએ તેમની બચત ક્ષમતા ઘટાડીને મૂંઝવણ ઊભી કરી છે. તેમાંથી ૩૧ ટકા લોકોએ કહ્યું કે મોંઘવારીની બચત પર ગંભીર અસર થઇ છે. જ્યારે ૩૭ ટકા લોકોએ થોડી અસર જણાવી. આ આંકડા દર્શાવે છે કે મોટા ભાગના લોકોના નાણાંકીય આયોજનમાં અનિવાર્ય રીતે ફેરફાર કરવો પડ્યો છે. જીવન જરૂરિયાતની વસ્તુ માટે સૌથી વધુ ૪૯ ટકા ખર્ચ નાગરિકો સૌથી વધુ ખર્ચ ખોરાક અને કરિયાણા ૪૯.૬% પર કરે છે. જે જીવન જરૂરીયાત છે. ત્યારબાદ પરિવહન ૪૧.૪% અને આરોગ્ય સંભાળ ૩૦૪% છે.

ભાડું/મકાન ૨૦,૪% અને શિક્ષણ ૧૯.૪% જેવા ખર્ચ પણ નોંધપાત્ર રીતે વધ્યા છે. આથી સ્પષ્ટ થાય છે કે ફુગાવો સામાન્ય લોકોના રોજિંદા જીવનના મૂળભૂત ખર્ચ પર સીધી અસર કરે છે.ખાસ નોંધપાત્ર બાબત એ રહી કે નવા યુવાનો અને નોકરીપેશા વર્ગમાં ડિજિટલ રોકાણ પ્લેટફોર્મ માટે વધતી જતી સ્વીકાર્યતા જોવા મળી હતી.૫૧ ટકા લોકોએ ડિજિટલ પ્લેટફોર્મ તરફ રૂચિ બતાવી છે. પરીક્ષણ મુજબ જુદા-જુદા વય જૂથોમાં ડિજિટલ રોકાણ અપનાવવાની તીવ્રતા અલગ રહી છે. યુવાનો તેમાં સૌથી આગળ રહ્યાં છે.

ગુજરાત સરકારે સરકારી કર્મચારીઓને ખુશખબર આપ્યા છે. આજે મળેલી કેબિનેટની બેઠકમાં રાજ્યના સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં વધારો કર્યો છે. સાતમા પગારપંચનો લાભ મેળવતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૨ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારના જે કર્મયોગીઓ છઠ્ઠા પગાર પંચનો લાભ મેળવતા એ કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૬ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ પહેલાં રાજ્ય સરકારે ડિસેમ્બર, ૨૦૨૪માં ૧ જુલાઈ ૨૦૨૪થી ૩ ટકાનો વધારો કરી ૫૩ ટકા મોંઘવારી ભથ્થું મંજૂર કર્યું હતું.

છઠ્ઠા તેમજ સાતમા પગારપંચનો લાભ મેળવતા રાજ્યસેવાના અને પંચાયત સેવા તથા અન્ય મળી ૪.૭૮ લાખ કર્મચારી અને ૪.૮૧ લાખ પેન્શનર્સને લાભ મળશે. આ મોંઘવારી ભથ્થાની ૩ માસની એટલે કે ૧ જાન્યુઆરી ૨૦૨૫થી ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીની તફાવતની રકમ એક હપતામાં એપ્રિલ-૨૦૨૫ના પગાર સાથે ચૂકવાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં રાજ્ય સરકારના કર્મચારીઓના વ્યાપક હિતમાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કરીને છઠ્ઠા તેમજ સાતમા પગારપંચનો લાભ મેળવતા રાજ્ય સરકારના કર્મચારીઓને કેન્દ્રના ધોરણે મોંઘવારી ભથ્થામાં વધારાનો લાભ તા.૧ જાન્યુઆરી, ૨૦૨૫થી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

એટલું જ નહિ, રાજ્ય સરકાર આ એરિયર્સ પેટે કુલ મળીને રૂ.૨૩૫ કરોડ રૂપિયાની કર્મચારીઓને ચુકવણી કરશે તથા વધારાના વાર્ષિક રૂ.૯૪૬ કરોડની ચુકવણી પગારભથ્થા-પેન્શન પેટે થશે. આ નિર્ણયના અમલ માટે નાણાં વિભાગ દ્વારા જરૂરી આદેશો કરવા અંગેની પણ સૂચનાઓ આપવામાં આવી છે.

આ પહેલાં કેન્દ્ર સરકારે જાન્યુઆરી ૨૦૨૫મા કેન્દ્ર પોતાના કર્મચારીઓને વધારો આપ્યો હતો. રાજ્ય સરકારના કર્મચારીઓને હાલ ૫૩% ડીએ મળે છે, હવેથી ૫૩ને બદલે રાજ્યના કર્મચારીઓને ૫૫ ટકા DA મળશે, જોકે વધારેલું DA ક્યારથી લાગુ થશે એ અંગે સત્તાવાર જાહેરાતમાં ખબર પડશે.

# શારદીય નવરાત્રી ક્યારે શરૂ થશે? જાણો તમામ વિગતો

એવી ધાર્મિક માન્યતા છે કે જગત જનની મા દુર્ગાની પૂજા કરવાથી ભક્તની દરેક મનોકામના પૂર્ણ થાય છે. આ સાથે સુખ અને સૌભાગ્યમાં વધારો થાય છે.

સનાતન ધર્મમાં શારદીય નવરાત્રીનું વિશેષ મહત્વ છે. તેમાય ગુજરાતીઓ તો શારદીય નવરાત્રીની આતુરતાથી રાહ જોતા હોય છે. ગુજરાતના ગરબા વિશ્વભરમાં લોકપ્રિય છે. જે ગુજરાતીઓની ઓળખ બની ગઈ છે. જે નવરાત્રીના નવે નવ દિવસ રમાય છે. આ તહેવાર દર વર્ષે આસો મહિનાના સુદ પક્ષની પ્રતિપદાથી નવમી તિથિ સુધી ઉજવવામાં આવે છે. આ સમય દરમિયાન જગત જનની આદિશક્તિ મા દુર્ગા અને તેમના નવ શક્તિ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે. ઉપરાંત, મા દુર્ગાના નામે નવ દિવસ ઉપવાસ રાખવામાં આવે છે.

એવી ધાર્મિક માન્યતા છે કે જગત જનની મા દુર્ગાની પૂજા કરવાથી ભક્તની દરેક મનોકામના પૂર્ણ થાય છે. આ સાથે સુખ અને સૌભાગ્યમાં વધારો થાય છે. દેવી મા દુર્ગા પોતાના ભક્તો પર આશીર્વાદ વરસાવે છે. તેમની કૃપાથી ભક્તોના બધા દુઃખ દૂર થાય છે. ચાલો જાણીએ શારદીય નવરાત્રીની તારીખ અને શુભ સમય-

ગુજરાતી કેલેન્ડર મુજબ, આસો મહિનાના સુદ પક્ષની પ્રતિપદા તિથિ ૨૨ સપ્ટેમ્બરના રોજ સવારે ૦૧:૨૩ વાગ્યે શરૂ થશે. તે જ સમયે, આ તિથિ ૨૩ સપ્ટેમ્બરના રોજ સવારે ૦૨:૫૫ વાગ્યે સમાપ્ત થશે. સનાતન ધર્મમાં ઉદય તિથિ માનવામાં આવે છે. તેથી, ૨૨ સપ્ટેમ્બર સોમવારથી શારદીય નવરાત્રિ શરૂ થશે. આ ખાસ તિથિ પર ઉત્તરાફાલ્ગુની અને હસ્ત નક્ષત્રનો સંયોગ છે. આ વર્ષે શારદીય નવરાત્રિ ૨૨ સપ્ટેમ્બરથી ૦૧ ઓક્ટોબર સુધી છે. તે જ સમયે, દશેરા એટલે કે વિજયાદશમી ૦૨ ઓક્ટોબરના રોજ છે.

જ્યોતિષીઓના મતે, શારદીય નવરાત્રીના શુભ અવસર પર ઘટસ્થાપન મુહૂર્ત ૨૨ સપ્ટેમ્બરના રોજ સવારે ૦૬:૦૯ થી ૦૮:૦૬ સુધી છે. તે જ સમયે, અભિજીત મુહૂર્ત ૧૧:૪૯ થી ૧૨:૩૮ સુધી છે. આ બે શુભ યોગ સમય દરમિયાન ઘટસ્થાપન કરવામાં આવશે અને મા દુર્ગાની પૂજા કરવામાં આવશે.




# સાબુદાણા ખાવાથી મળે છે આ ૬ અદભુત ફાયદા



સાબુદાણા સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. ઘણીવાર લોકો ઉપવાસ દરમિયાન સાબુદાણામાંથી અનેક પ્રકારની વાનગીઓ બનાવે છે. ઘણા લોકો તેને નાસ્તામાં ખાવાનું પસંદ કરે છે. સાબુદાણામાંથી બનેલી ખીર, સાબુદાણાની ખીચડી, વડા વગેરે ખૂબ જ સ્વાદિષ્ટ હોય છે. તે પોષક તત્વોથી ભરપૂર ખોરાક છે. તેમાં ફાઈબર, આયર્ન, પોટેશિયમ, કેલ્શિયમ અને એન્ટી-ઓક્સિડન્ટ ગુણધર્મો ભરપૂર માત્રામાં હોય છે, જે સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે. તો ચાલો જાણીએ સાબુદાણાના ફાયદા શું છે.

### ૧). હાડકાં માટે ફાયદાકારક

સાબુદાણામાં વિટામિન ઊં, આયર્ન, કેલ્શિયમ પૂરતા પ્રમાણમાં જોવા મળે છે. જે હાડકાં માટે ફાયદાકારક છે. મજબૂત હાડકાં માટે તમે નિયમિતપણે સાબુદાણાનું સેવન કરી શકો છો. તે હાડકાંના વિકાસમાં ખૂબ મદદરૂપ થાય છે.

### ૨). રક્ત પરિભ્રમણમાં મદદરૂપ

સાબુદાણામાં આયર્ન ભરપૂર માત્રામાં જોવા મળે છે, જે લાલ રક્તકણોના નિર્માણમાં મદદરૂપ થાય છે. તે શરીરમાં લોહીની ઉણપને પૂર્ણ કરી શકે છે. જો તમે એનિમિયાથી પીડિત છો, તો સાબુદાણાને તમારા આહારનો એક ભાગ બનાવો.

### ૩). હાઈ બ્લડ પ્રેશરમાં લાભ

જે લોકોને હાઈ બ્લડ પ્રેશર હોય છે, તેમના માટે સાબુદાણાનું સેવન ફાયદાકારક છે. તેમાં રહેલું પોટેશિયમ લોહી ગંઠાઈ જવાનું જોખમ ઘટાડે છે. તેના સેવનથી શરીરના ભાગોમાં રક્ત પ્રવાહ વધી શકે છે.

### ૪). પ્રોટીનનો સમૃદ્ધ સ્ત્રોત

તેમાં પૂરતા પ્રમાણમાં પ્રોટીન જોવા મળે છે. શાકાહારીઓ માટે તે પ્રોટીનનો સારો સ્ત્રોત છે. પ્રોટીનયુક્ત આહાર માટે તમે તમારા આહારમાં સાબુદાણાનો સમાવેશ કરી શકો છો.

### ૫). પાચન શક્તિમાં વધારો

સાબુદાણામાં ભરપૂર માત્રામાં ડાયેટરી ફાઈબર હોય છે. જે પાચન માટે ખૂબ જ ફાયદાકારક છે. તેના સેવનથી કબજિયાત, સોજો વગેરે જેવી સમસ્યાઓમાં રાહત મળે છે.

### ૬). વજન વધારવા માટે

સાબુદાણામાં કાર્બોહાઈડ્રેટ્સ અને કેલરી સારી માત્રામાં જોવા મળે છે. જો તમે વજન વધારવા માંગતા હો, તો તમે તમારા આહારમાં સાબુદાણામાંથી બનાવેલી વાનગીઓનો સમાવેશ કરી શકો છો.

# આ દુનિયામાં કેટલાક લોકો અપાર સુખને માણી શકતા નથી

## કેટલાક લોકો દામ્પત્ય જીવનની ભૂલભુલામણીમાં અટવાઈ જાય છે. જે ઘરમાં પતિ અને પત્ની ઉંદર-બિલાડીની રમત રમતા હોય એ ઘરનો વિનાશ નક્કી હોય છે....!



**કોફી હાઉસ**
**દિલીપ ભટ્ટ**

કેટલાક લોકો સુખને માણી શકતા નથી. અપાર સુખની વચ્ચે પણ તેઓ જાણે કે ખુદ નવા દુઃખને શોધવા નીકળે છે. સુખમાં તેઓ જંપીને રહેતા જ નથી. એમના મનમાં સળવળ થયા જ કરે છે. ક્યારેક એમ થાય કે અરે આટલું બધું સુખ છે તો આ લોકો નવા ઉત્પાત શા માટે મચાવતા હશે ? પરંતુ આ દુનિયામાં એવા પણ લોકો છે કે જેમને દુઃખનું વ્યસન થઈ ગયું હોય છે. તેઓનું કામ ભોંમાંથી ભાલા શોધવાનું એટલે કે ન હોય એમાંથી આપત્તિ ઊભી કરવાનું છે. તેઓ એક સરસ મજાની જાળ ગૂંથવામાં વ્યસ્ત હોય છે પરંતુ એ જાળનો છેડો આવવાનો થાય ત્યારે એમને ખ્યાલ આવે છે કે આપણે પોતે જ આ જાળમાં ફસાઈ ગયા છીએ. પછી એમાંથી બહાર આવવાનું કામ અસંભવ હોય છે. જાણીતી કથા છે કે સોક્રેટિસને રાજાએ જેલમાં પૂર્યા ત્યારે એના કેટલાક શિષ્યો અને ચાહકોને પણ સાથોસાથ પૂર્યા. એમાં એક લુહાર પણ હતો. એણે કહ્યું કે દુનિયાની કોઈ પણ હાથકડી હું રમત રમતમાં ખોલી શકું છું.

પછી જ્યારે ચન્દ્ર ઉપર આવ્યો અને જેલમાં અજવાળું થયું ત્યારે સાથીઓએ કહ્યું કે હવે તો હાથકડી ખોલી બતાવ. અજવાળામાં હાથકડી જોઈને લુહારે કહ્યું કે આ તો મારી જ બનાવેલી હાથકડી છે, આ મારાથી નહિ ખુલે. પોતાની બનાવેલી હાથકડી જ્યારે પોતાના જ હાથમાં આવે છે ત્યારે મુક્તિનો કોઈ માર્ગ મળતો નથી. દેશની વિખ્યાત કોફી બ્રાન્ડ સીસીડી એટલે કે કોફી કાફે ડે ના સર્વેસર્વા મિસ્ટર વી. જી. સિદ્ધાર્થ થોડા દિવસો પહેલાં એકાએક ગુમ થઈ ગયા અને પછીથી ખ્યાલ આવ્યો કે એમણે જાતે જ સ્વનિર્ણયથી આ દુનિયા છોડી દીધી છે. તેઓ દેશની સૌથી પ્રતિષ્ઠિત કાફે ચેઈનના માલિક હતા. જે લોકો અનેક પ્રકારના સુખ વચ્ચે આળોટતા હોય તેમને એ સુખ લેતા ન આવડતું હોવાના દાખલાઓ આ સંસારમાં ઓછા નથી. સિદ્ધાર્થ એનો એક વધારાનો નમૂનો છે.

કેટલાક લોકો દામ્પત્ય જીવનની ભૂલભુલામણીમાં અટવાઈ જાય છે. જે ઘરમાં પતિ અને પત્ની ઉંદર-બિલાડીની રમત રમતા હોય એ ઘરનો વિનાશ નક્કી હોય છે. સિદ્ધાર્થની પત્ની માલવિકા પર કોઈને શંકા જાય એમ નથી કારણ કે પાછળથી મળી આવેલા કેટલાક પત્રોમાં સિદ્ધાર્થે કંપનીની નબળી આર્થિક પરિસ્થિતિની વાતો લખી છે. સિદ્ધાર્થને બે બાળકો છે. માલવિકા એક ચાલાક સ્ત્રી છે. દામ્પત્યમાં ચાલાકી જીવલેણ નીવડે છે. સિદ્ધાર્થના કેટલાક અંતરંગ મિત્રોએ સોશ્યલ મીડિયામાં પરોક્ષ રીતે સિદ્ધાર્થના આત્મઘાતી પગલાના કારણ તરીકે તેની પત્ની માલવિકા તરફ આંગળી ચિંધી છે. માલવિકા કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન એસ. એમ. ક્રિષ્નાની લાડકી પુત્રી છે.

કેટલીક સ્ત્રીઓ એમની સખીઓને કહે છે અને સોશ્યલ મીડિયામાં જાહેર કરે છે કે અમારા ઘરમાં તો રાજકારણ બહુ છે. જેના ઘરમાં રાજકારણ પ્રવેશી જાય એમણે એ ઘર પછીથી ખાલી કરવાનો વારો આવે છે. મિસ્ટર બી. જી. સિદ્ધાર્થ અબજો રૂપિયાની સંપત્તિના માલિક હતા. હજારો એકર જમીનમાં કોફી વાવીને ઉછેરતા હતા. સીસીડી દ્વારા દેશભરમાં તેમણે એક રીતે કોફીપ્રિય લોકોને પોતાના રેસ્ટોરૉંમાં એકત્રિત કર્યા હતા. કોફી કલ્ચરની તેમણે ભારતમાં શરૂઆત કરી હતી. પરંતુ તેમના ઘરમાં શાંતિ ન હતી. એમના પત્ની માલવિકા નાની નાની વાતમાં ખોટું બોલતા અને વારંવાર કલહ કરતા. મિસ્ટર સિદ્ધાર્થ પોતાની જ ક્ષમતા બહારની મહત્ત્વાકાંક્ષાઓનો શિકાર બન્યા છે. તેમણે પછેડી પ્રમાણે સોડ તાણવાને બદલે એટલો મોટો પથારો કર્યો કે છેવટે આ જગતમાં એમની કંપનીઓ તો રહી પણ તેઓ પોતે જ ન રહ્યા.

સિદ્ધાર્થ આખા દેશના આંતરપ્રિનિયોર યુવાનો માટે એક દીવાદાંડી છે. એ સહુને એક ઉચ્ચાર્યા વિનાનું ભાષણ આપતા ગયા છે જે સમજનારાઓએ સમજવાનું છે, ના સમજે વો અનાડી હૈ...! સિદ્ધાર્થનું કહેવું એમ છે કે તમારા સપનાઓને એટલા બધા ન વિસ્તારો કે તમે પહોંચી ન વળો. તમારી પોતાની પાંખે જેટલું ઉડી શકાય એટલું ઉડો. પરંતુ જે કદી ભરપાઈ કરી ન શકાય અથવા બીજાઓની પિચ્છકલા કે બીજાઓની પાંખે ઉડવાના મનોરથો કરવાનો આ સમય નથી. એવો સમય આવે ત્યારની વાત ત્યારે. અટાણે તો ઘર-પરિવારને સંભાળીને જિંદગીને શાંત સાગર પર વહેતી કુશળ ખલાસીની નૌકાની જેમ કિનારા તરફ વહેવા દો.


આર્થિક સંસાધનો વિનાની વિકાસની હરણફાળ કંપનીને અને એના માલિકને પછાડે છે. ગામડાંગામના લોકો લાખો રૂપિયા ભલે કમાતા નથી પરંતુ એમની જિંદગી એમના હાથમાં છે ને પરિવારના સાથમાં છે. આ જગતમાં પરિવારનો મોભી ચિરવિદાય લઈ લે એટલે એ પરિવારની માથેથી છત્ર ખસી જાય છે. આ છત્રભંગ યોગ છે. ઘરનો મોભી ન હોય એ ઘરને ચારેય દિશાના વા વાય એમ અમથું તો નહિ કહેવાયું હોય. કિંમત મનુષ્યના પોતાના અસ્તિત્વની છે. બધું જ નિરર્થક થઈ જાય છે જ્યારે એક આખેઆખો ઈન્સાન જ જતો રહે છે. એમાંય કુદરતી કે આકસ્મિક કારણોસરનું ગમન તો માણસના કાબૂ બહારની વાત છે પરંતુ આત્મઘાતક રીતે જવું એ પાછળ રહેલા પરિવાર માટે અસહ્ય આઘાતની વાત છે.

સીસીડી એટલે કે કોફી કાફે ડે એ ભારતના તમામ શહેરોમાં ફેલાયેલી વિખ્યાત કોફી ચેઈન છે. દિવસે અને રાતે મોડે સુધી બુદ્ધિજીવીઓ ત્યાં ટોળે વળે છે. કલકત્તામાં એક કોફી હાઉસ છે. એક જમાનામાં એટલે કે આઝાદી પહેલાના વરસોમાં કલકત્તા ભારતનું પાટનગર કક્ષાનું કેન્દ્ર હતું. રવીન્દ્રનાથ ટાગોર અને વિભૂતિભૂષણ બંદોપાધ્યાય, શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય અને બંકિમ ચંદ્ર સહિતના તમામ કલા-સાહિત્ય-સંગીતના જ્યોતિર્ધરો એ કોફી હાઉસમાં કલાકો સુધી ચર્ચા કરવા બેસતા.

એના પરથી જ સિદ્ધાર્થે કોફીની ચેઈન બનાવી અને તેમણે સફળતા પણ મેળવી પરંતુ એ દેખીતી ચમકની પાછળ તેમણે કંઈ કેટલાય અંધારાઓ છુપાવી રાખ્યા હતા જે આખરે હવે જાહેર થયા. કોઈ પણ ઘા છુપાવવાથી વધે જ છે.

જિંદગી આ સમગ્ર બ્રહ્માંડમાં કુદરતે વ્યક્તિગત રીતે આપણને આપેલો અનુપમ ઉપહાર છે. એ જરા પણ વેડફાઈ ન જાય એની મનુષ્યમાત્રે સાવધાની રાખવાની હોય છે. ઉત્તરકાણ્ડમાં અયોધ્યાનો કારભાર ચલાવતા અલિપ્તભાવના ધરાવતા ભરત, રામની રાહ જોઈ જોઈને થાકી ગયા હતા. કારણ કે ૧૪ વરસની મુદત પૂરી થઈ ગઈ હતી. ત્યારે તેઓ જાતે તૈયાર કરેલી ચિતામાં કૂદી પડવા ચાહતા હતા ત્યારે વશિષ્ટ મુનિએ એમને રોક્યા અને કહ્યું કે હે ભરત, ભાવિ પ્રબળ હોય છે. જીવન પર વિશ્વાસ રાખ. ભવિષ્યના ઉજ્જ્વળ દિવસો માટે તારા અસ્તિત્વને ટકાવી રાખ. એટલે ભરત અટકી ગયા. પછીની થોડીક જ વારમાં રામ, લક્ષ્મણ, જાનકી પુષ્પક વિમાનમાં સવાર થઈ અયોધ્યા આવી પહોંચ્યા. સાથે હનુમાનજી પણ હતા. જિંદગીમાં શુભ મંગલ તત્ત્વના આગમનની પ્રતિક્ષા અને ધીરજ એ વશિષ્ટ મુનિએ આપેલો બોધ છે.

# વૈજ્ઞાનિક અભિગમ અને અવલોકન દ્વારા કોઈપણ વ્યક્તિ વૈજ્ઞાનિક બની શકે એમ છે



**વિજ્ઞાન ગાથા**
**ધનંજય રાવલ**

છેલ્લા એક મહિનાના સમય ગાળામાં મને બે જગ્યાએથી ઉલ્કાઓ મળી આવ્યા ના સમાચાર મળ્યા. એટલું જ નહીં પણ એ બંને મિત્રોએ મને કહેવાતી ઉલ્કાઓ મોકલી આપી. નર્મદા જિલ્લામાંથી ઉલ્કા જેવા લાગતા પથ્થરો વિકી મહેતા મારી પાસે લઈને આવ્યા. જોતા વેંત ખબર પડી ગઈ કે આ ઉલ્કા નથી. પરંતુ તે ઉલ્કા છે કે નહીં એનું સર્ટિફિકેટ હું આપું એના બદલે કોઈ ઓથોરાઈઝ પર્સન આપે તો તેને વિશ્વાસ બેસે એવું લાગ્યું. ત્યારે અમે તેને લઈને પી.આર.એલ. ના સિનિયર સાઇન્ટીસ્ટ પ્રોફેસર નરેન્દ્ર ભંડારી ને ત્યાં લઈ ગયા. તેઓ તરત જ મેગ્નિફાઈંગ લેન્સ અને નીઓડિયમ મેગ્નેટ લઈને આવ્યા. પ્રાથમિક તપાસ માં જ જ ખબર પડી ગઈ કે આ ઉલ્કા નથી.

ચેન્નઈ રહેતા મારા અન્ય એક મિત્રને આવી ઉલ્કા જેવા લાગતા પથ્થરના ટુકડાઓ ક્યાંકથી પ્રાપ્ત થયા. તે ટુકડાઓ મને મોકલી આપ્યા. આ બંને મિત્રો ખગોળ પ્રેમીઓ. આ વિષય પર એમનાથી હું વધુ જાણકાર છું એમ સમજીને મને મોકલી આપ્યા છે. હું કોઈ વૈજ્ઞાનિક નથી પરંતુ અનેક વૈજ્ઞાનિકો ના આસિસ્ટન્ટ તરીકે કામ કરવાનો મોકો મળ્યો. વર્ષોથી ઈસરોના ઘણા બધા પ્રોજેક્ટમાં અમારી ભાગીદારી રહી છે. ખગોળશાસ્ત્રમાં ખૂબ જ રસ હોવાને કારણે ઘણા બધા વૈજ્ઞાનિકો ની સાથે ગહન ચર્ચા પણ સતત થતી હોવાથી એ લોકોના માર્ગદર્શન પ્રમાણે કામ કરતા હોઈએ છીએ. વર્ષો પહેલા પી.આર.એલ. ના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડોક્ટર જે. આર. ત્રિવેદીએ ધજાળા માં પડેલી ઉલ્કાઓ એકત્ર કરવામાં એક ગુજરાતી તરીકે આગળ પડતો ભાગ નિભાવ્યો હતો. આ વિષયના ઊંડા રસને કારણે એમણે મારી ઓળખાણ સિનિયર સાયન્ટિસ્ટ પ્રોફેસર નરેન્દ્ર ભંડારી સાથે કરાવી આપી હતી. અવકાશી સંશોધન માં ઉલ્કાઓ ખૂબ જ મોટો ભાગ ભજવે છે. અવકાશની માટી એકત્ર કરવી હોય તો બ્રહ્માંડમાં અવકાશયાન મોકલવું પડે. આ અવકાશયાન જેતે જગ્યાએથી આવા પથરાવો એકત્ર કરીને વળી પાછું પૃથ્વી પર આવે એવી વ્યવસ્થા કરવી પડે. મનુષ્યએ બનાવેલા અવકાશયાન માં માત્ર વોએજર-૨ આપણી સૂર્યમાળાની બહાર પહોંચી શક્યું છે. એ પણ ૪૫ વર્ષ પછી. તો પછી બ્રહ્માંડની વાત ક્યાં કરવી. ઉલ્કાઓ બ્રહ્માંડના જુદા જુદા ખૂણેથી પૃથ્વી પર અવતરણ પામે છે. આ ઉલ્કાઓ વૈજ્ઞાનિકો પાસે બને એટલી જલ્દી પહોંચે તેટલું સંશોધન સારી રીતે કરી શકે છે. ઉલ્કાઓ ધરતી પર પડ્યા પછી વૈજ્ઞાનિકો પાસે પહોંચાડવાનું કામ મારા તમારા જેવા ખગોળ પ્રેમીઓ કરે છે. આવા ઘણા મિશનમાં અમે સક્રિય પણે ભાગ લીધો છે. સમગ્ર ભારતમાં અમારું ગ્રાઉન્ડ નેટવર્ક મજબૂત હોવાને કારણે આવી કોઈ પણ ઘટના બને ત્યારે તેના સમાચાર અમારી પાસે આવી જાય છે. અમે વૈજ્ઞાનિકોના માર્ગદર્શન હેઠળ આવી ઉલ્કાઓ શોધવાનો પ્રયત્ન કરતા હોઈએ છીએ.

આવી ઉલ્કાઓ જુદી જુદી રીતે શોધી શકાય, ઓળખી શકાય. જો આ ઉલ્કા આકાશમાંથી તમને ખરતી દેખાય તો જેટલા લોકોએ જુદી જુદી જગ્યાએથી ખરતી જોયેલી હોય તેમના ડેટા એકત્ર કરીને ચોક્કસ જગ્યા નું આકલન કરી શકાય છે. આપણે કોઈ ઉલ્કા ખરતી જોઈ હોય પરંતુ તે આપણાથી ૫૦૦-૬૦૦ કિલોમીટર દૂર પણ પડેલી હોઈ શકે. આકાશમાંથી ખરતી દેખાતી વસ્તુ ઉલ્કા છે કે બીજું કંઈ તે નક્કી કરવાના જુદા જુદા પેરામીટર છે. એ ઉલ્કા જેવી દેખાતી વસ્તુ સળગતી હોય ત્યારે કયા રંગની જ્વાળા ઉત્પન્ન કરે છે, તેના આધારે તે ઉલ્કા છે કે નહીં અને જો એ ઉલ્કા હોય તો એ ક્યાંથી આવી હોય તેના પણ અમુક સિદ્ધાંતો છે.

આ પ્રકારની ઉલ્કાઓ શોધી કાઢવાના અમુક નુસ્ખા છે. આકાશમાંથી જ્યારે ઉલ્કા ખરતી હોય ત્યારે તેમાં વિસ્ફોટ થઈને જુદા જુદા ભાગમાં વિખેરાતી દેખાય અને તે વિસ્ફોટનો અવાજ પણ સંભળાય તો તેનો અર્થ એ થાય કે આ ઉલ્કાઓ ૧૦ થી ૨૦૦ કિલોમીટરના અંતરમાં ક્યાંક પડી હશે. ઘણી વખત આપણા કાનની બાજુમાંથી બંદૂકની ગોળી પસાર થઈ ગઈ હોય તેવો વ્હીસલિંગ સાઉન્ડ સાંભળવા મળે તો તેનો અર્થ એ થાય કે આ ઉલ્કા તમારી બિલકુલ નજીક આસપાસ ક્યાંય પડી હોવી જોઈએ. વિસ્ફોટ થયા પછી પણ તે ખૂબ દૂર સુધી અંતર કાપે છે. જો કોઈપણ જાતનો અવાજ સંભળાયો જ ન હોય તો તે ખૂબ જ દૂર ક્યાંક પડેલી હોવી જોઈએ. આવી ઉલ્કાઓ જ્યાં પડી હોય ત્યાં તેના કદ પ્રમાણે ખાડા પણ પડી જાય છે. ઘણી વખત ખાડાની સાઈઝ પરથી પણ નક્કી થાય છે કે ઉલ્કા કેટલી મોટી હશે.

ખૂબ જ મોટા આકારની ઉલ્કાઓ હોય તો તેનો અવાજ દૂર સુધી સંભળાય છે. વર્ષો પહેલા ધજાળામાં પડેલી ઉલ્કાનો અવાજ છેક આણંદમાં પણ સંભળાયો હતો. એ અવાજ કઈ કઈ જગ્યાએ સંભળાયો હતો તેની વિસ્તૃત નોંધ લઈને તેનો પ્રવાસ માર્ગ નક્કી કરી શકાય છે. આ બધી વસ્તુની જો તમને ખબર હોય તો આવી ઘટના જ્યારે બને ત્યારે તમે તેની નોંધ લઈ શકો છો. આ નોંધ વૈજ્ઞાનિકો માટે ખૂબ જ અગત્યની સાબિત થાય છે.

### અહીના લોકોને નેવુંથી ૧૦૦ સુધીના દસ આંકડાઓમાં જ રસ છે, એકથી નેવું વચ્ચે લાવતા કોઈ જીવાત્માનું અહી માન નથી

# આપઘાતનો વધતો કોટા : તાકાત ન હોય તો વાલીઓ એના સંતાનોને અઘરાં લક્ષ્ય ન આપે તે જરૂરી છે



**કરંટ અફેર્સ**
**ભવ્ય લિમ્બાણી**

આઈઆઈટીની તૈયારી કરનારા વિદ્યાર્થીઓ માટે કોટા એટલે મક્કા-મદીના અને જેરુસલેમ. ઇન્ડિયાનું કોચિંગ હબ. રાજસ્થાનનું એ શહેર કોઈ સીટી નથી બાકી એક વિરાટ હોસ્ટેલ છે. જ્યાં બધા વિદ્યાર્થીઓ જ રહે છે. અહી ઘરો નથી, પેઈંગ ગેસ્ટ હાઉસ છે. અહી રેસ્ટોરન્ટો નથી, મેસ છે અને કેન્ટીન છે. આ એ કોટા છે જ્યાં ઓછા મેમરી પાવર વાળાને તો શહેરમાં ઘુસવા પણ નથી દેતા. જ્યાંવેકેશનનામની પ્રથા જ નથી એ છે કોટા. ચારેબાજુ ફીઝીક્સ, કેમેસ્ટ્રી, મેથ્સ અને બાયોલોજી સિવાય પાંચમો વિષય જ નથી હોતો વાત કરવા માટે. સિક્યોરીટી ગાર્ડ હોય કે રીક્ષા વાળો, બધા આઈઆઈટીની તૈયારી કરતા હોય છે કે કરી ચુક્યા હોય છે. આખું શહેર પરીક્ષામાં ઝળકેલા 'તેજસ્વી તારલા'ના હોર્ડિંગથી છલકાઈ ગયું હોય છે. અહી સમોસા મળે છે તો એ પસ્તીમાં નહિ, ઓર્ગેનીક કેમેસ્ટ્રીની ટેક્સ્ટબુકના પાનામાં. અહીના લોકોને નેવુંથી ૧૦૦ સુધીના દસ આંકડાઓમાં જ રસ છે. એકથી નેવું વચ્ચે લાવતા કોઈ જીવાત્માનું અહી માન નથી.

ઈ. સ. ૨૦૨૩ માં રાજસ્થાનના કોટા શહેરમાં ત્રેવીસથી વધુ વિદ્યાર્થીઓએ દુઃખદ રીતે પોતાનો જીવ લીધો. ૨૦૨૪ પૂરું થાય એ પહેલા આપઘાત કરનારા વિદ્યાર્થીઓનો આંકડો ગઈ સાલના આંકડા કરતા વધી ગયો છે. ભારત નવરાત્રીનની સમાપ્તિ પછી દિવાળીની તૈયારી કરવામાં મશગુલ છે. પણ એ જ ભારતની અંદર એક યુવા ભારત વસે છે જે ટેક્સ્ટબુકના બે પૂઠા વચ્ચે જ મને કે કમને પોતાના તહેવારો ઉજવશે. કોટા એ શહેર છે જે તેની કોચિંગ સંસ્થાઓ માટે પ્રખ્યાત છે. કોટામાં ભણવા માટે આખા દેશમાંથી વિદ્યાર્થીઓ આવે છે. મમ્મી-પપ્પા બીજા રાજ્યમાં રહેતા હોય અને એનું બાળક રાજસ્થાનના કોટામાં આપઘાત કરી લે એવા સમાચાર જ્યારે એ જન્મદાતા પાસે પહોંચે ત્યારે માથે કેવું આભ તૂટતું હશે તેની કલ્પના આપણે કરી શકીએ એમ નથી.

કોટા સમગ્ર દેશમાંથી વિદ્યાર્થીઓને એન્જિનિયરિંગ અને મેડિકલ પરીક્ષાઓની તૈયારી માટે આકર્ષે છે. તીવ્ર સ્પર્ધા અને સફળ થવાના દબાણને કારણે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ આત્મહત્યા કરી રહ્યા છે. આ વાત સરકારથી પણ અજાણ નથી. જે વાલીઓ એના બાળકને અહી ભણવા મોકલે છે તેઓને પણ આ હકીકત ખબર છે. કોટા સિવાય પણ ભારતના બીજા શહેરોમાં વિદ્યાર્થીઓના આપઘાતના કિસ્સાઓ વધી રહ્યા છે. રસ્તા ઉપરના અકસ્માત નહિ પણ રૂમનો પંખો મોતનું કારણ બને છે. આ અતિદુખદ વાસ્તવિકતા છે.

કોટામાં ઉચ્ચ અપેક્ષાઓ સાથે સ્પર્ધાત્મક વાતાવરણ પણ વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર કરે છે. પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં બેઠક મેળવવાનું દબાણ લાંબા સમય સુધી અભ્યાસના કલાકો તરફ દોરી જાય છે, જે માનસિક સ્વાસ્થ્ય કટોકટી તરફ દોરી જાય છે. આર્થિક રીતે નબળી પૃષ્ઠભૂમિમાંથી આવતા વિદ્યાર્થીઓને વધારાના તાણનો સામનો કરવો પડે છે અને કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન ભણતરની ખોટને કારણે દબાણ વધ્યું છે. અભ્યાસની તકનીકો પર ધ્યાન કેન્દ્રિત કરવાથી વિદ્યાર્થીઓની માનસિક સુખાકારીની અવગણના થાય છે.

કોટામાં હવે હેલ્પલાઇન નંબર, પોલીસ બૂથ અને કાઉન્સેલિંગ સેવાઓ છે; પરંતુ નિષ્ણાતો માને છે કે નિવારણ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આરામ સાથે અભ્યાસના સમયને સંતુલિત કરવું, સંચારને પ્રોત્સાહિત કરવો અને વિદ્યાર્થીઓને તેમની રુચિઓ શોધવામાં મદદ કરવી એ ઉકેલો સૂચવવામાં આવ્યા છે. માતાપિતાને આગ્રહ કરવામાં આવે છે કે તેઓ તેમના બાળકોને રોકાણ/ઇન્વેસ્ટમેન્ટ તરીકે ના જુએ. IIT પ્રવેશ પરીક્ષાને વૈશ્વિક સ્તરે સૌથી અઘરી પરીક્ષાઓમાંની એક ગણવામાં આવે છે, જેનો સ્વીકૃતિ દર ખૂબ જ ઓછો છે. IIT-JEE જેવી પરીક્ષાઓમાં સફળ થવા માટે તીવ્ર સ્પર્ધા અને દબાણ વિદ્યાર્થીઓ માટે પડકારજનક વાતાવરણ બની જાય છે (અથવા તો કોચિંગ ક્લાસ બનાવે છે). પ્રતિષ્ઠિત કોલેજોમાં પ્રવેશ મેળવવાનું સ્વપન એકમાત્ર ધ્યાન બની જાય છે.

જેમાં વિકલ્પો માટે થોડી જગ્યા રહે છે. IIT જેવી સંસ્થાઓની પ્રતિષ્ઠા સાથે સામાજિક અને વાલીઓનું દબાણ યુવા વિદ્યાર્થીઓ માટે આ પરીક્ષાઓથી આગળ જોવાનું મુશ્કેલ બનાવે છે. વિદ્યાર્થીઓની સુખાકારીને ધ્યાનમાં લીધા વિના સફળતા પર ભાર મૂકે તેવો માહોલ બનાવવાનો ભાર અને તે વાંક સિસ્ટમ, માતાપિતા અને સમાજ ત્રણેય ઉપર છે.

કોચિંગ ક્લાસ અને તીવ્ર સ્પર્ધા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે પુનઃમૂલ્યાંકનની જરૂર છે. શિક્ષણ પ્રણાલી અને સમાજે વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવી જોઈએ અને દબાણ ઘટાડવાના વિકલ્પો પૂરા પાડવા જોઈએ. વધતા જતા આપઘાતના કિસ્સાઓ દ્વારા યુવાધનનું ક્યારેય ન પૂરી શકાય એવું નુકસાન થઇ રહ્યું છે. આશા મહત્વની છે અને જ્યારે વિદ્યાર્થીઓ આશા ગુમાવે છે ત્યારે કોટા જેવી દુઃખદ ઘટનાઓ બને છે. વિદ્યાર્થીઓને જે પડકારોનો સામનો કરવો પડે છે તે ઓળખવા, માનસિક સ્વાસ્થ્યની ચિંતાઓને સંબોધવા અને વધુ સંતુલિત અને સહાયક શૈક્ષણિક વાતાવરણને પ્રોત્સાહન આપવું આવશ્યક છે. કોચિંગ ક્લાસ માટેના નવા નિયમો આવ્યા છે. પણ તેનાથી આપઘાતનું પ્રમાણ ઘટ્યું નથી.

# મધ્ય-ઉત્તર અને દક્ષિણ ગુજરાતના ૧૧૩ તાલુકામાં મેઘ મહેર

## ધંધુકામાં ત્રણ, પેટલાદ, ખંભાત, બોરસદમાં પોણા ત્રણ, આણંદ, દસક્રોઈમાં ૨। અને ૮ તાલુકામાં ઝાપટાથી દોઢ ઈંચ વરસાદ

**સમય મિરર । રાજકોટ**

ગુજરાતમાં ચોમાસાની ધમાકેદાર એન્ટ્રી થઈ છે. સૌરાષ્ટ્રને તરબોળ કરનાર મેઘરાજાએ ઉત્તર-મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ધીમુ વ્હાલ વરસાવ્યુ છે. પરંતુ આ ધીમા વહાલથી પણ મોટાભાગના ગામડાઓમાં પાણી ભરાયા છે. અને રસ્તાઓ પણ ડુબમાં ગયા છે. ધંધુકા હાઈવે પર પાણી ફરીવળતા થોડા સમય માટે તેને બંધ કરવામાં આવ્યો હતો. કોઈપણ જાતની જાનહાની ન થાય તે માટે તંત્ર દ્વારા એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમોને સ્ટેન્ડબાય રાખવામાં આવી છે. આ ત્રણેય ઝોનના ૧૧૩ તાલુકામાં અડધાથી ત્રણ ઈંચ સુધી



વરસાદ સવારે ૬ થી સાંજના છ વાગ્યા સુધીમાં નોંધાયો હતો.

આજે સવારે છથી સાંજના છ સુધીમાં ધંધુકામાં ત્રણ ઈંચ વરસાદ, પેટલાદમાં ૨.૮૭, ખંભાતમાં ૨.૮૩, બોરસદમાં ૨.૮૧, આણંદ અને દસક્રોઈમાં ૨.૨૪, તારાપુરમાં ૧.૮૯, નડિયાદમાં ૧.૩૩, વસોમાં ૧.૨૬, માતર અને ઉમરપાડામાં ૧.૨૨, પાવીજેતપુરમાં ૧.૧૮, ગરબાળામાં ૧.૧૪ અને ખેડાના મહેમદાબાદમાં ૧.૬ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો. ઉપરાંત અંકલાવ સહિત ૧૧૩ તાલુકામાં ઝરમરથી લઈને ૩ ઈંચ સુધી વરસાદ પડ્યો હોવાનું હવામાન વિભાગના પત્રકમાં નોંધાયું છે.

દક્ષિણ ગુજરાત, મધ્યગુજરાત અને ઉત્તર ગુજરાતના તાલુકાઓમાં પડેલા વરસાદથી મોટાભાગના ગામડાઓમાં ગોઠણડુબ પાણી ભરાયા છે. નાના-મોટા કોઝવે ચેકડેમ, નદી-તળાવ અને વોકળાઓમાં પાણીની આવક થતાં ઓવરફ્લો થયાહતા અને બે કાંઠે વહેવા લાગ્યા હતાં. આ ધસમસતા પાણીના કારણે અનેક ગામડાઓ સંપર્કવિહોણા પણ થયા હતાં. જેમાં રાહતકામગીરી કરવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રેસક્યુ કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્રણેય ઝોનમાં પડેલા વરસાદથી ખેડુતોમાં આનંદ જોવા મળી રહ્યો છે. અને વાવણી લાયક વરસાદ થતાં વાવેતરના શ્રીગણેસ ખર્યા હતાં.

### નર્મદા ડેમમાં નવા નીરની આવક, ૫૩ ટકા જળ સંગ્રહ

સરદાર સરોવર નર્મદા ડેમમાં પાણીની આવક વધતા સપાટીમાં નોંધપાત્ર વધારો થયો છે. આજે ડેમની સપાટી ૧૧૯.૭૫ મીટર નોંધાઈ છે. મધ્ય પ્રદેશમાં સારા વરસાદને કારણે ઉપરવાસમાંથી ૨૦૬૮૭ ક્યૂસેક પાણીની આવક થઈ રહી છે. નર્મદા ડેમમાં હાલ ૧૨૬૭ મિલિયન ક્યુબિક મીટર પાણીનો સંગ્રહ છે. આ જળસંગ્રહ કુલ ક્ષમતાના ૫૩ ટકા જેટલો છે. ગુજરાતના ખેડૂતોને સિંચાઈ અને પીવાના પાણી માટે કેનાલમાં ૧૭૦૦૦ ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. ડેમના દરવાજા બંધ થતાં સ્ટોરેજ કેપેસિટી વધી છે. નર્મદા બંધ સરોવરમાં ૧૩૮.૬૮ મીટર સુધી પાણી ભરી શકાય છે. મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં સારા વરસાદને કારણે ડેમમાં નવા નીરની આવક શરૂ થઈ છે. આ પાણી ગુજરાતના દરેક વિસ્તાર સુધી પહોંચાડવામાં મદદરૂપ થશે.

# જગન્નાથ ભગવાનની રથયાત્રા સાદગીથી કાઢવાની વિચારણા

### અમદાવાદ પ્લેન ક્રેશની દુઃખદ ઘટનાથી વિચારણા : સરકાર અને ટ્રસ્ટ વચ્ચેની બેઠકમાં નિર્ણયની શક્યતા

**સમય મિરર । અમદાવાદ**

અમદાવાદમાં દેશની સૌથી મોટી પ્લેન ક્રેશની ઘટના બની હતી અને તેમાં ૨૭૦થી વધારે લોકોના મૃત્યુ નિપજ્યા છે જેનાથી સમગ્ર દેશ શોકમગ્ર છે અને હજુ પણ તે ઘટનાથી વિચલીત છે. આગામી દિવસોમાં ભગવાન જગ્ગનાથજીની રથયાત્રા નિકળશે અને તેની તૈયારીઓ જોરજોરથી ચાલી રહી છે. ત્યારે આ વર્ષની યાત્રા તામજામ વગર અને સાદગી પૂર્ણ રીતે કાઢવા માટે વિચારણા ચાલી રહી છે. જેના માટે સરકાર અને મંદિર ટ્રસ્ટની બેઠક યોજાશે જેમાં અંતિમ નિર્ણય લેવાશે.

દેશની બીજા નંબરની સૌથી મોટી ભગવાન જગન્નાથની રથયાત્રા આગામી ૨૭ જૂનના રોજ અમદાવાદમાં યોજવાની છે. અમદાવાદમાં પ્લેન ક્રેશની દુર્ઘટના ૨૫૦થી વધુ લોકોના મૃત્યુ થયા છે ત્યારે ચાલુ વર્ષે ભગવાન જગન્નાથની રથયાત્રા સાદગીપૂર્ણ



રીતે કાઢવામાં આવે એવી સંભાવના છે.

૧૪૮મી રથયાત્રા માત્ર ભગવાન જગન્નાથ, સુભદ્રા અને બલભદ્રના રથ તથા પ્રસાદની ટ્રક સાથે નીકળે તેવી શક્યતા છે. રાજ્ય સરકાર અને જમાલપુર જગન્નાથ મંદિરના મહંત તેમજ ટ્રસ્ટીની સાથે બેઠક કર્યા બાદ આ મામલે નિર્ણય લેવામાં આવી શકે છે.

જમાલપુર જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે આ મામલે રાજ્ય સરકાર સાથે ચર્ચા કરવામાં આવશે. યાત્રાને લઈને રાજ્ય સરકાર અને ઉચ્ચ અધિકારીઓ સાથે હજી બેઠક કરવાની બાકી છે. જે બેઠક કર્યા બાદ રથયાત્રા કેવી રીતે નીકાળવી તેને લઈને નિર્ણય કરવામાં આવશે. મંદિર પ્રશાસન તરફથી દર વર્ષે જે રીતે પરંપરા મુજબ રથયાત્રા નીકળે છે તે મુજબ તૈયારીઓ કરવામાં આવી છે.

રથના ખલાસીઓ સાથે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા બેઠક કરી દેવામાં આવી છે. જેમાં રથયાત્રા દરમિયાન કોઈપણ પ્રકારની ઘટના ન બને તે મુજબ શાંતિપૂર્ણ રીતે અને ઓછા લોકો રથ ખેંચવા માટે જોડાય તે રીતનું આયોજન કરવામાં આવ્યું છે. રથ ખેંચવા માટે ૧૨૦૦ કેટલાક ખલાસીઓ જોડાતા હોય છે ત્યારે આયોજનબદ્ધ રીતે અને રથ ચલાવતાં દરમિયાન ઓછી ભીડ થાય તેમ આયોજન કરવામાં આવશે.

# વડોદરા જિલ્લામાં ૭૨૧૧થી વધારે વિદ્યાર્થીઓએ ખાનગી શાળા છોડી દીધી

## સરકારી સ્કૂલોનો થયેલો વિકાસ વાલીઓને આકર્ષી રહ્યાની ચર્ચા

**સમય મિરર । વડોદરા**

રાજ્યમાં સરકારી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તામાં ઉત્તરોતર વધારો થતા અને માળખાકીય સુવિધાઓ વધતા શિક્ષણ ખૂબ જ સુલભ બન્યું છે. જેના કારણે વડોદરા જિલ્લામાં છેલ્લા ૬ શૈક્ષણિક વર્ષમાં કુલ ૭૨૧૧ વિદ્યાર્થીઓએ ખાનગી શાળાઓ છોડીને સરકારી શાળામાં પ્રવેશ મેળવતા ઉલટી ગંગા વહેવા જેવી પરિસ્થિતિ સર્જાઈ છે.

વડોદરા જિલ્લાની વાત કરીએ તો શૈક્ષણિક વર્ષ- ૨૦૧૯-૨૦થી ૨૦૨૪-૨૫ સુધીમાં કુલ ૭૨૧૧ ધોરણ-૨થી ૮માં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓએ ખાનગી શાળામાંથી સરકારી શાળામાં અભ્યાસ કરવાનું પસંદ કર્યું છે. જે પૈકી પાદરા તાલુકામાં વર્ષ ૨૦૧૯-૨૦થી ૨૦૨૪-૨૫ સુધીમાં જિલ્લાભરમાં સૌથી વધુ ૧૭૫૪ વિદ્યાર્થીઓએ સરકારી શાળામાં વાપસી કરી છે. તાલુકાવાર જોઈએ તો અત્યાર સુધીમાં પાદરામાં ૧૭૫૪, ડભોઈમાં ૧૦૫૬, ડેસરમાં ૪૨૩, કરજણમાં ૧૦૫૯, સાવલીમાં ૧૦૯૧, શિનોરમાં ૩૫૨, વડોદરામાં ૭૯૫ અને વાઘોડિયામાં ૬૮૧ આમ કુલ ૭૨૧૧ વાલીઓએ પોતાના બાળકોને સરકારી શાળામાં પ્રવેશ અપાવતા તેમની રાજ્યની સરકારી શાળાઓ પ્રત્યે પોતાની વિશ્વસનીયતા વધી હોવાનું દર્શાવી રહ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દિશાનિર્દેશ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ શિક્ષણનું સાર્વત્રિકરણ થતા સરકારી શાળાઓ હવે માત્ર ગરીબ અને વંચિત વર્ગના બાળકો માટે જ નહીં, પરંતુ મધ્યમવર્ગના વાલીઓ માટે પણ એક આકર્ષક વિકલ્પ બની રહી છે.

### બાળકોનો ડ્રોપ આઉટ રેશિયો પણ ઘટ્યો

સરકારી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તામાં સુધારો, લાયક અને અનુભવી શિક્ષકોની ઉપલબ્ધિ, આધુનિક સુવિધાઓનો વિકાસ અને ખાસ કરીને નહીંવત ફી અથવા નિઃશુલ્ક શિક્ષણ જેવી બાબતો વાલીઓને સરકારી શાળાઓ તરફ આકર્ષી રહી છે. બીજી તરફ રાજ્યમાં સરકારી શાળાઓની સુવિધાસભર ઈમારતો, ડિજિટલ ક્લાસરૂમ, લાઈબ્રેરી, પ્રાયોગિક લેબ, રમતગમતની સુવિધાઓ અને બાળકોને હૂંફ મળે એવું વાતાવરણ મળતા બાળકોનો ડ્રોપ આઉટ રેશિયો પણ ઘટ્યો છે. સાથે-સાથે તણાવમુક્ત વાતાવરણ મળતા બાળકો ઉત્સાહભેર દફતર લઈને શાળા તરફ જતા થયા છે.

### સુરત મહાનગરપાલિકાની નવી ઝુંબેશ શરૂ

# BRTS અને સિટી બસમાં ટિકિટ કૌભાંડ અટકાવવા મુસાફરોને ગુલાબ અપાયા

## ગુલાબનું ફૂલ આપી દંડ વસુલાયો : એક મહિના સુધી અભિયાન ચલાવવા મનપાનો એક્શન પ્લાન : વય મુજબ દંડની વસુલાત કરાઈ

**સમય મિરર । સુરત**

સુરત મહાનગરપાલિકા દ્વારા માસ ટ્રાન્સપોર્ટેશનને લઈને કરોડો ખર્ચવામાં આવ્યા છે પરંતુ, સૌથી વધુ કોઈ સમસ્યા સામે આવતી હોય તો તે વિના ટિકિટે મુસાફરી કરતા મુસાફરોની હતી. એમાં કેટલાક કંડક્ટરો પણ સામેલ હતા. મોટાભાગના કિસ્સામાં કંડક્ટરો રૂપિયા લઈ લેતા હતા અને ટિકિટ આપી દેતા હોવાની ફરિયાદો અને આક્ષેપો પણ સતત થતા રહેતા હતા. આખરે આજથી પરિવહન વિભાગ દ્વારા ફરી એક વખત ઝુંબેશ સ્વરૂપે તમામ BRTS અને સીટી બસ સ્ટેશન પર ઊભા રહીને ટિકિટ ચેકિંગ કરવામાં આવશે અને ત્યારબાદ કાર્યવાહી કરવામાં આવશે.

સુરત મહાનગરપાલિકાને BRTS અને સીટી બસના પાછળ કરોડોના ખર્ચ છતાં વધુ આવક મેળવી શકાય નથી, જેની પાછળનું કારણ વર્ષોથી ચાલતું ટિકિટ કૌભાંડ ચર્ચામાં રહ્યું છે. સુરત મહાનગરપાલિકાની સીટી બસ અને BRTS બસનો ઉપયોગ લાખો મુસાફરો કરે છે પરંતુ, ટિકિટ ખૂબ ઓછા મુસાફરો લેતા હતા અથવા તો જે મુસાફરો ટિકિટ લેવાનો પ્રયાસ કરતા હતા, તેમને બસમાં કંડક્ટર દ્વારા ટિકિટ આપવામાં આવતી ન હતી પરંતુ, માત્ર રૂપિયા લઈને તેમના ગજવામાં મૂકી દેવામાં આવતા હતા. આ પ્રકારનું કૌભાંડ ખૂબ લાંબા સમયથી ચાલી રહ્યો હતો પરંતુ, હજી સુધી એના ઉપર યોગ્ય કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. ટિકિટ ચેક કરો વિજિલન્સનો સ્ટાફ પણ આ બાબતે હંમેશા ઊંઘતો ઝડપાયો છે. આજે પરિવહન સમિતિ દ્વારા સીટી લીંક



ના અધિકારીઓ સાથે અલગ-અલગ BRTS અને સીટી બસ સ્ટેશન ઉપર જઈને ટિકિટ ચેકિંગની તપાસ કરી હતી.

BRTS અને સીટી બસની અંદર મફતમાં મુસાફરી કરનારાઓને આજે સવારથી જ ચેકિંગ દરમિયાન ઝડપી પાડવામાં આવ્યા હતા. પરિવહન વિભાગના અધ્યક્ષ પોતે સીટી લિંકના અધિકારીઓ સાથે પહોંચ્યા હતા તેમના દ્વારા જે પણ મુસાફર ટિકિટ વગર ઝડપાયા હતા તેમને ફૂલ આપીને તેમની પાસેથી નિયમ મુજબનો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો, જેમાં પુખ્ત વયના વ્યક્તિ પાસેથી રૂ.૧૦૦ અને નાની વયના મુસાફર પાસેથી રૂ.૫૦ સુધીનો દંડ વસૂલવામાં આવે છે. મુસાફરોને ગુલાબનું ફૂલ આપીને સમજાવવામાં આવ્યા હતા કે તેઓ આ પ્રકારે વિનામૂલ્ય મુસાફરી ન કરે અને સાથે સાથે તેમની પાસેથી દંડ પણ વસૂલવામાં આવ્યો હતો તેમ જ જે બસની અંદર મુસાફર વગર ટિકિટે જણાઈ આવ્યો હતો, તેના કંડક્ટર સામે પણ તાત્કાલિક એક્શન લેવામાં આવી રહ્યા છે.

પરિવહન સમિતિના અધ્યક્ષ સોમનાથ મરાઠેએ જણાવ્યું હતું કે, દિલ્હી ગેટ ટર્મિનલ ખાતે બસ કંડકટર, ટિકિટ ચેકર, ડ્રાઈવર અને પ્રતિનિધિઓ સાથે એક બેઠક કરવામાં આવી છે. આ બેઠકોનો નિર્ણય કરવામાં આવ્યો છે અને મુસાફરો તમે પણ શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટે જણાવ્યું છે. પાલિકાની બસ સેવામાં ટિકિટ વગર મુસાફરી કરવી એ ગુનો છે. બસમાં ટિકિટ વગર મુસાફરી કરતા મુસાફરો પાસે પણ દંડ વસૂલવામાં આવશે. ટિકિટ વગર મોટા વ્યક્તિ મળી આવે તો તેની પાસે ૧૦૦ રૂપિયા અને બાળકો પકડાઈ તો ૫૦ રૂપિયા દંડ વસૂલ કરવામાં આવશે.

લોકોમાં જાગૃતિ આવે અને યોગ્ય રીતે ટિકિટ ચેકિંગ કરનારા સ્ટાફ દ્વારા અને સેટિંગ દ્વારા કાર્યવાહી કરવામાં આવે અને ઓછામાં ઓછું આર્થિક નુકસાન મહાનગરપાલિકાને થાય એવો પ્રયાસ શરૂ કર્યો છે. દરેક વ્યક્તિએ જાગૃતિ દાખવી જોઈએ અને ખાસ કરીને પેસેન્જરે કંડકટર પાસેથી ટિકિટ લઈ લેવી જોઈએ. ઘણા કંડક્ટરો પણ એવા હોય છે જે ટિકિટ આપતા નથી, તે પણ અમારા ધ્યાન પર આવ્યું છે. જોકે, હવે પછી આ તમામ ફરિયાદો ન આવે તે પ્રકારની સખત કામગીરી અમે કરવાના છીએ.

# પાઈલટ સભરવાલ, એર હોસ્ટેસ સહિત ૧૨૦ના મૃતદેહ સોંપાયા

### છ દિવસમાં ૧૬૨થી વધુ મૃતકના DNA પરિવારજનો સાથે મેચ થયા : ડેડબોડી લેતાં સમયે કરુણ દ્રશ્યો સર્જાયા

**સમય મિરર । અમદાવાદ**

અમદાવાદમાં પ્લેન ક્રેશની દુર્ઘટનાને પાંચ દિવસ વીતી ચૂક્યા છે. આજે છઠ્ઠા દિવસે મંગળવારે બપોરના ૩:૩૦ વાગ્યા સુધીમાં સિવિલમાં ૧૬૨ મૃતકનાં ઉગઅ સેમ્પલ મેચ થઈ ચૂક્યાં છે અને અન્ય સેમ્પલની પણ સતત કાર્યવાહી ચાલી રહી છે. જેમનાં સેમ્પલ મેચ થયાં છે એમાંથી ૧૨૦ મૃતદેહ તેમનાં પરિવારજનોને સોંપી દેવામાં આવ્યા છે. પાઇલટ સુમિત સભરવાલની સાથે એર હોસ્ટેસનો મૃતદેહ પણ સોંપવામાં આવ્યો છે. ૧૧ મૃતદેહ એવા છે, જેમના પરિવારમાં એક કરતાં વધુ લોકોનાં મોત થયાં હોય, અન્યના રિપોર્ટ બાદ મૃતદેહ સ્વીકારશે. સોમવારે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના પાર્થિવદેહને તેમનાં





પરિવારજનોને સોંપવામાં આવ્યા બાદ મોડી સાંજે અંતિમવિધિ કરવામાં આવી હતી. અનુભવી કેપ્ટન સુમિત સભરવાલ વિમાનનું નેતૃત્વ કરી રહ્યા હતા. મુંબઈના પવઈ વિસ્તારમાં જલવાયુ વિહારના રહેવાસી સભરવાલને ૮૦૦૦ કલાકથી વધુ ઉડાણનો અનુભવ હતો અને તેમના પિતા ૮૦ વર્ષના છે. સભરવાલ ૧૯૯૪થી એર ઇન્ડિયામાં કાર્યરત હતા. ૬૦ વર્ષના સુમિત સભરવાલે તેમના પિતાને વચન આપ્યું હતું કે તેઓ તેમની નોકરી છોડી દેશે અને તેમની સંપૂર્ણ સંભાળ રાખશે. સભરવાલ એકલા હતા અને તેમના વૃદ્ધ પિતા સાથે રહેતા હતા. થોડા દિવસ પહેલાં જ તેમણે તેમના પિતાને કહ્યું હતું કે તેઓ તેમની સંપૂર્ણ સંભાળ રાખવા માટે નોકરી છોડી દેશે.

અમદાવાદમાં આરોગ્ય વિભાગના કર્મચારીઓ સહિત વિવિધ વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ દિવસ રાત પોતાની ફરજ બજાવી રહ્યા છે. અને મૃતકોના મૃતદેહ વહેલી તકે સ્વજનોને મળી રહે અને વહેલી તકે તેમના અંતિમ સંસ્કાર થાય તે માટે કામગીરી કરી રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારા પણ તમામ વિભાગના અધિકારીઓ સાથે સંકલન કરી અને કામગીરી ઝડપી કરવા માટે સુચના અને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

સરકાર દ્વારા અત્યાર સુધીમાં ૧૨૦થી વધારે મૃતદેહો પરિવારજનોને સોંપવામાં આવ્યો છે. અને તેઓ મૃતદેહોને પોતાના વતન લઈ જવામાં આવ્યા બાદ અંતિમ વિધિ કરવામાં આવી રહી છે. અમદાવાદ સિવિલમાં હતુ ઘણા સ્વજનો પોતાના પરિજનની ડેડબોડી માટે કાગડોળે રાહ જોઈ રહ્યા છે અને તેમતો વારો ક્યારે આવશે તેનો ઈતજાર કરી રહ્યા છે. તંત્રએ પણ સાવચેતી સાથે કામગીરી ઝડપી કરી છે.

### ચારેય કંપનીના યુનિયનની મળેલી બેઠકમાં નિર્ણય

# વીજ કંપનીના નિવૃત્ત કર્મચારીઓને કેશલેસ મેડિકલ સહાય આપવા માંગ

**સમય મિરર । હિંમતનગર**

વિવિધ વીજ કંપનીના યુનિયનોના હોદ્દેદારોની તાજેતરમાં મળેલ બેઠકમાં તમામ વીજ કંપનીના નિવૃત્ત કર્મી અને ભવિષ્યમાં નિવૃત્ત થનાર કર્મચારીઓને પણ ગુજરાત સરકારની યોજનાનો લાભ આપી ય્ર કાર્ડ આપી, કેશલેસ મેડિકલ સહાય આપવા બાધિત કરવા રજૂઆત કરવાનો એકમતે નિર્ણય લેવાયો હતો. પૂર્વ જીઈબી અને ત્યારબાદ જીયુવીએનએલ અને તેની સંલગ્ન કંપનીઓમાંથી નિવૃત્ત થયેલ અને ભવિષ્યમાં નિવૃત્ત થનાર કર્મચારી અધિકારીઓને નિવૃત્તિ બાદ પણ ફરજ પરના કર્મચારીની જેમ જ મેડિકલ સારવારનો લાભ મળે તેમજ ગુજરાત સરકારની AB.PMJAY યોજનાનો લાભ આપી G કાર્ડ આપી, કેશલેસ મેડિકલ સહાય મળી રહે તે મુદ્દે ચર્ચા વિમર્શ કરી આ મુદ્દે પરિણામ લક્ષી કાર્યવાહી કરવા શું કરી શકાય, તેની રૂપરેખા ઘડી કાઢવા નિવૃત્ત વિદ્યુત કર્મચારી મંડળ તેમજ ગુજરાત ઊર્જા વિકાસ નિગમના યુનિયનોની સંયુક્ત બેઠક મળી હતી. જેમાં જીબીઆ, વિદ્યુત કર્મચારી મંડળ, ગુ. ઉર્જા એસ.સી.એસ. ટી. એસો., ઉત્કર્ષ મંડળ, ગીતા એસો., જીવીટીકેએમ, જેવા સંગઠનોના હોદ્દેદારો હાજર રહ્યા હતા. નિવૃત્તોને મેડિકલ સહાયના મુદ્દે પોતાનો ટેકો જાહેર કરી, આ મુદ્દે સરકાર તેમજ જીયુવીએનએલ લેવલે જે પણ રજૂઆત કે લડત કરવાની થશે તેમાં સક્રિય રીતે સહભાગી થઈ તમામ સહમત થયા હતા. જેના અનુસંધાને આવેદન પત્ર બનાવી તમામ સંગઠિત યુનિયનના ઉચ્ચ હોદ્દેદારોની સહીથી સરકારને તેમજ જીયુવીએનએલના ટોપ મેનેજમેન્ટને સંયુક્ત રીતે આપવાનો કાર્યક્રમ ઘડી કાઢવામાં આવ્યો હતો. ત્યારબાદ પણ કોઈ હકારાત્મક પ્રતિભાવ ન મળે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી.

# શાળાઓમાં જુલાઈ મહિનામાં બાળમેળો અને લાઈફ સ્કિલ મેળો યોજાવા આદેશ

## નવી શિક્ષણ નીતિ અંતર્ગત GCERT દ્વારા પરિપત્ર જાહેર કરાયો

**સમય મિરર । અમદાવાદ**

નવી શિક્ષણ નીતિ હેઠળ બેગલેસ દિવસોની ભલામણ કરવામાં આવી છે. તેના અનુસંધાને જુલાઈ મહિનાના પ્રથમ પંદર દિવસોમાં રાજ્યની શાળાઓમાં બાળમેળા અને લાઈફ સ્કિલ મેળાનું આયોજન કરવાનું રહેશે. GCERT દ્વારા આ અંગે પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. બાળમેળા અને લાઈફ સ્કિલ મેળાઓ દરમિયાન પ્રવૃત્તિઓનો લાભ વિદ્યાર્થીઓ સુધી સારી રીતે પહોંચી શકે અને તેનું મહત્વ વધે તે માટે CRC, BRC, ડાયટના લેક્ચરરો, ડાયટના પ્રાચાર્ય તેમજ DEO અને DPEOને મોનિટરિંગની જવાબદારી સોંપવામાં આવી છે. નવી શિક્ષણ નીતિ હેઠળ કરાયેલા સૂચનો અનુસાર કલા, રમત-ગમત અને વ્યવસાયિક હસ્તકલા જેવી સંવર્ધનાત્મક પ્રવૃત્તિઓને અભ્યાસક્રમમાં સામેલ



કરવામાં આવે છે. સાથે સાથે આ પ્રકારની પ્રવૃત્તિઓ માટે સમગ્ર વર્ષ દરમિયાન બેગલેસ દિવસોને પ્રોત્સાહન આપવાનું પણ નિર્ધારિત કરવામાં આવ્યું છે. આ બેગલેસ દિવસોના આયોજનનો મુખ્ય હેતુ એ છે કે વિદ્યાર્થીઓમાં વિવિધ જીવન કૌશલ્યોનો વિકાસ થઈ શકે. આ અંતર્ગત દર વર્ષે બાળમેળાની પ્રવૃત્તિ બે વિભાગોમાં આયોજન કરવામાં આવે છે - જેમાં ધોરણ ૧થી ૫ માટે સામાન્ય બાળમેળા અને ધોરણ ૬થી ૮ માટે જીવન કૌશલ્ય આધારિત બાળમેળાનું આયોજન કરવાની સૂચના આપવામાં આવી છે. બાળમેળા અને લાઈફ સ્કિલ મેળાનું આયોજન ૧ જુલાઈથી ૧૫ જુલાઈની વચ્ચે herhangi બે અનુકૂળ દિવસોમાં કરવાનું રહેશે, જેમાં એક દિવસ બાળમેળો અને બીજાં દિવસે લાઈફ સ્કિલ મેળો યોજવાનો રહેશે. આ અંગે શિક્ષણ વિભાગ દ્વારા schools ને સ્પષ્ટ માર્ગદર્શિકા આપવામાં આવી છે. લાઈફ સ્કિલ મેળા માટે સૂચિત પ્રવૃત્તિઓમાં ટેકનોલોજી અને વર્તમાન સમયને અનુરૂપ કૌશલ્યોને મહત્વ આપવામાં આવ્યું છે. તેમાં સ્માર્ટ બોર્ડનો ઉપયોગ, G-Shala એપ્લિકેશનનો ઉપયોગ, કમ્પ્યુટર ટાઈપીંગ, ડિઝાઈનીંગ, પ્રેઝેન્ટેશન બનાવવી જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ કરવાનો રહેશે. સાથે સાથે શાળાઓ તેમની જગ્યાની અનુકૂળતા મુજબ અન્ય રોચક અને ઉપયોગી પ્રવૃત્તિઓ પણ ઉમેરી શકશે.

# સૌરાષ્ટ્રની ૧૬૨થી વધુ ગ્રામ પંચાયત બિનહરીફ

## ભાવનગરમાં સૌથી વધુ ૧૦૨ પંચાયતો બિનહરીફ થઈ : વિસાવદરની પેટાચૂંટણીના પ્રચારનો અંત

**સમય મિરર | રાજકોટ**

રાજ્યમાં ૨૨મી જૂને ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાવાની છે. ગ્રામ પંચાયતોની ચૂંટણી બીનહરીફ કરવા માટે નેતાઓની મોટી ફૌજ મેદાને પડી છે. સૌરાષ્ટ્ર ૧૬૨થી વધુ ગ્રામ પંચાયત બીન હરિફ થઈ છે તો બીજી તરફ વિસાવદરમાં યોજાનારી વિધાનસભાની પેટા ચૂંટણીમાં ત્રિપાંખિયો જંગ જામ્યો છે. આજે ચૂંટણી પ્રચારનો અંતિમ દિવસ હોય ભાજપ, કોંગ્રેસ અને આપના કાર્યકરો ડોર ટુ ડોર પ્રચાર તરફ વળ્યા છે.



ગુજરાતમાં આગામી ૨૨મી જૂનના રોજ ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાવાની છે. આ ચૂંટણી પહેલા ગ્રામ પંચાયતોને સમરસ કરવા માટે ધારાસભ્યો, મંત્રીઓ અને આગેવાનો દ્વારા પ્રયાસો કરવામાં આવ્યા હતાં. આ ઉપરાંત લાખો રૂપિયાના ઈનામ અને ગ્રાન્ટની પણ જાહેરાત કરાઈ હતી. ત્યારે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ૭૫૧ ગ્રામ પંચાયતો બિનહરીફ થઈ હોવાની જાહેરાત કરવામાં આવી છે.

ગુજરાતમાં ૭૫૧ ગ્રામ પંચાયતો સંપૂર્ણ બિનહરીફ જાહેર કરવામાં આવી છે. જેમાં ભાવનગરમાં સૌથી વધુ ૧૦૨ ગ્રામ પંચાયતો બિનહરીફ જાહેર કરાઈ છે. તે ઉપરાંત જામનગરમાં ૬૦ અને બનાસકાંઠામાં ૫૯ પંચાયતો બિનહરીફ જાહેર કરવામાં આવી છે. કેટલીક પંચાયતોમા વિવાદ હોવાથી ચૂંટણીનો બહિષ્કાર પણ કરવામા આવ્યો છે. જેમાં એક પણ ઉમેદવારે ફોર્મ ભર્યું નથી.

આગામી ૨૨મી જૂનના રોજ રાજ્યની ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાશે. જ્યારે ૨૫મી જૂનના રોજ પરિણામ જાહેર થશે. આ પહેલા ૧૯મી જૂનના રોજ કડી અને વિસાવદર બેઠક પર વિધાનસભાની પેટા ચૂંટણી યોજાશે. કાલે ચૂંટણી પ્રચારનો છેલ્લો દિવસ હોવાથી સાંજે પ્રચાર પડઘમ શાંત થઈ ગયા હતા. ૧૯મી જૂને બંને બેઠકો પર મતદાન યોજાશે. ઉમેદવારો દ્વારા પુરજોશમાં પ્રચાર કરાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, સમગ્ર રાજ્યમાં વિસાવદરમાં યોજાનારી વિધાનસભાની પેટા ચૂંટણી તરફ સૌની નજર રહેલી છે. કારણ કે, ભાજપના ઉમેદવાર કિરિટ પટેલને જીતાડવા માટે જયેશ રાદડિયા સહિતના દિગ્ગજોની મોટી ટીમ મેદાને ઉતરી તો આપના ઉમેદવાર ઈટાલિયા છેલ્લા બે માસથી વિસાવદરમાં જોરદાર પ્રચાર કરી રહ્યા છે. ઈકો સેન્સેટીવ ઝોનનો મુદ્દો હોય કે, ખેડુતોને લગતો કોઈ પણ મુદ્દ્ફો હોય હંમેશને માટે ખેડુતોની પડખે ઉભા રહીને ખેડુત નેતા તરીકે છાપ ઉભી કરી છે. જ્યારે કોંગ્રેસના ઉમેદવાર નિતિન રાણપરિયા પોતે સ્થાનિક હોવાનો અને અડધી રાતે પણ ખેડુતોની પડખે ઉભા રહેવાનો હુંકાર કર્યો છે.

# JMCના કમિશનર ઓમ પ્રકાશ રાજકોટના નવા કલેકટર બનશે

## રાજકોટ કલેકટર, જૂનાગઢ મ્યુનિ. કમિશનર સહિત ૧૩ IASની બદલી







**સમય મિરર | રાજકોટ**

રાજ્યમાં ૧૩ IAS અધિકારીની બદલી કરવામાં આવી છે. જૂનાગઢ મ્યુનિસિપલ કમિશનર અને રાજકોટ કલેકટર સહિતના અધિકારીઓની બદલીનો આદેશ કરાયો છે.

રાજકોટ કલેકટર પ્રભવ જોશીની ગાંધીનગર બદલી થતા તેમના સ્થાને જૂનાગઢના મ્યુ. કમિશનર રહેલા ઓમપ્રકાશને મૂકવામાં આવ્યા છે. ઓમપ્રકાશ હવે રાજકોટના કલેકટર તરીકે ચાર્જ સંભાળશે.

શહેરી વિકાસ મંત્રાલયમાંથી અશ્વિની કુમારની રમતગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગના અગ્ર સચિવ તરીકે બદલી કરવામાં આવી છે. નોંધનીય છે કે, અમદાવાદ ૨૦૩૬ ઓલિમ્પિકની દાવેદારી માટે હાલ તૈયારી કરી રહ્યું છે અને માળખાગત સુવિધા પણ ઉભી કરવામાં આવી રહી છે.

# સોમનાથના ૯૦ ગામના ખેડૂતોએ અત્યાધુનિક ખેતીના શપથ લીધા

## કૃષિરથના માધ્યમથી ખેડૂતોને માહિતગાર કરાયા

**સમય મિરર | વેરાવળ**

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણના નેતૃત્વમાં પ્રિ-ખરીફ કેમ્પેઇન અંતર્ગત વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનનો ગીર સોમનાથ જિલ્લામાં તારીખ ૨૯ મે થી શુભારંભ કરવામાં આવ્યો હતો.

જિલ્લામાં વેરાવળ, ગીરગઢડા, તાલાળા, ઉના, સૂત્રાપાડા અને કોડિનાર તાલુકાના ૯૦ જેટલા ગામોમાં કૃષિરથના માધ્યમથી ખેડૂતોને કૃષિલક્ષી યોજનાઓ તેમજ ખેતીની વિવિધ આધુનિક પદ્ધતિઓ તેમજ ખેતીના વિવિધ આયામોથી માહિતગાર કરી અને વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન સફળતાપૂર્વક સંપન્ન થયું હતું. આ અભિયાન અંતર્ગત વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કેવિકેના જુદા જુદા વિષયના નિષ્ણાંતો, કૃષિ યુનિવર્સિટી, આઈ.સી.એ.આર.ના વૈજ્ઞાનિકો, ખેતીવાડી, બાગાયત અને આત્મા પ્રોજેક્ટના ડાયરેક્ટર, ડેપ્યુટી ડાયરેક્ટર તથા અન્ય અધિકારીઓ, એફ.પી.ઓ અને ઈફકો કંપનીના પ્રતિનિધિઓ દ્વારા ખેડૂતોને વિવિધ તબક્કાની સમજૂતી આપવામાં આવી હતી. આ માર્ગદર્શનના માધ્યમથી ખેડૂતો સારી રીતે ખેતી કરીને વધારે ઉત્પાદન મેળવી શકશે અને નવી હરિત ક્રાંતિની શરૂઆત કરશે. આ અભિયાનમાં ખૂબ મોટી સંખ્યામાં ખેડૂત ભાઈઓ અને બહેનો પણ જોડાયા હતા. આ અભિયાન સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના ૯૦ ગામોમાં ફરી અને ખૂબ જ સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું.



### આ માહિતી અપાઈ

તજજ્ઞો દ્વારા ખેડૂતોને ખરીફ પાકોની નવીનતમ જાતો, સંકલિત ખાતર વ્યવસ્થાપન, સોઇલ હેલ્થ કાર્ડ, સંકલિત રોગ જીવાત નિયંત્રણ, નિંદામણ નિયંત્રણ, નેનો યુરિયા અને નેનો ડીએપી ખાતરની સમજણ, ડ્રોન ટેકનોલોજી, પાણીનો કાર્યશ્રમ ઉપયોગ, ખેતીના પાકોમાં મૂલ્યવર્ધન જેવા વિષયો ઉપર ખેડૂતોને માહિતી અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

# સાવરકુંડલાની નાવલી નદીમાં ઘોડાપુર




સૌરાષ્ટ્રમાં રવિવારથી ચોમાસાની વિધિવત એન્ટ્રી થઇ છે. સોમવારે જૂનાગઢ, રાજકોટ, ભાવનગર, બગસરા, અમરેલી સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. સાવરકુંડલામાં ભારે વરસાદથી નાવલી નદીમાં ઘોડાપુર આવ્યું હતું. મંગળવારે વ્હેલી સવારે જોરદાર ઝાપટું વરસ્યું હતું.

# વેરાવળમાં જમિયતની ઓફિસનો પ્રારંભ




વેરાવળમાં જમિયત ઉલમાએ હીંદ ગુજરાતની ઓફીસ આરાધના કોમ્પલેક્ષમાં શરૂ કરવામાં આવેલ છે. આ તકે પ્રો.નિસાર એહમદ અંશારી, અસ્લમભાઈ કુરેશી, ફારૂક પેરેડાઇઝ, મૌલાના એહમદ સોરઠીયા, નઝીરખાન રેલ્વે, ઈમરાન જમાદાર, આહમદભાઈ સોપારીવાલા, તસલીમભાઈ કાઝી, બીલાલબાબા શેઠ, ફારૂક સોરઠીયા, અનવર પટેલ, ઈકબાલ બાનવા, યુનુસ યાહ્યા એક્ષ્પોર્ટર, કાસમભાઈ ભાડેલા, સફીભાઈ દલાલ, અલ્તાફ મુગલ, ગફાર માયા, સાહીલ શેખુ, ફારૂક કાઉન્સિલર, અલ્તાફ ઓરીએનટ સહીત-ના બ્હોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

# આજે જામનગર-વડોદરા ઈન્ટરસીટી એક્સપ્રેસ અમદાવાદ સુધી જશે

## અમદાવાદ-વડોદરા વચ્ચે ટ્રેન આંશિક રદ્



**સમય મિરર | રાજકોટ**

વડોદરાના વેપારી મંડળ પર વાસદ રનોલી સ્ટેશનો વચ્ચે બ્રિજ નં ૬૨૪ પર રી-ગર્ડરિંગ કાર્ય માટે ૧૮ જૂન, ૨૦૨૫ ના રોજ મેગા બ્લોક આવશે. આ બ્લોકના કારણે રાજધાની મંડળીમાંથી તમારી તકેદારીથી પ્રભાવિત થશે. નીચે મુજબ છેઃ

૧૮ જૂન, ૨૦૨૫ ના રોજ ટ્રેન નંબર ૨૨૯૬૦ સ્થાન-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ અમદાવાદ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અમદાવાદ-વડોદરા વચ્ચે આંશિક રીતે રદ કરાઈ છે.

આ ઉપરાંત ૧૮ જૂન, ૨૦૨૫ ના રોજ ટ્રેન નંબર ૧૨૪૭૭ એક્સનગરશ્રી માતા વૈષ્ણો દેવી કટરાપ્રેસ માર્ગમાં ૫૦ મિનિટ મોડી પડશે. રેલવે વિભાગની યાદીમાં જણાવ્યું છે.

## તાલુકા-નગરપાલિકા દ્વારા યોગાના કાર્યક્રમો યોજાશે

# સોમનાથ મંદિરની ચોપાટીએ શનિવારે વિશ્વ યોગ દિવસની થશે ઉજવણી

**સમય મિરર | વેરાવળ**

૨૧ જૂન આંતરાષ્ટ્રીય યોગ દિવસના ઉપલક્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં યોજાનાર યોગ અભ્યાસ કાર્યક્રમોના સુચારુ આયોજન માટે કલેક્ટર એન.વી.ઉપાધ્યાયના અધ્યક્ષસ્થાને ઈણાજ વી.સી.હોલ ખાતે એક બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં કલેક્ટરે ગ્રામ્યસ્તરથી લઈ શહેરી સ્તર સુધી યોગ દિવસની ઉજવણી સુનિયોજીત રીતે થાય તે અંગે ઉપસ્થિત સર્વેને માર્ગદર્શિત કર્યાં હતાં. કલેક્ટરે યોગ દિવસની ઉજવણીમાં નાગરિકો અને વિવિધ સરકારી કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ સહભાગી થાય અને તમામના સહિયારા પ્રયાસોથી આ કાર્યક્રમ સંપન્ન થાય તે સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું.

જિલ્લા યુવા વિકાસ અધિકારી એચ.ડી.મકવાણાએ જણાવ્યું હતું કે, આ વખતે 'એક પૃથ્વી-એક સ્વાસ્થ્ય માટે યોગ'ની થીમ પર આંતરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૫ની ઉજવણી કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપતા તેમણે જણાવ્યું હતું કે, ૨૧મી જૂનના રોજ સોમનાથ મંદિર પરિસર, ચોપાટી ગ્રાઉન્ડ ખાતે સવારે ૦૬.૦૦ કલાકેથી યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે.વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, જિલ્લાની ઉજવણી સાથે જ તાલુકા મથકો પર અને નગરપાલિકા કક્ષાએ સમાંતર કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમોમાં ગુજરાત રાજ્ય યોગબોર્ડના માસ્ટર યોગ ટ્રેઈનરો દ્વારા યોગ અભ્યાસ કરાવવામાં આવશે.




# પોરબંદરની ચોપાટીએ શનિવારે હજારો યોગવીરો કરશે યોગાસન

## વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવા તંત્ર સજ્જ

**સમય મિરર | પોરબંદર**

રાજ્યમાં આગામી તા. ૨૧ને શનિવારના રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. જે અંતર્ગત પોરબંદરમાં ચોપાટી પર હજારો યોગવીરો યોગાસનમાં જોડાશે. વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવા કલેક્ટરે અધિકારીઓ સાથે બેઠક કરી સમગ્ર માહિતી મેળવી હતી.

કલેક્ટરએ જિલ્લામાં વિશ્વ યોગ દિવસની ઉજવણી સુવ્યવસ્થિત રીતે થઇ શકે તે માટે જરૂરી સૂચનો આપ્યા હતા. જિલ્લા સ્તરથી લઈને તાલુકા તથા ગ્રામ્ય સ્તરે પણ વિશેષ આયોજન કરી યોગના પ્રચાર-પ્રસાર અને જનજાગૃતિના લક્ષ્ય સાથે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા માર્ગદર્શન આપ્યું હતું.

વિશ્વ યોગ દિવસની ઉજવણી પોરબંદર શહેરમાં હજૂર પેલેસ, પાછળ ચોપાટી ખાતે કરવામાં આવશે તેમજ પોરબંદર રાણાવાવ અને કુતિયાણા તાલુકા કક્ષાએ અને શાળાઓ, આરોગ્ય કેન્દ્ર, જેલ અને હેડક્વાર્ટર સહિતના પોલીસ સ્ટેશનોએ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે.

આ બેઠકમાં અધિક જિલ્લા કલેક્ટર જે.બી. વદર, નાયબ પોલીસ અધિક્ષક સુરજીત મહેડુ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી પી એલ.વાઘાણી,પોરબંદર પ્રાંત અધિકારી સંદીપ જાદવ, કુતિયાણા પ્રાંત અધિકારી નેહા સોજીત્રા, જિલ્લા શિક્ષણ અધિકારી જીગ્નેશ પરમાર, જિલ્લા યુવા વિકાસ અધિકારી પરબત હાથલિયા,જિલ્લા રમત ગમત અધિકારી ડો.પ્રવિણાબેન પાંડાવદરા,તેમજ સંબંધિત વિભાગના અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# માંદગી જ સંજીવની નીવડી : ધોરાજીના યુવાનની તબિયત બગડતા પ્લેન દુર્ઘટનામાં આબાદ બચી ગયો

## પ્લેનક્રેશ ઘટના બાદ પુત્રને નજર સામે જોઈ માતા-પિતા ભાવુક બન્યા

**સમય મિરર | ધોરાજી**

ગત તા. ૧૨ના રોજ બપોરે ૧.૪૦ વાગ્યે અમદાવાદ મેઘાણીનગરમાં લંડન જઇ રહેલું એર ઇન્ડિયાનું વિમાન બી.જે.મેડિકલ કોલેજની મેસ પર ક્રેશ થયું હતું. આ દુર્ઘટનામાં ૨૪૨ પેસેન્જરના મોત નીપજ્યા હતા. જયારે દીવના યુવાનનો ચમત્કારીક બચાવ થયો હતો. ત્યારે ધોરાજીના તબીબ દંપતિનો પુત્રની તબિયત બગડી અને મેસમાં જમવા નહીં જતા તેનો ચમત્કારીક બચાવ થયો હતો. આ ઘટના બાદ પોતાના પુત્રને નજર સામે હેમ-ખેમ જોઇને માતા-પિતાની આંખમાંથી આસું સરી પડ્યાં હતા.



ધોરાજી નાં ડોક્ટર કિના બેન જીવાણી ડેન્ટલઈસ્ટ છે અને ડોક્ટર ભાવેશભાઈ જીવાણી નો પુત્ર ડેવીન જીવાણી જે અમદાવાદ માં આવેલ બી જે મેડિકલ હોસ્ટેલ માં રહેતા હતા અને ત્યાં થી ૫૦૦ મીટર દૂર બી જે મેડિકલ હોસ્ટેલ નું મેસ બિલ્ડીંગ આવેલ ત્યાં રાબેતા મુજબ સવાર સાંજ જમવા માટે જતાં અને આ બિલ્ડીંગ પર અમદાવાદથી લંડન ખાતે જતુ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું અને ૨૪૨ નાં પેસેન્જરો નાં મોત થયા અને અને મેસ નાં બિલ્ડીંગ માં જમવા બેઠેલા ઘણા ડોક્ટરો ઈજાગ્રસ્ત થયા અને અમુક ડોક્ટર નાં પણ મોત નિપજેલ આ ઘટના બની હતી પણ બી જે મેડિકલ હોસ્ટેલ નાં રૂમમાં જ ડોક્ટર ડેવીન જીવાણી પોતાની તબિયત થોડી નરમ હોય તેથી તેણે મેસનાં બિલ્ડીંગમાં જાવા નું ટાળ્યુ હતું. અને હોસ્ટેલ માં બેઠા હોય અને બ્લાસ્ટ થયા નો અવાજ સંભળાયો અને બહાર નીકળી ને જોયું તો તેની સામે મેસ નું બિલ્ડીંગ સળગતું હતુ અને મેસ બિલ્ડીંગ તરફ દોડ મુકી ને તપાસ કરી તો મેસ નાં બિલ્ડીંગ માં વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું અને અફરાતફરી નો માહોલ સર્જાયો હતો.

ડેવીન જીવાણી પણ ત્યાંની પરીસ્થીતી કોઈ ને થોડી ક્ષણો તો ડર લાગ્યો પણ જયા જોવો ત્યાં લાશો અને ઈજાગ્રસ્તો ને ટ્રોમા સેન્ટર માં પહોંચાડવા માટે કારમાં લઇને પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં યોગદાન આપ્યું હતું અને ધોરાજી પોતાના પરિવાર જનો સાથે મોબાઈલ પર ઘટના બની તેની જાણ કરી અને હું હેમખેમ શું મને કશું થયું નથી તેવી માહિતી આપી દિધી હતી ડેવીન જીવાણી સાથે નાં બે ડોક્ટર મિત્રો નાં મોત થયા હતા પરીસ્થીતી સુધરી એટલે ધોરાજી પોતાના ઘરે આવી અને હાશકારો અનુભવ્યો હતો અને ભગવાનનો પાર માન્યો હતો કે આ ઘટના બની ત્યારે ત્યાં તબિયત બગડી હતી એટલે મેસ બિલ્ડીંગ માં જવા નું ટાળ્યું એટલે પોતે બચી ગયા હતા પણ જો લોકો આ અકસ્માત માં મુત્યુ થયા અને વિમાન દુર્ઘટનાગ્રસ્ત હાલતમાં જોતાં ભારે દુઃખ ની લાગણી જોવા મળી હતી અને પોતાનો પુત્ર હેમખેમ ધોરાજી આવી જતાં માતા પિતા એ હાશકારો અનુભવ્યો હતો અને આ ઘટના ને લઈને જીવાણી પરીવાર પણ ભારે દુઃખદ વ્યક્ત કર્યું હતું

# વિસાવદર-કડીની પેટા ચૂંટણીના પ્રચારના ભૂંગળા બંધ : કાલે મતદાન

## ઉમેદવારો અને પક્ષ દ્વારા ડોર ટુ ડોર મિટિંગો શરૂ ચૂંટણી પંચ અને સ્થાનિક તંત્રએ દરેક બુથનો કબ્જો સંભાળ્યો પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો

**સમય મિરર | વિસાવદર**

કડી અને વિસાવદર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીનું પ્રચાર કાર્ય ચરમસીમાએ પહોંચ્યો છે. ૧૯મી જૂનના મતદાન થવાનું છે. શાંતિપૂર્ણ રીતે ચૂંટણી સંપન્ન થાય તે માટે વહિવટીતંત્રએ તૈયારીઓ કરી છે. તેવામાં આજે સાંજે છ વાગ્યાથી ચૂંટણી જીતવા મતદારોને રીઝવવા માટેના જાહેર પ્રચાર પડઘમ શાંત થઇ ગયા હતા. કડી અને વિસાવદરમાં ત્રિપાંખીયો જંગ જોવા મળશે. આ સાથે જ ચૂંટણી આયોગ અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા દરેક બૂથનો કબ્જો સંભાળી લેવામાં આવ્યો છે. અને દરેક બૂથમાં પોલીસ દ્વારા ચૂસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

કડી વિધાનસભા મતવિસ્તારમાં ૧૭ જૂનના રોજ સાંજે પાંચ કલાકથી એટલે કે મતદાન પૂર્ણ થવાના કલાક પૂર્વેના છેલ્લા ૪૮ કલાક દરમિયાન ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ મુક્યો છે. મતવિભાગના મતદાર ન હોય તેવા અને મત વિભાગમાં પ્રચાર અર્થે બહારથી આવેલા કોઇ પણ પક્ષના રાજકીય કાર્યકર્તા, પક્ષના પ્રચારક વગેરે ચૂંટણી પ્રચારનો અંત આવતા જે તે મત વિભાગ છોડીને જતા રહે તેની ચૂંટણી તંત્ર તથા પોલીસ વહીવટી તંત્ર દ્વારા ખાતરી કરવામાં આવશે.

કડી વિધાનસભા પેટા ચૂંટણીમાં કોંગ્રેસના રમેશ ચાવડા અને ભાજપના ઉમેદવાર રાજેન્દ્ર ચાવડા વચ્ચે કાંટાની ટક્કર જોવા મળે છે ત્યારે આમ આદમી પાર્ટી, લોક જનશક્તિ પાર્ટીના ઉમેદવારોને કેટલું સમર્થન મતદારોનું મળે છે તેની ઉપર પરિણામો નિર્ધારીત થાય તેવી અટકળો છે. વિસાવદર વિધાનસભા પેટા ચૂંટણીમાં પણ આજે સાંજે પ્રચાર પડઘમ શાંત થઇ ગયા હતાં. આ સાથે ઉમેદવારોના સભા-સરઘસ, સાઉન્ડથી લોકોને મુક્તિ મળી છે.

મતદારોને રિઝવવા માટે રાજકીય પક્ષો દ્વારા ડોર ટુ ડોર ગ્રુપ મીટિંગ દ્વારા પ્રચાર શરૂ કર્યો છે. ૧૯ જૂનના વિસાવદર વિધાનસભા ક્ષેત્રના ૨૯૪ મથક પર પેટા ચૂંટણી માટે મતદાન થશે. વિસાવદરમાં ભાજપ-કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ટક્કર જોવા મળશે. મહત્ત્વપૂર્ણ છે કે ૧૭ વર્ષથી ભાજપ વિસાવદરમાં ચૂંટણી જીતી શક્યુ નથી.

### આપના કાર્યકરને બે લાખમાં ખરીદવાનો આક્ષેપ

વિસાવદર પેટા ચૂંટણીને લઇને માહોલ બરાબર ગરમાયો છે. આવતીકાલ એટલે કે ૧૯ જૂન અહીં મતદાન થવાનું છે, આ પહેલા ભાજપ અને કોંગ્રેસ પર આપના ઉમેદવાર ગોપાલ ઇટાલિયાએ મોટા આરોપો લગાવ્યા છે, ગોપાલ ઇટાલિયાએ આપના કાર્યકરોને બે લાખમાં ખરીદવાનો આરોપ લગાવ્યો છે, ગોપાલ આ વાતના પૂરાવા રૂપે એક વીડિયો લઇને ચૂંટણી અધિકારી સમક્ષ ફરિયાદ નોંધાવવા પહોંચ્યા હતાં. આ દરમિયાન ગોપાલનું કહેવું છે કે, ભાજપ અને કોંગ્રેસ બન્નેએ તેમના કાર્યકરોને વિસાવદરની સાયોના હોટલમાં ખરીદવાનો પ્રયાસ કર્યો છે, બે લાખ રૂપિયામાં આપ કાર્યકરોને ગોપાલ અને આપની વિરૂદ્ધમાં પ્રચાર કરવા માટે સમગ્ર ષડયંત્ર રચાયુ હોવાના આરોપ લગાવ્યા છે. ગોપાલે વીડિયો સાથે જણાવ્યું કે, આપના વિસાવદર તાલુકા મહામંત્રીને ૨ લાખ રૂપિયા આપીને ખરીદવાનો પ્રયાસનો થયો હતો.

### ઈટાલિયા વાતાવરણને ડહોળે છે : કોંગ્રેસ

બે લાખ રૂપિયામાં આપના નેતાઓને ખરીદવાના ગોપાલ ઈટાલિયાના આરોપ પર કોંગ્રેસે સ્પષ્ટતા કરી છે, કોંગ્રેસના નેતા વસોયાએ તમામ આરોપોને ફગાવ્યા છે, તેમને કહ્યું કે, ગોપાલ ઈટાલિયા નાટક કરી રહ્યા છે, જે હોટલની વાત થાય છે તેમાં બધી પાર્ટીના નેતા રોકાયા છે. ગોપાલ ઈટાલિયા વાહિયાત વાતો કરી વાતાવરણ ડહોળે છે. કોંગ્રેસ પાસે એટલા રૂપિયા નથી કે કોઈને ખરીદી શકે. જો કોંગ્રેસ હરીફાઈમાંથી જ નથી તો ઉમેદવારને કેમ ખરીદે.

# રાજકોટ ગ્રામ્યમાં ૩૧ જૂન સુધી ઝાડા નિયંત્રણ પખવાડિયું ઉજવવાનું આયોજન

## બાળકોને ઝાડાની સારવાર માટે ઓ.આર.એસ. અને ઝીંકની ગોળી આપવા અનુરોધ



**સમય મિરર | રાજકોટ**

દેશમાં વર્ષે ૧.૨૦ લાખથી વધારે બાળકો ઝાડાના કારણે મૃત્યુ પામે છે. ઉનાળા અને ચોમાસાની ઋતુમાં ઝાડાના લીધે મૃત્યુ વધુ પ્રમાણમાં જોવા મળે છે. આર્થિક રીતે પછાત પરિવાર, ઝુંપડપટ્ટીઓ, સ્લમ વિસ્તારના બાળકો સૌથી વધારે ઝાડાના રોગથી પ્રભાવિત થાય છે. આથી, ઝાડાના રોગથી બચવા માટે બાળકોને ઓ.આર.એસ. (ઓરલ રીહાઈડ્રેશન સોલ્યુશન), ઝીંક ટેબલેટની સાથે પૂરતો, સ્વચ્છ, પોષણયુક્ત પૌષ્ટિક આહારનું પ્રદાન સુનિશ્ચિત કરવાથી શરીરમાંથી પાણી અને જરૂરી ક્ષારનું પ્રમાણ જાળવી શકાય છે. સ્વચ્છ પાણી, સ્તનપાન, યોગ્ય પોષક આહાર, સ્વચ્છ વાતાવરણ, હાથ ધોવાની આદત વગેરે થકી પણ ઝાડા અટકાવી શકાય છે. બાળકોમાં ઝાડાના કારણે થતા મૃત્યુનું પ્રમાણ વધારે હોવાના કારણે તેને નિયંત્રિત કરવા માટે વર્ષ ૨૦૧૪થી 'સઘન ઝાડા નિયંત્રણ પખવાડિયું' (આઈ.ડી.સી.એફ.)ની ઉજવણી કરાય છે. આ વર્ષે તા. ૧૬ જૂનથી તા. ૩૧ જૂન દરમિયાન સઘન 'ઝાડા નિયંત્રણ પખવાડિયું' ઉજવવાનું આયોજન કરાયું છે. જેનો ઉદ્દેશ જન્મથી ૦૫ વર્ષના બાળકોના થતાં મૃત્યુના કારણમાં જોવા મળતાં ૧૫%ના દરને શૂન્ય કરવાનો છે, બાળકોને ઝાડાની સારવારમાં ઓ.આર.એસ.અને ઝીંકનો વપરાશ વધારવો તથા ૦૫ વર્ષથી ઓછી વયના બાળકોમાં થતા ઝાડાના નિયંત્રણ અને સારવારને લગતી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાની પ્રવૃત્તિઓ હાથ ધરવાનો છે.

રાજકોટ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનંદુ સુરેશ ગોવિંદના માર્ગદર્શન હેઠળ જિલ્લા પંચાયતની આરોગ્ય અને પરિવાર કલ્યાણ શાખા હેઠળ ૧૨ સામુહિક આરોગ્ય કેન્દ્રો, ૫૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૨૯૭ આયુષ્માન આરોગ્ય મંદિર અને તેમના સેજાના ગામોમાં 'સઘન ઝાડા નિયંત્રણ પખવાડીયા'ની ઉજવણી કરાઈ રહી છે. આ દરમિયાન ઝાડાની બીમારીની ઓળખ અને નિયંત્રણ માટે સામુદાયિક સ્તરે સજાગતા કેળવવાની વિવિધ પ્રવૃત્તિઓ તથા ઝાડાની બીમારીની સારવાર, ઓ.આર.એસ. ઝીંક કોર્નર બનાવાયા છે. આશા બહેનો દ્વારા પાંચ વર્ષથી ઓછી વયના બાળકોના ઘરે ઓ.આર.એસ.ના પેકેટનું વિતરણ કરાય છે. આરોગ્ય કાર્યકરો દ્વારા આરોગ્ય કેન્દ્રો ખાતે મમતા દિવસે ઝાડા નિયંત્રણ માટે ઓ.આર.એસ. અને ઝીંક આપવાની સાચી રીત અને હાથ ધોવાની સાચી રીત અને ૦૬ માસ સુધી ફકત સ્તનપાન અંગે માર્ગદર્શન અપાય છે. જનસમુદાય માટે સ્વચ્છતા અને આરોગ્ય સંબંધિત જાગૃતિ કેળવવા માટે આરોગ્ય કર્મચારીઓ, આશા બહેનો, આંગણવાડી વર્કર બહેનો જહેમત ઉઠાવી રહ્યાં છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. આર. આર. ફુલમાલીએ જણાવ્યું હતું કે ઝાડા દરમિયાન ઓ.આર.એસ. અને ઝિંકની ગોળીઓ આપવી જરૂરી છે. માતાનું દૂધ અને પ્રવાહી પદાર્થ આપવાનું ચાલુ રાખવું જોઈએ. ૧૪ દિવસ સુધી બાળકને ઝિંકની ગોળીઓ આપવી જોઈએ. બાળકોને ઝાડાની સારવાર બાળકના મળનો ઝડપી અને યોગ્ય નિકાલ કરવો જોઇએ. સ્તનપાન ચાલુ રાખવું જોઈએ. ઝાડા દરમિયાન અને ઝાડા મટી ગયા પછી વધારે માત્રામાં પ્રવાહી પણ આપવાનું ચાલુ રાખવું જોઇએ. શુદ્ધ પાણીનો પીવા માટે ઉપયોગ કરવો. માતાએ જમવાનું બનાવતા પહેલા, બાળકને જમાડતા પહેલા અને બાળકનું મળ સાફ કર્યા પછી હાથ સાબુ વડે ધોવા જોઇએ. બાળકોને ઝાડા થયા હોય ત્યારે ઓ.આર.એસ. અને ઝીંકની સારવાર માટે ગામના આશા બહેન, આંગણવાડી કાર્યકર, આરોગ્ય કર્મચારી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સરકારી હોસ્પિટલનો સંપર્ક કરવા અનુરોધ છે.

# ITI લોધીકામાં ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા શરુ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ જિલ્લાના લોધીકા તાલુકાના ખીરસરા ગામમાં (ચિભડા ચોકડી, કાલાવડ રોડ, રાજકોટ) આવેલી સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, લોધીકા ખાતે પ્રવેશ મેળવવાના ફોર્મ ભરવાની પ્રક્રિયા ઓનલાઈન શરૂ થઇ છે. જેમાં લઘુત્તમ લાયકાત ધો. ૧૦માં ઉત્તીર્ણ વિદ્યાર્થીઓ કોમ્પ્યુટર કોપા, મીકે. ડીઝલ, ફીટર, ઇલેક્ટ્રિશિયન અને બ્યુટી પાર્લર તથા લઘુત્તમ લાયકાત ધો. ૦૮માં ઉત્તીર્ણ વિદ્યાર્થીઓ સીવણ અને વાયરમેન જેવા રોજગારલક્ષી કોર્સમાં પ્રવેશ મેળવી શકશે. વિદ્યાર્થીઓ સવારના ૧૦ કલાકથી સાંજના ૦૫ કલાક દરમિયાન સંસ્થા ખાતે રૂબરૂ અથવા ફોન નં. ૦૨૮૨૭-૨૯૯૫૬૬ પર સંપર્ક કરી શકે છે. ફોર્મ ભરવા તથા વધુ માહિતી માટે વેબસાઈટ https://itiadmission.gujarat.gov.in/ ની મુલાકાત લઈ શકાશે, તેમ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, લોધીકાની યાદીમાં જણાવાયું છે.

# આઈ ખેડૂત પોર્ટલ પર યોજના નિદર્શન હેઠળના ઘટકો માટે ઓનલાઈન અરજીઓ ૧૮ જૂનથી કરી શકાશે

**સમય મિરર | રાજકોટ**

રાજ્યના ખેડૂતો ખેતીવાડી ખાતાની વિવિધ યોજના હેઠળના નિદર્શન ઘટકોનો લાભ લઇ શકે તે માટે આઈ ખેડૂત પોર્ટલ તા.૧૮/૬/૨૦૨૫, બુધવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકથી તા.૦૧/૦૭/૨૦૨૫ (૧૪ દિવસ) સુધી ખેડૂતો દ્વારા ઓનલાઈન અરજીઓ કરવા માટે ખુલ્લું મુકવામાં આવશે. જે ધ્યાને લઈ રાજકોટ જિલ્લાના ખેડૂતોએ આ નિદર્શન ઘટકોમાં લાભ મેળવવા માટે ઓનલાઈન અરજી કરીને અરજીની નકલ પોતાની પાસે રાખવાની રહેશે.

# ભોયકામાં મેઘરાજાનું આગમન થતાં ખેડૂતો ખુશખુશાલ : વાવેતર શરુ

**સમય મિરર | ભોયકા**
**( ગોબરભાઈ રણછોડભાઈ ધોરાળિયા દ્વારા )**

નૈઋત્ય નાં ચોમાસાં ની વિધિવત મેઘસવારી ગુજરાત રાજ્ય નાં આકાશ માં પવન નાં સુસવાટા વિજળી નાં કડાકા ભડાકા અને કાળાં ડિંબાગ વાદળો સાથે મેઘરાજા પોતાની મેઘસવારી લઈ ગુજરાત રાજ્ય નાં આકાશ માં આવી ને પોતાનું વહાલ વરસાવી રહ્યા છે.અને કંઈક દિવસ થી મેઘરાજા ની રાહ જોઈ ને ચાતક નજરે આકાશ તરફ મીટ માંડી ને બેઠેલાં પશુ.પંખી.જીવ.જંતુ.અને આ ધરતી પર વસતા તમામ ધરતી નાં ખોળે રહેતાં માનવીયુ....



મેઘરાજા પોતાનું વહાલ વરસાવી ધરતી પર ઓળઘોળ થઈ ધરતી ને તૃપ્ત કરી ધરા ને ભીંજવી રહ્યા છે.

ત્યારે ધરતીપુત્રો ખેડૂતો નાં હૈયે આજે હરખ સમાતો નથી કેમકે આજે ધરતી માતા ને મેઘરાજા મન મૂકીને ભીંજવી રહ્યા છે અને ખેતરો, નદીઓ, નાળાઓ, તળાવો, ડેમો છલકાવી રહ્યા છે ત્યારે હવે નવખંડ ધરતી માતા પોતે લીલીછમ હરિયાળી ઓઢણી ઓઢી ને હરખાતાં હૈયે પોતાનાં ખોળે ખેલતાં ધરતીપુત્રો ને પોતાનાં ખેતરો માં વિવિધ પાકો નું વાવેતર કરી એક અનાજ નો દાણો વાવો અને એક નાં અનેક કણ હૂં આપીશ તેવું વચન ધરતી માતા આપી રહ્યા છે. હવે મેઘરાજા નાં આગમન બાદ ધરતીપુત્રો પોતાના ઘરે લાપસી નાં આંધણ મૂકે છે.અને ધરતી માતા નાં ખોળે પોતાના ખેતરોમાં વાવણી કાર્ય ની શુભ શરૂઆત કરે છે. જેમાં પોતાનાં ખેતરો માં બળદો સાથે નાં સાંતી અથવા આધુનિક ટ્રેકટરો દ્વારા પોતાના ખેતરોમાં કપાસ.બાજરી. જુવાર.તલ. મગ.મઠ.મગફળી.વગેરે વિવિધ પાકો નું વાવેતર કરી ખેતી કામ ની શુભ શરૂઆત કર છે.

ગુજરાતમાં વિધિવત ચોમાસાં ઋતુ ની શુભ શરૂઆત થતાં ધરતી માતા નાં ખોળે વસતાં તમામ જીવો માં નવી ઉર્જા સાથે નવો સંચાર થયો છે.

# સૌરાષ્ટ્રનો સૌથી મોટો શેત્રુંજી ડેમ પ્રથમ વરસાદમાં જ ઓવરફલો

## સપાટી જાળવવા ૫૯ દરવાજા બે બે ફૂટ ખોલાયા, ૧૭ ગામને કરાયા એલર્ટ

**સમય મિરર | રાજકોટ**

સૌરાષ્ટ્રના સૌથી મોટા ડેમ પૈકી બીજા ક્રમનો શેત્રુંજી ડેમ પાલીતાણા તાલુકામાં આવેલો છે. ભાવનગર જિલ્લાના શેત્રુંજી ડેમમાં પ્રથમ વરસાદમાં જ શેત્રુંજી ઓવરફલો થઇ ગયો છે. શેત્રુંજી ડેમ ભરાઈ ગયો છે, શેત્રુંજી ડેમમાં ઉપરવાસમાંથી ૯૫૬૬૦ ક્યુસેક પાણીની આવક શરૂ છે, ડેમ ૧૦૦ ટકા ભરાઈ ગયો છે. ઓવરફલો થતાં ડેમના તમામ ૫૯ દરવાજા ૨-૨ ફૂટ ખોલવામાં આવ્યા છે, ડેમમાંથી ૧૫૩૪૦ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

ઉપરવાસમાંથી આવી રહેલા અવિરત પ્રવાહને કારણે શેત્રુંજી ડેમ હેઠળના ૧૭ ગામોને એલર્ટ કરવામાં આવ્યા હતા. જેમાં પાલીતાણા તાલુકાના નાની રાજસ્થળી, લાપાળીયા, લાખાવડ, માઈધાર, મેંઢા તથા ભાવનગર તાલુકાના ભેગાળી, દાંત્રડ,પીંગળી, ટીમાણા, શેવાળીયા, રોયલ, માખણીયા, તળાજા, ગોરખી, લીલીવાવ, તરસરા તથા સરતાનપર સહિતના ગામના લોકો ને સાવધાન રહેવા જણાવાયું છે,

શેત્રુંજી ડેમમાં લેવલ સપાટી જાળવવા માટે પાણી છોડવામાં આવે ત્યારે નદીના પટમાં કે કાંઠા વિસ્તારમાં કોઈને અવરજવર કરવી નહીં તેમ સિંચાઈ વિભાગના અધિકારીએ જણાવ્યું હતું. ડેમ ૩૪ ફૂટે છલકાશે, તેથી હવે માત્ર ૨ ફૂટ જેટલો જ ડેમ ખાલી છે. આથી હવે ભાવનગર શહેર-જિલ્લામાં વિના વરસાદે પણ જિલ્લાની જીવાદોરી છલક સપાટીએ પહોંચી ચૂકી છે, જેને પગલે ધરતીપુત્રો તથા શહેરીજનોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

આ અંગે ડેમ પરના ફરજ પરના અધિકારી બાલધિયાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, સતત ઉપરવાસમાંથી પાણીનો ધસમસતો પ્રવાહ આવી રહ્યો છે. ગઇકાલેથી સાંજના ૬ વાગ્યાથી પાણીનો ધસમસતો પ્રવાહ આવી રહ્યો છે, જેમાં ૭૯૭૬૦ ક્યુસેક પાણી આવક શરૂ થઈ હતી અને ત્યારે સપાટી ૨૩ ફૂટ ૭ ઈંચ હતી, જે પાણીની આવક સતત વધી રહી હતી અને આજે બીજા દિવસે પણ અવિરત પાણીની આવક શરૂ રહી હતી. આજે સવારે ૯ વાગ્યા સુધીમાં ૮૦ ટકા જેટલો ભરાય જતાં ભાવનગર અને પાલીતાણા ૧૭ ગામોને એલર્ટ આપવામાં આવ્યા છે. વધુમાં જણાવ્યું હતું કે, આજે સવારથી ૯૫૬૬૦ ક્યુસેક પાણી આવક સતત શરૂ રહેતા સપાટી ૩૧ ફૂટ ૭ ઈંચ પહોંચી ગઈ હતી, આમ ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના પગલે શેત્રુંજી ડેમમાં પાણીની આવક માં સતત વધારો થઈ રહ્યો છે અને એક જ દિવસમાં વરસાદના પગલે ડેમની સપાટી માં ૯ ફૂટ જેટલો વધારો થયો હતો, જેના કારણે ડેમની સપાટી ૩૧ ફુટ ૭ ઈંચ જેટલો ભરાઇ ગયો છે.



### હેઠવાસના વિસ્તારમાં રહેતા લોકોને સુરક્ષિત જગ્યાએ ખસી જવા અપીલ

ભાવનગર કલેકટર ડો.મનીષકુમાર બંસલે જણાવ્યું હતું કે, ભારે વરસાદના પગલે શેત્રુંજી ડેમમાં અવિરત પાણીનો પ્રવાહ આવી રહ્યો છે, જેના કારણે ૯૦ ટકા જેટલો ભરાઈ ગયો છે અને બપોરે એક બે વાગ્યા સુધીમાં ૧૦૦ ટકા ભરાઈ જશે તો પાલીતાણાના ૫ ગામો અને ભાવનગરના ૧૨ ગામોઓને એલર્ટ આપવામાં આવ્યું છે, જેના પગલે તમામ લોકોએ સુરક્ષિત જગ્યાએ ખસી જવા અપીલ કરી હતી.

### એક વર્ષ સુધી પીવાના પણીની ચિંતા દૂર

વધુમાં જણાવ્યું હતું કે, ભાવનગર શહેર-જિલ્લા ને આગામી એક વર્ષ સુધી પીવાનું પાણી આપી શકાય એવી વ્યવસ્થા છે, જો માત્ર વાત પીવાના પાણીની જ કરીએ તો ભાવનગર સહિત ત્રણ તાલુકાને આવતા જૂન મહિના સુધી પીવાનું પાણી આસાનીથી પુરૂ પાડી શકાય તેમ છે. ભાવનગર ને એક મહિનામાં ૧૦૦ ખર્ડ઼ પાણી વપરાય છે, એ પ્રમાણે જોઈએ તો અત્યારે શેત્રુંજી ડેમ જેટલો ભરાયો છે તેમાં પીવાના પાણી માટે કોઈ પ્રશ્ન રહેતો નથી.આથી આવનાર દિવસોમાં કદાચ વરસાદ ન થાય તો પણ ખેત સિંચાઈ માટે પાણી કેનાલોમા છોડી ખરીફ પાકોનું વાવેતર બચાવી શકાશે.

# ભાદર સહિત સૌરાષ્ટ્રના ૨૭ જળાશયોમાં નવા નીર ઠલવાયા

**સમય મિરર | રાજકોટ**

## સૌરાષ્ટ્રના બીજા નંબરના સૌથી મોટા ભાદર-૧ ડેમમાં પોણો ફૂટ આવક

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં અનેક જીલ્લામાં મેઘરાજાએ સટાસટી બોલાવતા રાજકોટ ઉપરાંત મોરબી-સુરેન્દ્રનગર-દ્વારકા-જામનગર જીલ્લાના કુલ ૨૭ ડેમોમાં ૦ાા થી ૧૮ ફુટ જેવા નવા પાણીની આવક થયાનું અધિકારી સુત્રોએ ઉમેર્યું હતું. જેતપુર નજીકના ભડભાદર ગણાતા ભાદર-૧ ડેમમાં પ્રારંભે જ પોણા ફુટ નવા પાણીની આવક થઇ છે, સપાટી જીવંત ૨૧ાા ફુટે પહોંચી છે, આ ઉપરાંત રાજકોટના આજી-૧, ન્યરી-૧ માં પણ નવા નીર આવ્યા છે. તો ઘેલા સોમનાથ ડેમમાં ૪ ફુટ અને માલગઢ ડેમમાં ૮ ફુટ નવુ પાણી આવ્યું છે. મોરબીના મચ્છુ-૧ અને મચ્છુ-૨ ડેમની સપાટીમાં ૧ થી ૧ાા ફુટ જેવો નોંધનીય વધારો થયો છે. સુરેન્દ્રનગરના બે ડેમો મોરસલમાં ૧૬ ફુટ તો સબૂરીમાં ૧૮ ફુટ નવુ પાણી આવતા આ બંને ડેમોના દરવાજા ન હોય પાણી વહી ગયું હતું, પરંતુ બંને ડેમોના ડેડ વોટર હવે જીવંત બન્યા છે.

### રાજકોટ સિંચાઇ વિભાગ હેઠળ આવતા જળાશયોમાં આવક

| ડેમનું નામ | ૨૪ કલાકમાં થયેલો | હાલની જીવંત |
|---|---|---|
| | વધારો ફુટમાં | સપાટી ફુટમાં |
| ભાદર | ૦.૭૯ | ૨૧.૪૦ |
| આજી-૧ | ૦.૧૦ | ૨૩.૫૦ |
| ન્યારી-૧ | ૦.૩૩ | ૧૭.૭૦ |
| ન્યારી-૨ | ૦.૧૬ | ૧૫.૩૦ |
| મોતીસર | ૧.૩૧ | ૪.૯૦ |
| ફાડદંગ બેટી | ૦.૩૩ | ૧.૬૦ |
| ભાદર-૨ | ૦.૨૦ | ૨૦.૪૦ |
| ઘેલા સોમનાથ | ૪.૦૦ | ૧૬.૬૦ |
| માલગઢ | ૮.૦૦ | ૮.૦૦ |
| મોરબી જીલ્લો | | |
| મચ્છુ-૧ | ૧.૦૦ | ૨૧.૨૦ |
| મચ્છુ-૨ | ૧.૫૭ | ૨.૮૦ |
| ઘોડાધ્રોઇ | ૪.૧૦ | ૪.૯૦ |
| બ્રાહ્મણી-૨ | ૧.૯૭ | ૧૧.૦૦ |
| જામનગર જીલ્લો | | |
| ઉમીયાસાગર | ૦.૦૭ | ૩.૦૦ |
| દ્વારકા જીલ્લો | | |
| કાબરડા | ૦.૩૩ | --- |
| સુરેન્દ્રનગર જીલ્લો | | |
| વઢવાણ ભોગવો | ૫.૮૧ | ૧૦.૯૦ |
| લીંબડી ભોગાવો | ૭.૮૧ | ૧૧.૦૦ |
| વાંસલ | ૦.૩૩ | ૫.૯૦ |
| મોરસલ | ૧૫.૭૮ | ૫.૯૦ |
| સબૂરી | ૧૮.૦૪ | ૧-૦૦ |
| ત્રિવેણી ઠાંગા | ૨.૬૨ | -- |
| નિંભણી | ૨.૧૩ | --- |
| ધારી | ૮.૨૦ | --- |

# રાજકોટની તરસ છીપાવતા આજી-૧ અને ન્યારી-૧માં નવા નીરના શ્રીગણેશ

## ડેમમાં આવક ચાલુ થતાં જ સૌની યોજના હેઠળ નર્મદાનીર ઠલવવાનું બંધ કરાયું

**સમય મિરર | રાજકોટ**

રાજકોટને પીવાનું પાણી પુરૂ પાડતા આજી-૧ અને ભાદર-૧ ડેમમાં પાણીની સામાન્ય આવક થઇ છે. તો ન્યારી ડેમમાં સૌની યોજનાથી પાણીની આવક ચાલુ રહ્યા બાદ અને હવે ચોમાસુ બેસતા મહાપાલિકાએ સિંચાઇ વિભાગ પાસેથી નર્મદાનું આ પાણી લેવાનું બંધ કર્યુ છે. રાજકોટ જિલ્લાના ૯ સહિત સૌરાષ્ટ્રના ૨૨ જેટલા ડેમોમાં પાણીની આવક શરૂ થઇ છે. ૨૯ ફુટના આજી-૧ ડેમમાં ૦.૧૦ ફુટ પાણીની આવક થતા ડેમની સપાટી ૨૩.૫૦ ફુટ પર પહોંચી છે. સિંચાઇ વિભાગે ભાદરમાં પણ ૦.૭૯ અને ન્યારી-૧માં ૦.૩૩ ફુટ આવક થયાનું કહ્યું છે. જોકે મનપા વોટર વર્કસ વિભાગે ભાદરમાં કોઇ પાણી નહીં આવ્યાનું અને ન્યારીનો વધારો સૌની યોજનાના પાણીના કારણે હોવાનું કહ્યું હતું. ૩૪ ફુટના ભાદર ડેમનું લેવલ હાલ ૨૧.૪૦ ફુટ, ૨૫.૦૯ ફુટના ન્યારી-૧ ડેમનું લેવલ ૧૭.૭૦ ફુટ પર પહોંચ્યું છે.

આ બાદ ગત રાતથી જ સૌની યોજનાનું પાણી લેવાનું બંધ કરાયું છે. આ રીતે રાજકોટને પીવાનું પાણી પુરૂ પાડતા ડેમોમાં વરસાદી પાણીની આવકના સામાન્ય સુકન થયા છે. આજી-૧ ડેમાં ૫૭૮.૭૩ અને ન્યારી-૧ ડેમમાં ૫૫૫.૯૭ એમસીએફટી જળ જથ્થો રહેલો છે.



દરમ્યાન સિંચાઇ વિભાગના રીપોર્ટ મુજબ રાજકોટ જિલ્લાના કુલ ૨૭ ડેમ પૈકી ૯ ડેમમાં પાણી આવ્યું છે. ન્યારી-૨માં ૦.૧૬, મોતીસરમાં ૦.૩૧, ફાડદંગ બેટીમાં ૦.૨૩, ભાદર-૨માં ૦.૨૦, ઘેલો સોમનાથમાં ૪ ફુટ પાણીની આવક થઇ છે. આ સિવાય મોરબી જિલ્લાના મચ્છુ-૧ ડેમમાં ૦.૯૮, મચ્છુ-૨માં ૧.૫૭, ઘોડાધ્રોઇમાં ૪.૧૦, બ્રાહ્મણી-૨માં ૧.૯૭ ફુટ પાણીની આવક થઇ છે. જામનગર જિલ્લામાં ઉમિયાસાગર ડેમમાં ૨૪ કલાકમાં ૦.૦૭ ફુટ પાણી આવ્યું છે.

દ્વારકા જિલ્લાના કોઇ જળાશયોમાં ૨૪ કલાકમાં પાણીની આવક થઇ નથી. સુરેન્દ્રનગર જિલ્લામાં વાત કરીએ તો વઢવાણ ભોગાવો-૧ (નાયકા) ડેમમાં ૫.૮૧ ફુટ પાણીની આવક થઇ છે. લીંબડી ભોગવો-૨માં ૭.૮૧ ફુટ પાણી આવ્યું છે. વાંસલ ડેમમાં ૦.૩૩, મોરસલમાં ૧૫.૭૮, સબુડીમાં ૧૮.૦૪, ત્રિવેણી ખાંગામાં ૨.૬૨, નિંભણીમાં ૨.૧૩ અને ધારી ડેમમાં ૮.૨૦ ફુટ પાણી આવ્યાનું સિંચાઇ વિભાગે કહ્યું છે. આ રીતે ચોમાસુ બેસવા સાથે રાજકોટ સહિતના જિલ્લાના જળાશયોમાં પાણીની આવક શરૂ થઇ છે. હજુ પણ પુરૂ ચાલુ સપ્તાહ સારા વરસાદની આગાહી હોય જળાશયોમાં વધુ પાણી આવવાની આશા વ્યકત કરવામાં આવી રહી છે.

# રાજકોટમાં ગુનાખોરી અને ટ્રાફિક સમસ્યાના ગ્રાફમાં ઉછાળો : સોશિયલ મીડિયા પર ફરિયાદોનો મારો

### પોલીસ કન્ટ્રોલ રૂમના ખાસ ત્રણ અધિકારીઓને સોશિયલ મીડિયા મોનિટરિંગનું કામ સોંપાયું

### ફરિયાદો અને રજૂઆતો સીધી પોલીસ મથકના પીઆઇને મળે માટે ખાસ વોટ્સએપ ગ્રુપ કરાયું કાર્યરત

**સમય મિરર | રાજકોટ**

શહેરમાં થતી ટ્રાફિકજામની સમસ્યા, ગુનાખોરીને લગતા પ્રશ્નોના નિરાકરણ લાવવા માટે હવે લોકો સોશિયલ મીડિયા થકી પોલીસ વિભાગને રજૂઆત રૂપે ફરિયાદ કરી રહ્યા છે. કેટલાક માસથી શહેરીજનોએ સોશિયલ મીડિયા પર પોલીસ વિભાગને ફરિયાદો કરતા ઝડપી નિકાલ લાવવાનો પ્રયાસ હાથ ધરાયો છે. જે તે વિસ્તારમાં ચાલતી અસામાજિક પ્રવૃત્તિ કે પછી પોલીસની કનડગત બાબતે હવે લોકો સોશિયલ મીડિયા પર રજૂઆત કે ફરિયાદ કરતા પોલીસ તાત્કાલિક પગલાં લઇ રહી છે. આ માટે શહેર પોલીસ કંટ્રોલરૂમમાં ખાસ ઇન્સપેક્ટર કક્ષાના ત્રણ અધિકારીને તેનું મોનિટરિંગ અને કોમ્યુનિકેશનનું કામ સોંપવામાં આવ્યું છે. છેલ્લા ચાર પાંચ માસમાં X, ઇન્સ્ટાગ્રામ જેવા પ્લેટફોર્મ પર મળતી ફરિયાદોમાં સૌથી વધુ ફરિયાદો ગુનાખોરી અને ટ્રાફિકની લગતી હોવાનું સામે આવ્યું છે. ઉલ્લેખનીય છે કે આ પ્રકારની કામગીરીને કેટલાક અધિકારીઓ કામનું ભારણ પણ માની રહ્યા છે. શહેરીજનોને નડતી સમસ્યાનું નિવારણ હવે એક ક્લીક પર લાવવા માટે પોલીસ વિભાગે પ્રયાસ હાથ ધર્યા છે.



શહેર પોલીસના સોશિયલ મીડિયા પેજ પર અનેક રજૂઆત અને ફરિયાદો મળી રહી છે. જેના નિરાકરણ માટે એક ટીમ તૈનાત કરવામાં આવી છે. ટેકનિકલ બાબતોના જાણકાર અધિકારીઓને આ જવાબદારી સોંપવામાં આવી છે. સાથે જ સોશિયલ મીડિયા પર આવતી ફરિયાદ કે રજૂઆતને સીધી પોલીસ સ્ટેશનના અધિકારીઓ સુધી પહોંચાડવા માટે વોટ્સએપ ગ્રૂપ બનાવવામાં આવ્યું છે. જેવી કોઇ રજૂઆત મળે તે મામલે પહેલા પોસ્ટની લિંક જે તે અધિકારીઓને મોકલવામાં આવે છે. જે બાદ તેમાં શું કાર્યવાહી કરી તેનો ફીડબેક આ રજૂઆતની કોમેન્ટમાં રજૂ કરવામાં આવે છે. છેલ્લા ચાર પાંચ માસમાં પોલીસને આશરે કુલ ૧૫૦૦ જેટલી રજૂઆત રૂપી ફરિયાદો મળી છે. જેનું પોલીસે એનાલિસીસ કરતા ૪૦૦ જેટલી ફરિયાદો ગુનાખોરીને લગતી, ૩૦૦ જેટલી ટ્રાફિકને લગતી જ્યારે બાકીની અન્ય પ્રકારની રજૂઆતો હોવાનું સામે આવ્યું છે. પોલીસ વિભાગની આ કામગીરીથી તાત્કાલિક સમસ્યાનું નિવારણ લાવી દેવામાં આવે છે. સૂત્રોનું માનીએ તો જ્યારે કોઇપણ પ્રકારનો મેસેજ કંટ્રોલરૂમમાં આવે તેની એક ટિકિટ જનરેટ થાય અને તેની નોંધ પાડવામાં આવે છે. જે બાદ તે મેસેજને જે તે પોલીસ સ્ટેશનને આપવામાં આવે છે. મેસેજ મળ્યા બાદ પોલીસ ઉચ્ચ અધિકારીઓને જાણ કરે છે અને મેસેજ બાબતે કાર્યવાહી કરવા રવાના થાય છે. જ્યારે સોશિયલ મીડિયા પર મળતી રજૂઆતરૂપી ફરિયાદોમાં તાત્કાલિક અધિકારીને જાણ કરાતા વિસ્તારમાં પેટ્રોલિંગમાં રહેલી પોલીસ તાત્કાલિક ત્યાં પહોંચીને કાર્યવાહી કરતી હોવાથી ઝડપથી નિકાલ થાય છે.

# શાપર-વેરાવળમાંથી ૮૬ હજારના ગાંજાના જથ્થા સાથે મહિલા ઝડપાઇ

### ગાંજાનો જથ્થો કોની પાસેથી લાવી અને કોને આપવાનો હતો તે મુદ્દે પૂછપરછ કરી

**સમય મિરર | રાજકોટ**

શાપર વેરાવળના ઔદ્યોગિક વિસ્તાર કાગશીયાળી માંથી પોલીસે ૮૬ હજારના ગાંજા સાથે રાજકોટના કોઠારીયા સોલવન્ટ પાસે રહેતી મહિલાની ધરપકડ કરી તેની વિશેષ પૂછપરછ શરૂ કરી છે આ ગાંજાનો જથ્થો તે કોની પાસેથી લાવી અને કોને કોને વેચતી હતી તે બાબતની તપાસ શરૂ કરવામાં આવી છે.

રાજકોટ જિલ્લામાં માદક પદાર્થ ની હેરાફેરી/વેચાણની પ્રવૃતિ કરતા ઇસમોને શોધી કાઢી કડક કાર્યવાહી કરવા ઉચ્ચ પોલીસ અધિકારીઓની સુચનાને આધારે શાપર (વેરાવળ) પોલીસ સ્ટેશન વિસ્તારના કાગશીયાળી ગામની સીમ, માલધારી ચોકથી રાજકોટ જતા નેશનલ હાઇવે રોડ સૌરાષ્ટ્ર હોટલ પાસેથી રાજકોટના કોઠારીયા સોલ્વન્ટ પાસે રસુલ પરા શેરી નંબર ૧૭ રોશની મેડિકલ ની બાજુમાં રજાકભાઈ ને મકાનમાં ભાડેથી રહેતી કરીનબેન ઉર્ફે ફરીદા કરીમભાઈ શાહમદાર (ઉ.વ.30)ને ૮૬,૩૮૦ની કિંમતના ૮ કિલો ૬૩૮ ગ્રામ ગાંજા સાથે ઝડપી લીધી હતી.

રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ તેમજ



જિલ્લા પોલીસ વડા હિમકર સિંહની સૂચના અને માર્ગદર્શન હેઠળ શાપર વેરાવળ પોલીસ મથકના પીઆઈ આર.બી.રાણા તથા પીએસઆઈ વી.જી.જેઠવા તથા એ.એસ.આઇ મયૂરસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ સરવૈયા મહેન્દ્રભાઈ ધાધલ તથા પો કોન્સ.અલ્પેશભાઈ ડામસીયા તથા પો કોન્સ લગ્ધીરસિંહ જાડેજા તથા ધનશ્યામસિંહ જાડેજા તથા અના લોકરક્ષક મનસુખભાઈ ચૌહાણ તથા મહિલા લોકરક્ષક નિમુબેન મેતાએ કામગીરી કરી હતી.

# પત્નીને વચગાળાના ભરણપોષણ પેટે ૭ હજાર ચૂકવવા પતિને કોર્ટનો હુકમ

### ભુવાની સલાહથી પરણિતાને પીયર મોકલી આપનાર પતિ સામે ભરણ પોષણની અરજી કરી’તી

**સમય મિરર | રાજકોટ**

ભુવાની સલાહથી કુળવધૂને પીયર મોકલી આપનાર પતિ સામે પરિણીતાએ કરેલી ભરણ પોષણની અરજીમાં વચગાળાનાં ભરણ પોષણની માંગણી અદાલતે મંજુર રાખી કેસ ચાલે ત્યાં સુધી માસીક રૂ. ૭ હજાર વચગાળાનું ભરણપોષણ ચૂકવવા અદાલતે હુકમ કર્યો છે. અરજદાર કુળવધૂ રીમાબેન કૃણાલભાઈ કાપડીયાએ જણાવ્યા મુજબ, તેમના સાસરીયાઓએ લોધીકા તાલુકાનાં પારડી ગામનાં ભુવ ધીરૂભાઈ મગનભાઈ ધરસુડીયા (પટેલ) પાસે દાણા જોવડાવ્યા હતા, જેમાં સાસરીયાઓને કહેલ કે પપુત્રવધુને પીયર મોકલો, નહીંતર પરિવારમાં મોત થશે, અને દાણાં



એડવોકેટ

જોવામાં સંસાર આગળ ચાલે તેમ નથીથ તેવું અરજદારનાં સાસરીયાઓનાં મગજમાં ઠસાવી દેતા અરજદારનો તેમના પતિએ ત્યાગ કરીને પિયર મોકલી દીધેલ, તેથી અરજદારે લગ્ન સંસાર ચલાવવા તેડી જવા અંગેની નોટીસ તેમનાં પતિને આપી હતી. પરંતુ અરજદારનાં પતિએ બધો દોષ અરજદાર ઉપર નાખેલ અને અરજદારને તેડી ગયેલ નહીં, તેથી નાછુટકે અરજદાર પરિણીતાએ તેમના પતિ કૃણાલભાઈ કાપડીયા વિરૂધ્ધ રાજકોટની ફેમિલી કોર્ટમાં ભરણ પોષણ મેળવવા અરજી કરેલી અને તે અરજીનાં કામે વચગાળાનાં ભરણપોષણ મેળવવા માટે અરજી કરી હતી. ફેમિલી કોર્ટ દ્વારા અરજદાર પરિણીતાને કેસ ચાલતા સુધી વચગાળાનું માસીક રૂ. ૭ હજાર અરજીની તારીખથી ચુકવવાનો પતિ સામે હુકમ કર્યો છે. આ કામે ફરીયાદી તરફે વકીલ તરીકે કેતન એન. સિંધવા તથા પંકજ આર. દોંગા રોકાયા હતા.

### કુવાડવાના રતનપર ગામના મહિલાએ બેભાન હાલતમાં દમ તોડી દેતા કલ્પાંત

# હાર્ટ એટેક : વધુ એક માનવ જિંદગી કાળના ખપ્પરમાં હોમાઈ

**સમય મિરર | રાજકોટ**

રાજયમા દિવસે ને દિવસે યુવાનો અને તરુણોમા હાર્ટ એટેકથી મોતની ઘટનાઓ વધતી જાય છે. રાજકોટમા રોજ બરોજ હાર્ટ એટેકથી ૩ થી ૪ વ્યકિતનાં મોત નીપજે છે. ત્યારે રાજકોટમા હાર્ટ એટેકથી વધુ એક મોત નીપજયુ હોવાની ઘટના સામે આવી છે. એ ઘટનાની વધુ વિગતો જોઈએ તો મોરબી રોડ પર આવેલા કુવાડવા તાબેના રતનપર ગામે રહેતાં જ્યોત્સનાબેન ત્રિકમભાઈ ચૌહાણ (ઉ.વ.૪૫) સાંજે સાડા સાતેક વાગ્યે ઘરે હતાં ત્યારે એકાએક બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ ટુંકી સારવારને અંતે મોત નિપજ્યું હતું. મૃત્યુ પામનાર જ્યોત્સનાબેનના પતિ ત્રિકમભાઇ



મારવાડી કોલેજમાં સિક્યુરીટી ગાર્ડની નોકરી કરે છે. તેમને સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે. હાર્ટએટેક આવી જતાં મૃત્યુ થયાનું ત્રિકમભાઈએ જણાવ્યું હતું. હોસ્પિટલ ચોકીના રામશીભાઈ, મહેશભાઈ, ધર્મેન્દ્રભાઈ, શક્તિસિંહ, પ્રશાંતભાઈએ જાણ કરતાં કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. લક્ષ્મણભાઈ મહાજને જરૂરી કાર્યવાહી કરી હતી.

# જીવન કોમર્શિયલ બેંકના કર્મચારીને ગ્રેચ્યુઈટીની રકમ ચૂકવવા આદેશ

### મહિલા આસિસ્ટન્ટ ઓફિસરનું અવસાન થતાં પતિએ બેંક વિરુદ્ધ ફરિયાદ કરી’તી

**સમય મિરર | રાજકોટ**

આ કેસની ટુંકમાં હકિક્ત એવા પ્રકારની છે કે, જીવન કોમર્શીયલ કો. ઓપ. બેંક લી. માં ઝરણાબેન ઓઝા આસિસ્ટન્ટ ઓફીસર તરીકે તા. ૦૧/૦૩/૨૦૧૭ થી નોકરી કરતા હતા. જેમનું તા. ૦૮/૦૧/૨૦૨૪ ના રોજ અવસાન થયેલ હતું. આથી, તેમના પતિ નિમીષભાઈ ઓઝાએ ગ્રેચ્યુટીની રકમ મેળવવા માટે બેંક સમક્ષ રજુઆત કરેલ હતી. પરંતુ બેંક ધ્વારા એવો જવાબ આપવામાં આવેલ કે, ગુજ, ઝરણાબેન સર્વિસ કોન્ટ્રાકટ મુજબ સેલ્ફ એન્ડ ઈન્ડીપેન્ડન્ટ કોન્ટ્રાકટ ઉપર નોકરી કરતા હતા. જેથી આ કર્મચારીને ગ્રેચ્યુટીની રકમ મળવાપાત્ર નથી.. એથી, નિમિષભાઈ ઓઝાએ રાજકોટના સિનિયર



ધારાશાસ્ત્રી જી. આર. ઠાકર દ્વારા ચુકવણી અધિનિયમ, ૧૯૭૨ હેઠળના નિયંત્રણ અધિકારી સમક્ષ ગ્રેચ્યુટી અરજી કરેલ હતી અને એવી રજુઆત કરેલ હતી કે, મૃતક ઝરણાબેન ઓઝા અને બેંક વચ્ચે જે સર્વિસ કોન્ટ્રાકટ થતો હતો તે પુરો થતા નવો કોન્ટ્રાકટ કરવામાં આવતો હતો. આમ, મૃતક ઝરણાબેનએ ૬ વર્ષ ૧૦ માસ અને ૮ દિવસની જે નોકરી કરેલ હતી તે તમામ નોકરી સળંગ નોકરી ગણવા રજુઆત કરેલ હતી અને ગુજરનારનું પ્રોવીડન્ટ ફંડ પણ કપાત થતું અરજદાર તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા તથા જુબાની અને એડવોકેટ ગાર્ગીબેન જી. ઠાકરની દલીલને ધ્યાને લઈ નિયંત્રણ અધિકારીએ મૃતક ઝરણાબેનની સળંગ નોકરી ઠરાવી ગ્રેચ્યુટીની રકમ રૂ. ૧,૦૦,૯૬૨/- પુરા ૧૦ટકાના વ્યાજ સાથે અરજદાર નિમીષભાઈને ચુકવી આપવા અંગે જીવન કોમર્શીયલ કો. ઓપ. બેંક લી. વિરૂધ્ધ હુકમ ફરમાવેલ છે. આ કામમાં અરજદાર તરફે રાજકોટના એડવોકેટ જી. આર. ઠાકર તથા ગાર્ગીબેન જી. ઠાકર તથા મિલન દુધાત્રા તથા કૃપાલ ઠાકર તથા જીંકલ પટેલ તથા એ. જી. ઠાકર રોકાયેલ હતા.

# વાવણી ટાણે ઝેરી જીવડું કરડી જતાં પરિણતાનું મોત

### રાજકોટના બેડલા ગામની ઘટના મહિલાના મોતથી પરિવારમાં શોક

**સમય મિરર | રાજકોટ**

રાજ્યભરમાં ચોમાસુ બેસી ગયું છે અને અનેક જિલ્લામાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે અને ખેડૂત દ્વારા પોતાના ખેતરમાં વાવણી ચાલુ કરવામાં આવી છે.ત્યારે રાજકોટ શહેરના એરપોર્ટ વિસ્તારમાં આવેલ બેડલા ગામે ખેતરમાં વાવડી કરી રહેલા મહિલાને કોઈ ઝેરી જીવડું કરડી જતા તેમને ઝેરી અસર થઈ હતી અને તેમને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવતા મહિલાએ દમ તોડી દીધો હતો.

વધુ વિગતો અનુસાર,બામણબોર નજીક બેડલા ગામે રહેતા ભાનુબેન ભરતભાઈ ગોહેલ (ઉ.૪૨)પોતે ગઈકાલે સવારે પોતાના ખેતરે વાવણી કરતા હતા ત્યારે અચાનક કોઈ ઝેરી જીવડું કરડી જતા તેમને ગિરિરાજ



હોસ્પિટલમાં ખસેડવામાં આવતા તેમનું સારવારમાં જ મોત નીપજ્યું હતું.આ મામલે એરપોર્ટ પોલીસના પીએસઆઇ મિસ્ત્રી તપાસ ચલાવી રહ્યા છે.મૃતકને સંતાનમાં બે દીકરા છે.ભાનુંબેનના મૃત્યુથી પરિવારમાં શોક છવાઈ ગયો છે.

### રાજકોટમાં બનેલી ઘટના; માતાએ ઘરમાં જોયું તો પુત્ર લટકતો’તો

# પ્યાર પ્યાર ન રહા..મૈત્રીકરારથી સાથે રહેતી પ્રેમિકા છોડીને ચાલી જતાં પ્રેમીનો આપઘાત

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલા ગોવિંદનગરમાં રહેતા યુવાને ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે . આપઘાત કરી લેનારા યુવાને મૈત્રીકરાર કર્યા હતાં. આ યુવતિ તેને છોડીને જતી રહેતાં માઠુ લાગી જતાં પગલુ ભર્યાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે.

જાણવા મળ્યા મુજબ ગોવિંદનગર-રમાં રહેતાં કિશનભાઈ લાલજીભાઈ જાદવ (ઉં.વ.૨૮)નામના યુવાને ઘરમાં ઉપરના માળે છતના હુકમાં કપડા સુકવવાની દોરી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાની જાણ ૧૦૮ના ઈએમટી તબિબ ગીરજાબેન રાઠોડે કરતાં કન્ટ્રોલ ઈન્ચાર્જવી. એચ. ચૌહાણે જાણ ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી.ઘટના જાહેર થતાં હેડકોન્સ. મિહીરસિંહ બારડ, રાઈટર નિલેષભાઈ ડોડીયા સહિતે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડડ્યો હતો.

પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ કિશનભાઈ તેના ઉપરના રૂમમાંથી મોડે સુધી નીચે ન આવતાં તેના માતા ઉપર તપાસ કરવા જતા તે લટકતી હાલતમાં મળતાં કલ્પાંત સર્જાયો હતો. આપઘાત કરનાર કિશનભાઈ છુટક



કામ કરતો હતો. તેના પિતા સેન્ટીંગ કામની મજૂરી કરે છે. કિશનભાઈએ એક યુવતિ સાથે મૈત્રીકરાર કર્યા હતાં. દરમિયાન આ યુવતિ તેને છોડીને જતી રહેતાં ત્યારથી તે ગુમસુમં રહેતો હતો.

આ કારણે પગલુ ભરી લીધાની શક્યતા છે આ ઘટનાની વધુ તપાસ ગાંધીગ્રામ પોલીસ મથકનાં એએસઆઈ વી. વી. જાડેજા ચલાવી રહ્યા છે. યુવાન દિકરાના આ પગલાથી પરિવારમાં કલ્પાંત સર્જાયો છે.

# રાજકોટમાં ચાર વર્ષની બાળકી વીજપોલને અડી જતાં મોત

### માતા સાથે નજીકમાં રહેતા માસીના ઘરે જતી બાળાને કાળ ખેંચી ગયો

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં આવેલા રૈયાધાર વિસ્તારમાં માતા સાથે ચાલીને જતી ચાર વર્ષની બાળકીને વિજથાંભલાથી જોરદાર કરંટ લાગતાં તેનું મોત નિપજતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે.

જાણવા મળ્યા મુજબ રૈયાધાર - મચ્છુનગર સામે મફતીયાપરામાં રહેતી કિંજલ ભૂપતભાઈ ધંધાણીયા - (ઉ.વ.૪) સાંજે સાડા પાંચેક વાગ્યે - પોતાની માતા કંચનબેનની સાથે નજીકમાં રહેતાં માસી ગોરીબેનના ઘરે ગઈ હતી. ત્યાંથી મા-દિકરી પરત પોતાના ઘરે જવા નીકળ્યા ત્યારે વરસાદ ચાલુ હતો. બંને ઘર નજીક પહોંચ્યા ત્યારે વિજથાંભલાના તાણીયા પાસેથી નીકળતી વખતે કિંજલ તાણીયાને અડી જતાં તેમાંથી જોરદાર કરંટ લાગતાં ફેંકાઈ ગઈ હતી અને બેભાન થઇ ગઇ હતી.

બનાવને પગલે દેકારો મચી જતાં લોકો ભેગા થઈ ગયા હતાં. કિંજલના પરિવારજનો પણ દોડી આવ્યા હતાં. તેણીને તુરત જ બેભાન હાલતમાં ઝનાના હોસ્પિટલના બાળકોના વિભાગમાં ખસેડાઈ હતી. પરંતુ સારવાર દરમિયાન તેણીનું મોત નિપજતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. એ-ડિવીઝનના પીએસઓ



વિજયભાઈ નકુમે જાણ કરતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ હિતેષઈ જોરૂભા જોગડાએ હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી કરી બાળકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડયો હતો.

મૃત્યુ પામનાર કિંજલ એક ભાઈથી નાની હતી. તેના માતા-પિતા છુટક મજૂરી અને બકાલુ વેંચી ગુજરાન ચલાવે છે. લાડકવાયી દિકરીના મોતથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ હતી. આસપાસના રહેવાસીઓમાં પણ શોક છવાઈ ગયો હતો.

# ધરમ કરતા ધાડ પડી : રાજકોટમાં પારકા ઝઘડામાં વચ્ચે પડેલો યુવાન ઘવાયો

### જુદા-જુદા બે સ્થળે પરિણતા અને યુવાને ફિનાઈલ પી લેતાં તબિયત લથડી

**સમય મિરર | રાજકોટ**

શહેરમાં ભગવતીપરા વિસ્તારમાં પારકા ઝઘડામાં વચ્ચે પડેલા યુવકને અજાણ્યા શખ્સોએ માર માર્યો હોવાના આક્ષેપ સાથે યુવકને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.



આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, ભગવતીપરામાં રહેતો સમીર અયુબભાઈ સોરા નામનો ૨૯ વર્ષનો યુવાન રાત્રિના બે વાગ્યાના અરસામાં આશાબાપીરની દરગાહ પાસે હતો ત્યારે અજાણ્યા શખ્સો વચ્ચે ચાલતાં ઝઘડામાં છોડાવવા વચ્ચે પડયો હતો. ત્યારે હાથના ભાગે છરી વાગી જતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. આ ઉપરાંત અન્ય બનાવમાં ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતી સાક્ષીબેન દેવાંગભાઈ વાઘેલા નામની ૨૩ વર્ષની પરિણીતાએ બપોરના બે વાગ્યાન અરસામાં પોતાના ઘરે ફિનાઈલ પી લીધું હતું. બીજા બનાવમાં નારાયણનગરમાં રહેતા જેકી ગુણાભાઈ સોલંકી (ઉ.30)એ પોતાના ઘરે હતો ત્યારે કોઈ અગમ્ય કારણોસર ફીનાઈલ ગટગટાવી લીધું હતું. ઉપરોકત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### ઓટોમેટિક પેપર પ્લેટ મશીન બનાવવાનું કામ કરતા કારખાનેદારે નોંધાવી ફરિયાદ

# રાજકોટમાં પૂર્વ કર્મચારીએ કંપનીના ડેટા હરીફ ધંધાર્થીને વેચી માર્યા

**સમય મિરર | રાજકોટ**

લોધિકાના હરીપર તરવડા ગામે સુરભી ગોલ્ડ ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં એશીયન એન્જીનીયરીંગ નામે કંપની ચલાવતા મૂળ લોધીકાના મોટી મેંગણી ગામનાં વતની રાજકોટમાં ૮૦ ફૂટના રોડ પર રામેશ્વર પાર્કમાં રહેતા કારખાનેદારના પૂર્વ કર્મચારીએ ફેકટરીના ડેટા ચોરી કર્યાની પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

કારખાનેદાર ભગવાનજીભાઈ વાલજીભાઈ પાનસુરીયા (ઉ.વ.૪૨) એ લોધીકા પોલીસ મથકમાંનોં ધાવેલી ફરિયાદમાં કંપનીમાં એકાઉન્ટન્ટ અને માર્કેટીંગની નોકરી કરતાં સતીષ મગનભાઈ રાદડીયાએ કંપનીમાંથી ખાનગી ડેટા ઉપરાંત ગ્રાહકોના સંપર્ક સહિતનો ડેટા અન્ય



કંપની સાથે શેર કરી વિશ્વાસઘાત કર્યાનું જણાવ્યું હતું. ભગવાનજીભાઈએ પોલીસને જણાવ્યું કે તેણે તેના ભાઈ અલ્પેશભાઈ સાથે કંપની ચાલુ કરી હતી. ૨૦૨૦માં તેણે આરોપી સતીષ અને તેના ભાઈ ધર્મેશને નોકરી પર રાખ્યા હતાં. સતીષ કંપનીમાં એકાઉન્ટીંગ અને માર્કેટીંગનું કામ કરતો હતો. જ્યારે તેને ભાઈ ધર્મેશ કસ્ટમર સાથે ટેલિફોનિક વાતચીત કરી ફોલોઅપ લેવાનું કામ કરતો હતો. તે કંપનીમાં પહેલા હાઈડ્રોલીક મશીન ઉપર મેન્યુઅલી કામ કરતા હતા. ત્યારબાદ ૧૦ વર્ષથી ઓટોમેટીક પેપર પ્લેટમશીન બનાવવા કવાયત કરતા હતા.

ત્યારબાદ તેમણે ૩૦૦ પેકેટનું ઉત્પાદન થઈ શકે તેવી ફુલ્લી ઓટોમેટીક મશીન બનાવ્યું હતું. તે પ્રથમ ૩૦૦ પેકેટનું ઉત્પાદન થઈ શકે તેવા મશીન મેન્યુફેકચરીંગ કરતા હોવાથી તેના બદલે ૧૨૦૦ પેકેટ ઉત્પાદન થઈ શકે તેવા મશીનનું મેન્યુફેક્ચરીંગ કરવા માટે મશીનનો ડેટા કંપનીના કોમ્પ્યુટરમાં રાખ્યો હતો. જેકોમ્પ્યુટર પર આરોપી સતીષ બેસતો હતો. તેણે કંપનીને જાણ કર્યા વગર આ ખાનગી ડેટા લઈ જેતપુરમાં વિપુલભાઈ પટેલ નામના શખ્સ સાથે વેસ્પા એન્જીનીયરીંગ સોલ્યુશન નામે ભાગીદારીમાં પેઢી ચાલુ કરી હતી. આ બાબતે જાણ થતા તેણે આરોપીને છુટ્ટો કરી દીધો હતો. ત્યારબાદ તેને જાણ થઈ થઈ હતી કે, આરોપીએ તેના કોમ્પ્યુટરમાંથી ગ્રાહકોના સંપર્ક અને ડેટા તેમજ ફુલ્લી ઓટોમેટીક પેપર પ્લેટ બનાવવાનો ડેટા પણ લઈ લીધો છે અને હરીફ કંપનીમાં ભાગીદારીમાં રહી કંપનીનો ડેટા શેર કર્યો છે. આ રીતે તે સાત વર્ષથી મહેનત કરી જે મશીન મશીન આરોપીએ હરીફ કંપનીમાં ડેટા લઈ બનાવી રહ્યાની જાણ થતા ફરિયાદ નોંધાવી હતી.

# રાજકોટમાં પાડોશી પરિવાર વચ્ચે મારામારી : પિતા-પુત્ર સહિત ત્રણને ઈજા

### બન્ને પક્ષે સામસામે ઘવાયેલા ત્રણેય ઈજાગ્રસ્તોને સારવારમાં ખસેડાયા

**સમય મિરર | રાજકોટ**

આજી જીઆઈડીસીમાં આવેલા આનંદનગરમાં શ્રમિક પાડોશી પરિવાર વચ્ચે નજીવા પ્રશ્ને મારામારી થઈ હતી. જેમાં પુત્રા-પુત્ર સહિત ત્રણ વ્યક્તિને ઈજા પહોંચતાં સારવારમાં ખસેડાયા હતાં.

આ બનાવ અંગે જાણવા મળતી વિગત મુજબ, આનંદનગરમાં રહેતી ગુડીયાબેન મેનુદીનભાઈ ઈદ્રીશ (ઉ.૪૦) રાત્રીના પોતાના ઘર પાસે હતી ત્યારે પાડોશમાં રહેતાં પ્યારેલાલ તેના પુત્ર ખુશ્બુભાઈ સહિતનાએ પાઈપ વડે માર માર્યો હતો. જ્યારે વળતા પ્રહારમાં પ્યારેલાલ કમરુદીનભાઈ બાગવાન (ઉ.૪૯) અને ખુશ્બુ પ્યારેલાલ બાગવાન ઉપર સલમાન અને મેનુદીન સહિતના શખ્સોએ પાઈપ વડે હુમલો કરી માર



માર્યો હતો. મારામારીમાં સામસામા પક્ષે ઘવાયેલ પિતા-પુત્ર અને પરિણીતાને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. પ્રાથમિક પુછપરછમાં ગુડીયાબેને આક્ષેપ કર્યો છે કે હુમલાખોર ખુશ્બુ ત્રણ દિવસથી પીછો કરતો હતો અને ગુડીયાબેન વિશે એલફેલ બોલતો હતો જેથી તેને સમજાવતાં હુમલો કર્યાનો આરોપ લગાવ્યો છે. આ અંગે થોરાળા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## રાજાઓના રાજા મેઘરાજાની શાહી સવારી : ભાવનગર-અમરેલી-બોટાદ પંથકમાં

# મેઘ તાંડવ : 4 મોત, 5 લાપતા



### ભાવનગર પંથકમાં 16 ઈંચ, અમરેલી પંથકમાં 9થી 10 ઈંચ અને બોટાદ પંથકમાં 14 ઈંચ વરસાદ

## વરસાદી પાણીમાં ફસાયેલા 100થી વધુ લોકોનું રેસ્ક્યુ કરાયું : જમીન ત્યાં જળ જેવી સ્થિતિ

**સમય મિરર | ભાવનગર/અમરેલી/બોટાદ**

સમગ્ર સૌરાષ્ટ્ર-ગુજરાતમાં વરસાદી સિસ્ટમ સક્રિય થતાં સૌરાષ્ટ્રના અમરેલી, બોટાદ અને ભાવનગર પંથકમાં ૨૪ કલાકથી મેઘરાજા તાંડવ કરી રહ્યા છે. ત્રણેય પંથકના અલગ અલગ વિસ્તારોમાં મેઘરાજાએ રૌદ્રરૂપ ધારણ કરતા જમીન ત્યાં જળ જેવી સ્થિતિ સર્જાઈ છે. ભાવનગર પંથકમાં ૧૬ ઈંચ જેવો વરસાદ ખાબકી ગયો છે. જ્યારે અમરેલી પંથકમાં ૧૦ અને બોટાદ પંથકમાં પણ ૧૪ ઈંચ જેટલો વરસાદ પડ્યો હોવાનું સુત્રોમાંથી જાણવા મળ્યું છે. આ વરસાદના કારણે નદીઓમાં પુરની સ્થિતિ સર્જાઈ છે. ચો તરફ પાણી વહેવા લાગતા અનેક લોકો પાણીમાં ફસાયા હોવાના પણ વાવડ તંત્ર સુધી પહોંચતા રેસ્ક્યુ કામગીરી હાથ ધરાઈ હતી. જ્યારે અલગ અલગ વિસ્તારોમાં પુરના વહેતા પાણીમાં કાર તણાતા ૪ લોકોના મોત નિપજ્યા છે. જ્યારે આ પાણીમાં પાંચ લોકો લાપતા થયા હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત પીપાવાવ વિસ્તારમાં તથા પાલિતાણા અને મહુવા પંથકમાં ફસાયેલા ૧૦૦થી વધુ લોકોનું તંત્રએ રેસ્ક્યુ કર્યુ હતું. હજુ પણ બે દિવસ તા. ૧૯ સુધી અનરાધાર વરસાદની તંત્ર દ્વારા આગાહી કરવામાં આવી છે. પુરગ્રસ્ત વિસ્તારોમાં એનડીઆરએફની ટીમો તૈનાત કરી દેવામાં આવી છે. હાલ પણ બચાવકામગીરી કરી રહી છે.

નૈઋત્યના ચોમાસુ ગત તા.૨૬મેના મુંબઈ સુધી આવીને ત્રણ સપ્તાહથી સૌરાષ્ટ્ર-ગુજરાત ભણી આગળ અટકી ગયું હતું અને આજે મેઘરાજા એકદમ પૂરા જોશ સાથે આગળ વધ્યા છે. ભાવનગર જિલ્લામાં ૧૫થી ૧૬ ઈંચ, અમરેલી જિલ્લામાં ૧૦ ઈંચ સુધી, બોટાદ જિલ્લામાં પણ ૭થી ૧૪ ઈંચ સુધી, જુનાગઢ જિલ્લામાં ૫ ઈંચ સુધી તથા રાજકોટ, દ્વારકા, ગીર સોમનાથ વગેરે જિલ્લામાં પણ બે-અઢી ઈંચ મુશળધાર વરસાદ ચોમાસાના આગમન સાથે જ વરસ્યો છે.

દક્ષિણ ગુજરાત ઉપર હવાનું સાયક્લોનિક સર્ક્યુલેશન આજે સર્જાયું હતુ જે આવતીકાલ સુધીમાં અતિ ભારે વરસાદ વરસાવે તેવા લોપ્રેસર સર્જાવાની શક્યતા છે. આ ભારે વરસાદ લાવતા મીની વાવાઝોડા જેવી સીસ્ટમ ઉત્તર, ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધશે. એકંદરે ભારે વરસાદ માટે સાનુકૂળ સંજોગો સર્જાયા છે જેના પગલે આવતી કાલ સુધીમાં નૈઋત્યનું ચોમાસુ ગુજરાતના બાકી રહેલા વિસ્તારોમાં પ્રવેશ કરશે. સૌરાષ્ટ્રમાં, ખાસ કરીને જુનાગઢ, ગીર સોમનાથ અને દિવ પંથકમાં અતિશય ભારે વરસાદનું રેડએલર્ટ તથા સુરત, ભરૂચ, નવસારી, વલસાડ, દમણ અને રાજકોટ, પોરબંદર, અમરેલી, ભાવનગર જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ અને બાકીના મોરબી, દ્વારકા, કચ્છ, જામનગર, ગાંધીનગર, અમદાવાદ સહિત લગભગ તમામ જિલ્લાઓમાં ગાજવીજ અને તીવ્ર પવન સાથે હળવાથી ભારે વરસાદનું યલો એલર્ટ જારી કરાયું છે.

દરમિયાન ગઈકાલથી ગુજરાતમાં મેઘસવારી ગાજી રહી છે. આજે સવારથી પણ સમગ્ર રાજ્યમાં ક્યાક હળવો તો ક્યાંક અતિ ભારે વરસાદ ખાબકી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૧૯૫ તાલુકામાં વરસાદ વરસ્યો છે. ૧૧ તાલુકામાં ૫ ઈંચથી ૧૪ ઈંચ સુધી વરસાદ નોંધાયો છે. જ્યારે ૫૧ તાલુકામાં ૧ ઈંચથી ૫ ઈંચ સુધી વરસાદ નોંધાયો છે. ગુજરાતમાં સૌથી વધુ ભાવનગરના પાલિતાણા ૧૫ ઈંચ વરસાદ નોંધાયો છે. જેસર અને સિહોરમાં ૧૧ ઈંચ વરસાદ પડ્યો હોવાનું તથા બોટાદ પંથકમાં ૭થી ૧૪ ઈંચ વરસાદ તુટી પડ્યો છે. ખાસ કરીને આ વરસાદમાં મોતની ઘટના પણ સામે આવી છે. જેમાં રાજુલાના ઉટિયા, રાજપરા વચ્ચે અને બાબરાના કુંડળ ગામ પાસે બે કાર પુરના પાણીમાં તણાઈ હતી. જેમાં બે વ્યક્તિઓના મોત નિપજ્યા છે. જ્યારે બોટાદના લાઠીદડથી સાગાવદર જવાના રસ્તે ગંભીર અકસ્માત સર્જાયો છે. બાલા સુરધન પાસે ધોધમાર વરસાદને કારણે વોકળામાં પાણી ભરાયા હતા. આ દરમિયાન એક ઈકો કાર પાણીના પ્રવાહમાં તણાઈ ગઈ. કારમાં પ્રિયંકભાઈ ચૌહાણ અને તેમના પરિવારના સભ્યો સહિત કુલ ૯ લોકો સવાર હતા. અકસ્માત બાદ પ્રિયંકભાઈ અને યશવંતભાઈનો આબાદ બચાવ થયો છે. જ્યારે આજે બે મહિલાના મૃતદેહ મળ્યા છે. જો કે, અન્ય ૫ લોકો હજુ પણ લાપતા છે. વડોદરાથી NDRFની ટીમ બોટાદ આવવા રવાના થઈ ગઈ છે. સ્થાનિક લોકોએ હાલ ગાડીને પાણીમાંથી બહાર કાઢી છે. જ્યારે નયનાબેન યશવંતભાઈ વાવેતા (ઉં.વ.૪૫ રહે વિંછીયા), મંજુબેન કનુભાઈ વાવેતા (ઉં.વ.૭૨), ગીતાબેન મહેશભાઈ ચૌહાણ (ઉં.વ.૪૮ રહે.લાઠીદડ), હિતુબેન મહેશભાઈ ચૌહાણ (ઉં.વ.૨૨ રહે.લાઠીદડ), બાબુભાઈ તુલશીભાઈ ચૌહાણ (ઉં.વ.૭૫ રહે. શીવરાજગઢ, ગોંડલ), શારદાબેન બાબુભાઈ ચૌહાણ ઉં.વ. ૭૨ રહે. શીવરાજગઢ, ગોંડલ), ઉર્વશીબેન મહેશભાઈ ચૌહાણ (ઉં.વ.૨૯ રહે. શીવરાજગઢ,ગોંડલ)નામના વ્યક્તિઓ લાપતા હોય તેમની શોધખોળ માટે એનડીઆરએફની ટીમ બોલાવામાં આવી છે. આમ અમરેલી, ભાવનગર અને બોટાદ પંથકમાં ૨૪ કલાક દરમિયાન પડેલા વરસાદથી નદી-નાળાઓ ભરાઈ ચૂક્યા છે. જ્યારે ખેતરો પણ પાણીથી છલોછલ ભરાઈ જતાં ધોવાણ થઈ ગયું છે. એક દિવસમાં જ આખા વર્ષનું પાણીની અછત દૂર કરી દીધી છે.

## મહુવાના વડલીમાં 5 મકાન ધરાશાય 250થી વધુ મકાનોમાં પાણી ઘુસ્યા

ભાવનગરમાં પાલિતાણા, સિહોર, જેસર, ઉમરાળા અને વલ્લભીપુરમાં ધોધમાર વરસાદથી નદીઓમાં પૂર આવ્યા અને જિલ્લામાં અનેક રસ્તાઓ બંધ થતા વાહનવ્યવહાર પ્રભાવિત થયો.મહુવામાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરતા વડલી ગામમાં ૨૫૦ જેટલા મકાનોમાં પાણી ઘૂસ્યા. ઘરોમાં વરસાદી પાણી ઘૂસતા ઘરવખરીને નુકસાન થયું છે. ઘરમાં રહેલો સામાન પાણીમાં ગરકાવ થતા રોજિંદી જરૂરિયાત પૂર્ણ કરવા મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ઘરોમાંથી પાણી બહાર કાઢવા લોકો ભૂખ્યા તરસ્યા કાદવ કીચડ સાફ કરી રહ્યા છે. વડલીમાં ભારે વરસાદે તારાજી સરજી. વડલીમાં ભારે વરસાદના કારણે ૫ મકાન ધરાશાયી થવાની ઘટના સામે આવી છે. મકાન ધરાશાયી થવાની ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર સામે આવ્યા નથી. મકાનમાં પાણી ઘૂસતા લોકોને પારવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. કયાંક નાના ભૂલકા ઘર સાફ કરી રહ્યા છે તો કયાંક ઘોડિયામાં છત વગર ઘોડિયામા સુતા જોવા મળે છે. લોકો રાહ જોઈ રહ્યાં છે કે કયારે તંત્ર અને સરકાર મદદમાં આવશે. મહુવા શહેર તેમજ ગ્રામ્યમાં અંદાજે ૧૦ ઈંચ વરસાદ વરસ્યો. ગઈ કાલે આવેલ વરસાદે મહુવા શહેર તેમજ ગ્રામ્યને ધમરોળી નાખ્યું. સમયસર ચોમાસુ આવી ગયુ પણ ચોમાસુ બેસતા જ પહેલી ઈનિંગમા ઠેર ઠેર પાણી પાણી થઈ ગયું હતું.



### પાલીતાણા પંથકમાં 14 રસ્તાઓ બંધ

## રંઘોળી નદી પરના પુલ પર પાણી ફરી વળતા અમદાવાદ હાઈ-વે બંધ કરાયો

ભાવનગર જિલ્લામાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી છે. જિલ્લાના તમામ ૧૦ તાલુકામાં છેલ્લા ૨૪ કલાકમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. સૌથી વધુ પાલીતાણા પંથકમાં ૧૬ ઈંચ વરસાદ પડ્યો છે. સિહોર પંથકમાં સવા ૧૨ ઈંચ, જેસર ૧૪ ઈંચ, મહુવા અને ઉમરાળામાં ૯ ઈંચ, તળાજા અને ગારીયાધારમાં ૬ ઈંચ વરસાદ નોંધાયો છે. સૌથી ઓછો વરસાદ ઘોઘા પંથકમાં ૨ ઈંચ નોંધાયો છે. ભારે વરસાદને કારણે અમદાવાદ-ભાવનગર હાઈવે બંધ કરવામાં આવ્યો છે. રંઘોળી નદી પરના પુલ પર પાણી ફરી વળ્યું છે. ચોગઠ નજીક ચમારડી પાસેના પુલ પરથી પાણી વહી રહ્યું છે. આ કારણે બંને તરફ વાહનોની લાંબી કતારો લાગી છે. જિલ્લા તંત્ર દ્વારા કુલ ૧૪ રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે. તળાજામાં ૨, પાલીતાણામાં ૩, ઉમરાળામાં ૧, વલ્લભીપુરમાં ૧, મહુવામાં ૨, ઘોઘામાં ૧, સિહોરમાં ૩ અને ગારીયાધારમાં ૧ રસ્તો બંધ છે. પાલીતાણામાં બુઢણાથી જોડતા કોઝવેની રેલિંગ પાણીના પ્રવાહમાં તણાઈ ગઈ છે. જિલ્લાની અનેક નદીઓ બે કાંઠે વહી રહી છે. શહેરના અનેક વિસ્તારોમાં ઘૂંટણથી કેડ સમા પાણી ભરાયા છે. ભારે વરસાદને કારણે અનેક ગામો સંપર્કવિહોણા બન્યા છે.






## ભાવનગર પંથકમાં ભારે વરસાદથી 156 ગામોમાં અંધારપટ્ટ 128 વીજપોલ ધરાશાયી

ભાવનગર જિલ્લામાં છેલ્લા બે દિવસથી સાંબેલાધાર વરસાદ વરસી રહ્યો છે. જેના કારણે જિલ્લામાં તારાજી સર્જાઈ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. પાણીની આવક થતાં નદી નાળા છલકાઈ ગયાં છે. અનેક ગામોમાં રોડ રસ્તા ધોવાઈ ગયાં છે. જ્યારે કેટલાક ગામો સંપર્ક વિહોણા બન્યાં છે. ભારે વરસાદને કારણે ભાવનગરના ૧૫૬ ગામોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે. જિલ્લાના ૧૫૬ ગામમાં વીજ સેવાઓ ખોરવાતા અંધારપટ્ટ છવાયો છે. આ ઉપરાંત પાલીતાણા અને મહુવા તાલુકાઓ માં ૧૨૮ જેટલા વિજપોલ ધરાશાયી થયા અને ૫ ટ્રાન્સફોર્મર ક્ષતિગ્રસ્ત બન્યા છે. ભાવનગર જિલ્લાના પાલીતાણાના ૧૫, મહુવાના ૫૪, ઘોઘાના ૧૯, વલ્લભીપુર અને સિહોરના ૬૮ સહિત ૧૫૬ ગામમાં વીજ પુરવઠો બંધ રહેતા અંધારપટ્ટ છવાયો છે. આ ઉપરાંત જિલ્લામાં ૧૨૮ વીજપોલ ધરાશાયી થયાં છે અને ૫ ટ્રાન્સફોર્મર ક્ષતિગ્રસ્ત બન્યા છે.

## તોતણીયાળા ગામ સંપર્ક વિહોણું, ત્રણેય બાજુથી ગામ ઘેરાયું

ચોમાસાની સત્તાવાર શરૂઆત પહેલા જ મેઘરાજાએ સૌરાષ્ટ્રમાં પોતાનો પ્રભાવ બતાવવાનું શરૂ કરી દીધું છે. ભાવનગર અને બોટાદ જિલ્લાની સરહદ પર આવેલા તોતણીયાળા ગામની સ્થિતિ ચિંતાજનક બની છે. કેરી નદીના જળસ્તરમાં અચાનક વધારો થતાં ગામ ત્રણ બાજુથી પાણીથી ઘેરાઈ ગયું છે. કેરી નદીનું પાણી ગામના પાદર અને પરા વિસ્તારમાં ફરી વળ્યું છે. આના કારણે ગામના લોકો પોતાના જ ગામમાં ફસાઈ ગયા છે. તેઓ ન તો અન્ય ગામમાં જઈ શકે છે, કે ન તો સીમમાં પહોંચી શકે છે. જન જીવન પ્રભાવિત થયું છે. લાંબા સમય બાદ કેરી નદીએ આવું વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. ખેડૂતોના ખેતરોમાં પણ વરસાદી પાણી ઘૂસી જવાથી જમીનનું ધોવાણ થઈ રહ્યું છે. પાકને વ્યાપક નુકસાન થવાની આશંકા છે. આ પરિસ્થિતિમાં સ્થાનિક લોકોને તાત્કાલિક સરકારી મદદની જરૂર છે.



## છાપરીની જોલાપરી, વાવેરાની ઘાણો, બર્બટાણાની ધિયાલ નદીમાં પૂર : ધાતરવાડી-1 ડેમ પ્રથમ વરસાદમાં જ ઓવરફ્લો

રાજુલાના ડુંગર, મોરંગી, માંડળ, સાંજણાવાવ, રાભડા, કુંભારીયા, દેવકા, નવી-જુની માંડરડી, છતડીયા વાવેરા, ધારેશ્વર, બર્બટાણા, ખારી, ખેરાળી, છાપરી સહિત આસપાસના ગામોમાં ધોધમાર વરસાદ વરસ્યો હોવાના અહેવાલ મળી રહ્યા છે. ભારે વરસાદને પગલે ખેડૂતોના ખેતરોમાં પાણી ઘુસી ગયાં હતાં. જેથી ભારે નુકસાન થયું હતું. ખેડૂતોમાં કભી ખુશી કભી ગમ નો માહોલ સર્જાયો હતો. અતિભારે વરસાદને કારણે રાજુલાના મોરંગી ગામની રામતલિયા નદીમાં ઘોડાપૂર આવ્યું હતું. નદી બે કાંઠે વહેતી થઈ હતી. તેમજ સાંજણાવાવ ગામે સ્થાનિક નદીમાં પણ ઘોડાપૂર આવ્યું હતું. અને વરસાદી પાણી ગામમાં ભરાયા હતાં. છાપરી ગામે ધોધમાર વરસાદને પગલે જોલાપરી નદીમાં પૂર આવ્યું હતું. જોલાપરી નદીમાં ઘોડાપૂર આવતા નદી ગાંડીતૂર બની હતી. નદીમાં બે કાંઠે વહેતા પૂરને નિહાળવા ગ્રામજનો ઉમટ્યાં હતાં. આ સાથે વાવેરા ગામે ભારે વરસાદ પડતા વર્ષો બાદ પ્રથમવાર ઘાણો નદીમાં ઘોડાપૂર આવ્યું હતું અને નદીનાં પાણી વાવેરા ગામમાં ઘૂસ્યા આવ્યા હતાં. વાવેરા ગામમાં પાણી ઘૂસતા ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા હતા. તેમજ બર્બટાણા ગામે ધિયાલ નદીમાં ઘોડાપૂર આવ્યું હતું. બીજી તરફ રાજુલાના દેવકા ગામે આવેલ જોલાપરી નદીમાં ઘોડાપૂર આવ્યું હતું.

## જસદણ પંથકમાં 2 થી 4 ઈંચ

જસદણ પંથકમાં ગઈકાલે સાંજે મેઘ સવારી આવી પહોંચતા શહેર અને તાલુકામાં વહેલી સવાર સુધીમાં અંદાજે ચાર ઈંચ વરસાદ પડ્યો હતો. જસદણ શહેર ઉપરાંત તાલુકાના લીલાપુર, ગઢડીયા,શિવરાજપુર, બાખલવડ, કમળાપુર, કડુકા, કનેસરા, ગોખલાણા, આટકોટ, વીરનગર, જીવાપર, પારેવાળા, ગઢડીયા સહિતના ગામડાઓમાં આખી રાત દરમિયાન ઝરમર થી લઈને ધોધમાબે ઈંચ વરસાદ વરસાદ પડ્યો હતો. જસદણ શહેરમાં આખી રાત દરમિયાન વરસાદ પડતા વહેલી સવાર સુધીમાં ૧૦૩ એમએમ એટલે કે ચાર ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

## અમરેલીના હડમતિયા-દેવકા વચ્ચે 25 ઘેટાં તણાયા, ધાતરવાડીમાં ત્રણ ભેંસ ડૂબી

ધોધમાર વરસાદથી પાણી ભરાયા હતા. વિકટર ગામે નેશનલ હાઈ-વેના કારણે પાણીનો પ્રવાહ અટકી જતા પાણી લોકોના ઘરોમાં ઘૂસ્યા હતા. વાવેરા ગામે નદીમાં પૂર આવતા હનુમાનજી મંદિરે બે લોકો ફસાતા સ્થાનિકો દ્વારા રેસ્ક્યુ કરાયા હતા. રાજુલાના હડમતિયા અને દેવકા વચ્ચે ધસમસતા પાણીના પ્રવાહમાં ૨૫ જેટલાં ઘેટાં તણાયા હતા. તેમાંથી ૧૦ ઘેટાંને લોકો દ્વારા બચાવી લેવાયા હતા. ધાતરવાડી ડેમમાં ૩ ભેંસો ડૂબી હતી.

## ભાવનગરમાં ભારે વરસાદથી બે દિવસ શાળા-કોલેજ બંધ

ભાવનગર જિલ્લામાં ભારે વરસાદની સ્થિતિને લઈને શાળા-કોલેજ બંધ રહેશે. જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા શાળા કોલેજ બંધ રાખવા આદેશ આપવામાં આવ્યા છે. ભારે વરસાદને પગલે બે દિવસ સુધી ભાવનગર શહેર અને જિલ્લાની શાળા કોલેજો બંધ રહેશે. જિલ્લામાં પડી રહેલા અવિરત વરસાદના પગલે આવો નિર્ણય લેવામાં આવ્યો છે. ભાવનગર જિલ્લામાં ધોધમાર વરસાદ સાથે જ ચોમાસાની શરૂઆત થઈ ગઈ છે. વરસાદના લીધે જળાશયોમાં નવા નીર આવ્યા આવ્યા સાથે જ વાતાવરણમાં ઠંડક પ્રસારાઈ ગઈ છે. જેથી ખેડૂતોમાં આનંદનો માહોલ છે. ભાવનગર જિલ્લામાં જેસર તાલુકામાં મેઘરાજા મન મૂકીને વરસ્યા છે. જેસર તાલુકામાં સવા ૯ ઈંચ વરસાદ નોંધાયો છે. આ સિવાય શાંતિનગર, તાતણીયા, ઈંટીયા, કરલા, સરેરા, કોટામોઈ, બિલા, અયાવેજ, રાણપડા, છાપરીયાળી, દેપલા સહિતના ઘણા ગામોમાં પણ વરસાદ આવ્યો છે.

